ન્યુ રીનોવેટેડ A/C
લગ્નહોલ
A/C. હોલ તેમજ જમણ સાથે
હોટલ ભાભા
આકાશવાણી ચોક સામે, રાજકોટ. ફોન : ૨૨૨૦૮૬૧ થી ૬૬

પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક ®

સાંધ્ય દૈનિક

ગ્રામ્ય આવૃત્તિ પાનાઃ ૧૨
તા. ૨૮-૩-૨૦૨૬, શનિવાર
વર્ષઃ ૧૫, અંકઃ ૧૮

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281-2461234, 2460999 ✆ 94266 72303 abataknews@gmail.com @abtakmedia

અપ્પુ જથ્થાબંધ ખરીદો જથ્થાબંધ ફાયદો
સૌરાષ્ટ્રની પ્રખ્યાત
ચણાદાળ
વ્યાપારિક પૂછપરછ આવકાર્ય
9824200970
હેલ્પર જોઈએ છે


### ટ્રમ્પના ૧૦ દિવસના સિઝફાયરના એલાન પછી પણ યુધ્ધ ભીષણ બન્યું

# ઈરાનના ન્યુક્લિયર પાવર પ્લાન્ટ પર મોટો હુમલોઃ યુધ્ધ વધુ ભયાનક બનવાની દહેશત

## ઈરાને વળતા જવાબમાં સાઉદી અરેબિયા સ્થિત અમેરિકન સૈન્ય બેઝ પર કર્યો હુમલો

**અબતક, નવી દિલ્હી**

મધ્ય પૂર્વમાં ચાલી રહેલો સંઘર્ષ હવે ચરમસીમાએ પહોંચ્યો છે. ઈરાનના સરકારી મીડિયાના દાવા મુજબ, ઈરાનના અત્યંત સંવેદનશીલ ગણાતા ખોંદાબ ન્યુક્લિયર પાવર પ્લાન્ટ પર અમેરિકા અને ઈઝરાયલ દ્વારા મોટો હુમલો કરવામાં આવ્યો છે. આ હુમલામાં હેવી-વોટર રિએક્ટર અને યલોકેક પ્રોડક્શન પ્લાન્ટને નિશાન બનાવવામાં આવ્યા છે. બીજી તરફ ઈરાને વળતા જવાબમાં સાઉદી અરેબિયા સ્થિત અમેરિકન સૈન્ય બેઝ પર હુમલો કર્યો છે.



ઈરાનના અત્યંત સંવેદનશીલ ગણાતા 'ખોંદાબ' ન્યુક્લિયર પ્લાન્ટ પર ભીષણ હુમલો કરવામાં આવ્યો છે. અમેરિકા અને ઈઝરાયલ દ્વારા કરવામાં આવેલા આ હુમલામાં હેવી-વોટર રિએક્ટરને મુખ્ય નિશાન બનાવવામાં આવ્યું છે. આ હુમલામાં પરમાણુ બોમ્બ બનાવવા માટે વપરાતા 'યલોકેક' પ્રોડક્શન પ્લાન્ટ પર ૧૦ થી વધુ બોમ્બ ઝીંકવામાં આવ્યા છે. હુમલા બાદ પ્લાન્ટની આસપાસ કાળો ધુમાડો જોવા મળ્યો હતો, જોકે રેડિયેશનના કોઈ સંકેત મળ્યા નથી.

હુમલા બાદ ઈરાનની સૈન્ય પાંખ આઈઆરજીસી એ વળતો પ્રહાર કરવાની જાહેરાત કરી છે. ઈરાને અમેરિકા અને ઈઝરાયલ સાથે જોડાયેલા ઉદ્યોગોમાં કામ કરતા કર્મચારીઓને તાત્કાલિક ઓફિસ છોડી દેવા માટે અલ્ટીમેટમ આપ્યું છે. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે અગાઉ ૧૦ દિવસ માટે હુમલા રોકવાની (સીઝફાયર) વાત કરી હતી, પરંતુ આ જાહેરાત વચ્ચે જ પરમાણુ પ્લાન્ટ પર થયેલા હુમલાએ સમગ્ર વિશ્વમાં આશ્ચર્ય અને તણાવ વધારી દીધો છે. વળતા હુમલાની ભીતિને પગલે ઈરાને ઔદ્યોગિક

(અનુ. આઠમા પાને)

### રશિયાએ પેટ્રોલની નિકાસ ઉપર મુક્યો પ્રતિબંધ

રશિયાએ ૧ એપ્રિલ, ૨૦૨૬ થી પેટ્રોલની નિકાસ પર પ્રતિબંધ મૂકવાનો મોટો નિર્ણય જાહેર કર્યો છે. આ નિર્ણયનો મુખ્ય હેતુ દેશની અંદર પૂરતો પુરવઠો જાળવી રાખવાનો અને ભાવવધારો અટકાવવાનો છે. આ નિર્ણય એવા સમયે લેવામાં આવ્યો છે જ્યારે પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા તણાવને કારણે વિશ્વભરમાં તેલ અને પેટ્રોલિયમ ઉત્પાદનોના ભાવમાં વધઘટ થઈ રહી છે. રશિયન નાયબ વડા પ્રધાન એલેક્ઝાન્ડર નોવાકની અધ્યક્ષતામાં એક મહત્વપૂર્ણ બેઠકમાં દેશના પેટ્રોલિયમ બજારની પરિસ્થિતિની સમીક્ષા કરવામાં આવી હતી. બેઠકમાં જાણવા મળ્યું હતું કે આંતરરાષ્ટ્રીય બજારમાં અસ્થિર ભાવ હોવા છતાં, રશિયા પાસે પૂરતો અનામત અને ઉત્પાદન ક્ષમતા છે. તેમ છતાં, સરકારે સ્થાનિક બજારમાં કોઈપણ અછત અથવા ફુગાવાને ટાળવા માટે સાવચેતીના પગલા તરીકે નિકાસ બંધ કરવાનો નિર્ણય લીધો હતો.

### ટ્રમ્પે સ્ટ્રેટ ઓફ હોર્મુઝને સ્ટ્રેટ ઓફ ટ્રમ્પ ગણાવ્યું!

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ફરી એકવાર તેમના નિવેદન માટે ચર્ચામાં છે. આ વખતે, તેમણે વિશ્વના સૌથી મહત્વપૂર્ણ દરિયાઈ માર્ગોમાંથી એક, હોર્મુઝ સ્ટ્રેટનો ઉલ્લેખ ‘‘ટ્રમ્પ સ્ટ્રેટ‘‘ તરીકે કર્યો, જેનાથી આંતરરાષ્ટ્રીય ચર્ચા શરૂ થઈ. ફ્લોરિડામાં એક કાર્યક્રમમાં બોલતા, ટ્રમ્પે કહ્યું, ‘‘તેઓએ ટ્રમ્પ સ્ટ્રેટ ખોલવો પડશે... મારો મતલબ હોર્મુઝ છે. માફ કરશો, તે એક ભૂલ હતી. તેમનું નિવેદન તરત જ સોશિયલ મીડિયા અને રાજકીય વર્તુળોમાં વાયરલ થઈ ગયું.

## અમારે નાટોની કોઈ જરૂર નથીઃ ટ્રમ્પ



અમેરિકા અને નાટો વચ્ચે હવે તલવાર ખેંચાઈ ગઈ છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ નાટો પર ગુસ્સે છે. તેઓ વારંવાર નાટો દેશોની ટીકા કરે છે. જ્યારે પણ તક મળે છે. આ વખતે, તેમણે સ્પષ્ટ સંકેત આપ્યો છે કે અમેરિકા અને નાટો અલગ થવાના છે. હા, જો ડોનાલ્ડ ટ્રમ્પનું માનવું હોય તો, અમેરિકા હવે નાટો છોડી દેશે. ડોનાલ્ડ ટ્રમ્પે શુક્રવારે કહ્યું હતું કે અમેરિકાને નાટોમાં રહેવાની જરૂર નથી. આ નિવેદનથી ટ્રાન્સએટલાન્ટિક જોડાણના હૃદયમાં પરસ્પર સંરક્ષણ નિયમો પ્રત્યે અમેરિકન રાષ્ટ્રપતિની પ્રતિબદ્ધતા પર ફરીથી પ્રશ્નો ઉભા થયા. આનો અર્થ એ થયો કે અમેરિકા અને નાટો ખૂબ જ ટૂંક સમયમાં અલગ થવાના છે. શુક્રવારે રાત્રે મિયામીમાં એક રોકાણ મંચને સંબોધિત કરી રહ્યા હતા ત્યારે તેમણે નાટો પર પોતાનો ગુસ્સો વ્યક્ત કર્યો હતો. ટ્રમ્પે કહ્યું કે તેઓ ગુસ્સે છે કારણ કે યુરોપિયન નાટો દેશોએ અમેરિકાને ટેકો આપ્યો નથી, જ્યારે અમેરિકા ઈરાન સાથે ચાલી રહેલા યુદ્ધના ચોથા અઠવાડિયામાં પ્રવેશી ગયું છે. હકીકતમાં, અમેરિકાએ ઈરાન પર હુમલો કરવાનો નિર્ણય તેના યુરોપિયન સાથીઓ સાથે શેર કર્યો ન હતો, અને ઘણા નેતાઓએ કાર્યવાહીનો વિરોધ કર્યો હતો. ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું, ‘‘અમે હંમેશા તેમની સાથે રહ્યા છીએ, પરંતુ હવે તેમના વર્તનને જોતાં, એવું લાગે છે કે આપણે ત્યાં રહેવાની જરૂર નથી, ખરું ને?‘‘ તેમણે ઉમેર્યું.

# શ્રમ કાયદાના વિરોધમાં ૧ એપ્રિલે દેશમાં ‘બ્લેક ડે’ મનાવવાની ઘોષણા

## સરકારના ચાર નવા લેબર કોડ સામે કેન્દ્રીય ટ્રેડ યુનિયનનો આક્રોશઃ સમગ્ર દેશમાં વિરોધ પ્રદર્શનની હાકલ

**અબતક, નવી દિલ્હી**

કેન્દ્ર સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવેલા ચાર નવા લેબર કોડ (શ્રમ સંહિતા) સામે શ્રમિક સંગઠનોએ ફરી એકવાર મોરચો માંડ્યો છે. દેશના ૧૦ મુખ્ય કેન્દ્રીય ટ્રેડ યુનિયનોના સંયુક્ત પ્લેટફોર્મે આગામી ૧લી એપ્રિલ, ૨૦૨૬ ના રોજ દેશવ્યાપી ‘બ્લેક ડે’ (કાળો દિવસ) મનાવવાનું એલાન કર્યું છે. યુનિયનોનો આરોપ છે કે સરકાર સમક્ષ આ કાયદાઓ રદ કરવાની વારંવાર માંગણી કરવા છતાં કોઈ સકારાત્મક પ્રતિસાદ ન મળતા આ નિર્ણય લેવામાં આવ્યો છે.

શુક્રવારે જારી કરાયેલા એક સંયુક્ત નિવેદનમાં ટ્રેડ યુનિયનો અને સ્વતંત્ર સેક્ટર ફેડરેશનોએ દેશભરના તમામ શ્રમિકો અને સંગઠનોને અપીલ કરી છે કે તેઓ ૧લી એપ્રિલના રોજ કાળો દિવસ પાળી પોતાનો વિરોધ નોંધાવે. આ આંદોલન દ્વારા કામદારો સરકારને સંદેશ આપવા માંગે છે કે નવા શ્રમ કાયદાઓ તેમના હિતમાં નથી અને તેનાથી નોકરીની સુરક્ષા તેમજ વેતન જેવા પાયાના અધિકારો જોખમાઈ શકે છે.

૧લી એપ્રિલના રોજ વિવિધ ઔદ્યોગિક એકમો, ઓફિસો અને જાહેર સ્થળોએ કાળી પટ્ટી બાંધીને અને કાળા વાવટા ફરકાવીને શાંતિપૂર્ણ વિરોધ પ્રદર્શન કરવામાં આવશે. જો સરકાર આ મામલે નમતું નહીં જોખે તો આગામી સમયમાં આંદોલન વધુ ઉગ્ર બનાવવાની પણ યુનિયનોએ ચીમકી આપી છે.

# એક્સાઈઝ ડ્યુટીમાં ઘટાડાથી સરકારની તિજોરી ઉપર રૂ.૧.૩ લાખ કરોડનો બોજ વધશે

## ક્રૂડના વધતા ભાવ વચ્ચે ઓઈલ કંપની અને ગ્રાહકોને રાહત આપવા સરકારે ડ્યુટી ઘટાડીઃ કોંગ્રેસે આ નિર્ણયને ચૂંટણીલક્ષી ગણાવ્યો

- ફેબ્રુઆરીમાં ક્રૂડનો સરેરાશ ખર્ચ ૬૯ ડોલર હતો, જે માર્ચમાં વધીને ૧૧૧.૯૩ ડોલર થયો.
- પેટ્રોલ અને ડીઝલ બંને પરની સ્પેશિયલ એડિશનલ એક્સાઈઝ ડ્યૂટીમાં ૧૦ રૂપિયાનો ઘટાડો.
- ડીઝલ પર ૨૧.૫ રૂપિયા અને એટીએફ પર ૨૯.૫ રૂપિયા પ્રતિ લિટર નિકાસ ડ્યૂટી લાગુ.
- નેપાળ, ભૂતાન, બાંગ્લાદેશ અને શ્રીલંકામાં નિકાસ થતા ઈંધણ તેમજ વિદેશ જતાં એરક્રાફ્ટને અપાતા એટીએફ પર નિકાસ ટેક્સ લાગુ નહીં પડે.

**અબતક, નવી દિલ્હી**

કેન્દ્ર સરકારે ગ્રાહકો અને ઓઈલ કંપનીઓને ક્રૂડના ઉંચા ભાવની અસરથી બચાવવા માટે પેટ્રોલ અને ડીઝલ પરની એક્સાઈઝ ડ્યૂટીમાં ૧૦ રૂપિયાનો ઘટાડો કર્યો છે. ફેબ્રુઆરીની સરખામણીમાં આ મહિને ભારતીય રિફાઈનરો માટે ક્રૂડના ભાવમાં ૬૨ ટકાનો ઉછાળો આવ્યો છે. સરકારના આ નિર્ણયથી સરકારી તિજોરી પર અંદાજે ૧.૩ લાખ કરોડ રૂપિયાનો બોજ પડશે.

ઈન્ડિયન ઓઈલ, હિન્દુસ્તાન પેટ્રોલિયમ અને ભારત પેટ્રોલિયમ જેવી ઈંધણ કંપનીઓને પેટ્રોલ પર પ્રતિ લિટર ૨૪ રૂપિયા અને ડીઝલ પર ૩૦ રૂપિયાની ખોટ જઈ રહી હતી. આ નુકસાનની ભરપાઈ કરવા અને આંતરરાષ્ટ્રીય બજારમાં ઈંધણની અછત વચ્ચે નિકાસ પર થતા અણધાર્યા નફાને રોકવા માટે સરકારે ડીઝલ પર પ્રતિ લિટર ૨૧.૫ રૂપિયા અને એવિએશન ટર્બાઈન ફ્યુઅલ પર ૨૯.૫ રૂપિયાની નિકાસ ડ્યૂટી લાદી છે.

સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈનડાયરેક્ટ ટેક્સ એન્ડ કસ્ટમ્સના ચેરમેન વિવેક ચતુર્વેદીએ જણાવ્યું હતું કે, નિકાસ

(અનુ. આઠમા પાને)

# શ્રીનગર-લેહ નેશનલ હાઈવે પર હિમપ્રપાતથી સાત લોકોના મોતઃ પાંચ ઘાયલ



### યુપીના કૌશામ્બીમાં ભયાનક અકસ્માતમાં આઠનાં મોત

ઉત્તર પ્રદેશના કૌશામ્બીમાં શુક્રવારે સાંજે એક હૃદયદ્રાવક અકસ્માત સર્જાયો હતો. પ્રયાગરાજથી બાળકની મુંડન વિધિ કરાવીને પરત ફરી રહેલા શ્રદ્ધાળુઓની પિકઅપ વાન હાઈવે પર ઉભેલા એક ટ્રેલર સાથે ધડાકાભેર અથડાઈ હતી. આ ગમખ્વાર અકસ્માતમાં ૫ મહિલાઓ અને ૩ બાળકો સહિત કુલ ૮ લોકોના મોત નિપજ્યા છે. પિકઅપમાં ફતેહપુર જિલ્લાના અંદાજે ૨૫ લોકો મુસાફરી કરી રહ્યા હતા. અકસ્માત એટલો ભીષણ હતો કે પિકઅપના ફુરચા ઉડી ગયા હતા અને મુસાફરો રસ્તા પર ફેંકાઈ ગયા હતા. સ્થાનિકો અને પોલીસે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ૧૦થી વધુ ઈજાગ્રસ્તોને હોસ્પિટલ ખસેડ્યા હતા. પ્રયાગરાજમાં મુંડન અને કડા ધામમાં દર્શન બાદ ખુશી-ખુશી ઘરે પરત ફરી રહેલા પરિવારમાં આ અકસ્માતને પગલે માતમ છવાઈ ગયો છે.


**અબતક, રાજકોટ**

જમ્મુ-કાશ્મીરમાં શ્રીનગર-લેહ નેશનલ હાઈવે પર અનેક સ્થળોએ હિમપ્રપાત થવાને કારણે વાહનો તેની ઝપેટમાં આવી ગયા હતા. આ દુર્ઘટનામાં એક બાળક અને બે મહિલાઓ સહિત સાત લોકોનાં મોત થયા છે, અન્ય પાંચ લોકો ઘાયલ થયા છે. કેન્દ્રશાસિત પ્રદેશો જમ્મુ-કાશ્મીર અને લદ્દાખને જોડતા નેશનલ હાઈવે પર ઝોજિલા પાસ પાસે ‘ઝીરો પોઈન્ટ’ અને ‘મિનિમાર્ગ’ વચ્ચેના વિસ્તારમાં આ હિમપ્રપાત થયો હતો. બપોરના સમયે વાહનો આ

(અનુ. આઠમા પાને)

# જેન-ઝી વિરોધ પ્રદર્શનમાં થયેલા મૃત્યુ મામલે નેપાળના પૂર્વ વડાપ્રધાન કે.પી.શર્મા ઓલીની ધરપકડ

## પૂર્વ ગૃહમંત્રી રમેશ લેખકની પણ ધરપકડઃ બાલેન શાહ સરકારે સત્તા સંભાળતાની સાથે જ આક્રમક વલણ અપનાવ્યું




**અબતક, રાજકોટ**

નેપાળના રાજકારણમાં અત્યાર સુધીનો સૌથી મોટો ઉલટફેર જોવા મળ્યો છે. નવી રચાયેલી બાલેન શાહ સરકારે સત્તા સંભાળતાની સાથે જ આક્રમક વલણ અપનાવ્યું છે. વડાપ્રધાન બાલેન શાહના નેતૃત્વમાં મળેલી પ્રથમ કેબિનેટ બેઠકમાં લેવાયેલા કઠોર નિર્ણય બાદ, પૂર્વ વડાપ્રધાન કે.પી. શર્મા ઓલી અને પૂર્વ ગૃહમંત્રી રમેશ લેખકની ધરપકડ કરવામાં આવી છે.

આ ધરપકડ પાછળ ગત વર્ષે સપ્ટેમ્બરમાં થયેલા ઝેન જી આંદોલનના હિંસક વળાંકને જવાબદાર માનવામાં આવે છે. આંદોલન દરમિયાન નિઃશસ્ત્ર વિદ્યાર્થીઓ પર થયેલા ગોળીબારમાં અનેક યુવાનોના મોત નિપજ્યા હતા. તપાસ પંચના અહેવાલમાં આ હિંસા અને જાનહાનિ માટે તત્કાલીન સરકારના વડા કે.પી. ઓલી અને ગૃહમંત્રી રમેશ લેખકની ભૂમિકાને જવાબદાર ઠેરવવામાં આવી હતી. બાલેન શાહ સરકારે પોતાની પ્રથમ બેઠકમાં જ આ રિપોર્ટને તાત્કાલિક અસરથી લાગુ કરી જવાબદારો સામે સીધી કાર્યવાહી કરવાનો આદેશ આપ્યો હતો. આજે વહેલી સવારે ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું. સૌ પ્રથમ પૂર્વ ગૃહમંત્રી રમેશ લેખકની અટકાયત કરવામાં આવી અને તેના થોડા જ સમય બાદ પૂર્વ વડાપ્રધાન કે.પી. ઓલીની પણ ધરપકડ કરવામાં આવી હતી. આ કાર્યવાહીથી નેપાળના રાજકીય વર્તુળોમાં સોપો પડી ગયો છે.

કાઠમંડુના મેયરથી વડાપ્રધાન બનેલા બાલેન શાહે આ કાર્યવાહી દ્વારા સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે તેમની સરકારમાં ભ્રષ્ટાચાર અને માનવ અધિકારોના ઉલ્લંઘન સામે 'ઝીરો ટોલરન્સ'ની નીતિ અપનાવવામાં આવશે. પૂર્વ વડાપ્રધાનની ધરપકડને નેપાળના લોકતંત્રમાં એક મોટા પરિવર્તન અને કાયદાના શાસનના મજબૂતીકરણ તરીકે જોવામાં આવી રહી છે.



# ફળકથન સાપ્તાહિક રાશિ ભવિષ્ય

પં.ડો. હિતેષ એ. મોઢા
મો.૯૮૭૯૪૯૯૩૦૭

### મેષ અ,લ,ઈ

ખાનગી એકાઉન્ટ / એકાઉન્ટન્સી ક્ષેત્ર તથા વીમા એજન્સી, તથા ખાનગી બેન્કિંગ એજન્સીઝના તમામ જાતક માટે આ સપ્તાહ ચડાવઉતાર વાળુ નીવડશે તેવી પૂરી શક્યતા. નાના ઔદ્યોગિક એકમના જાતક તેમજ મધ્યમ કદના વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ હળવું લાભકારક નીવડશે. ખાનગી તેમજ સરકારી શૈક્ષણિક સંસ્થાના જાતક માટે મધ્યમ સપ્તાહ. ખાનગી ક્ષેત્રના કર્મચારી તથા સરકારી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ સારુ નીવડશે. કુટુંબમાં સામાન્ય બાબતને લઈને ખટરાગ કે કંકાસ થવાની સંભાવના. મૈત્રી તથા બહારી સંબંધમાં વિશેષ સંભાળ લેવી અન્યથા, વાયરલ થવાની સંભાવના. મહિલા કર્મી, ગૃહિણી, નિવૃત્ત તથા ઉચ્ચાભ્યાસ કરતા વિદ્યાર્થી માટે આ સપ્તાહ પણ સાનુકૂળ રહેશે. ૩ તથા ૪ એપ્રિલ સામાન્ય નીવડશે. (પન્નોતિનો ઉપાય, ન્યાયિક માર્ગ).

### વૃષભ બ,વ,ઉ

આ સપ્તાહ દરમિયાન, ધંધા વ્યવસાયના અધૂરા તથા પેન્ડીગ પડેલા કામકાજ પૂરા થઈ જશે તેવી પૂર્ણ સંભાવના. પ્રવાહી પેય, પ્રવાહી આહાર તેમજ રસાયણિક દ્રવ્યોના ઉત્પાદક, જથ્થા બંધ વ્યાપારી એવમ વિક્રેતા જાતક માટે આ સપ્તાહ બહુ લાભકારક નીવડશે. આ સિવાયના, અન્ય ઔદ્યોગિક એકમના જાતક માટે આ સપ્તાહ સાવ સરેરાશ અથવા પ્રતિકૂળ નીવડશે તેવી પૂરી શક્યતા. તેમજ નાના મોટા તમામ વ્યાપારી જાતક માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારી આ સપ્તાહ બહુ સાનુકૂળ એવમ લાભદાયક નીવડશે. મહિલા કર્મી, ગૃહિણી, વિદ્યાર્થી, નિવૃત્ત માટે આ સપ્તાહ પણ હળવું લાભદાયક જણાશે. કેવળ, ૨ એપ્રિલ જ સામાન્ય રહેશે.

### મિથુન ક,છ,ઘ

જાહેર ક્ષેત્રની વ્યક્તિ એવમ રાજકીય ક્ષેત્રે સક્રિય વ્યક્તિ માટે, આ સપ્તાહ સરેરાશ અથવા પ્રતિકૂળ રહે તેવી પૂર્ણ સંભાવના. આ સપ્તાહ બહુ દોડધામ વાળુ નીવડશે, ઉદ્યોગ, ધંધા કામકાજ અર્થે બહારના રાજ્યમાં પ્રવાસ થાય તેવા સંયોગ અને શક્યતા બન્ને દર્શાય છે. તમામ કદના ઔદ્યોગિક એકમના જાતક માટે આ સપ્તાહ પ્રતિકૂળ અથવા સાવ સરેરાશ નીવડશે તેવી પૂર્ણ સંભાવના. તમામ પ્રકારના વ્યાપારી જાતક માટે આ સપ્તાહ સાનુકૂળ અથવા મધ્યમ નીવડશે. ખાનગી ક્ષેત્રના કર્મચારી તેમજ સરકારી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ સારુ અને લાભદાયક નીવડશે. મહિલા કર્મી, ગૃહિણી, નિવૃત્ત તેમજ વિદ્યાર્થી માટે આ સપ્તાહ લાભદાયક નીવડશે. કેવળ, ૨ એપ્રિલનો દિવસ જ સાધારણ જણાશે.

### કર્ક ડ,હ

સરકારી તેમજ ખાનગી એકાઉન્ટ / એકાઉન્ટન્સી તથા મેનેજમેન્ટ ફર્મ તથા તમામ પ્રકારના વૈધ કન્સલ્ટિંગ(ક્યલફહ) વ્યવસાયના જાતક માટે આ સપ્તાહ અત્યાધિક લાભકારક નીવડશે તેવી પૂરી શક્યતા. ઓટોમોબાઈલ્સ અને તેના સ્પેર પાટ્ર્સના વ્યાપારી જાતક તેમજ ગેરેજ સંબંધિત જાતક માટે આ સપ્તાહ બહુ લાભદાયક નીવડશે. ઔદ્યોગિક એકમના જાતક તથા વ્યાપાર વણિજ ક્ષેત્રના જાતક માટે આ સપ્તાહ મધ્યમ રહેશે. પરંતુ નાના નાના વ્યાપાર તથા ફેરી કરતા વ્યાપારી જાતક માટે આ સપ્તાહ લાભકારી રહેશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ પણ હળવું લાભદાયક રહેશે. વિદ્યાર્થી, મહિલા કર્મી, ગૃહિણી તથા નિવૃત્ત માટે આ સપ્તાહ લાભદાયક નીવડશે. ૩૧ માર્ચ સરેરાશ રહેશે.

### સિંહ મ,ટ

અવૈધ સંબંધ તેમજ આવેગ અને ઉતાવળ પર નિયંત્રણ રાખવું નહીં તો વાયરલ થવાની પૂર્ણ સંભાવના અને સંયોગ પણ. શેર બજાર તથા સટ્ટા બજારના જાતક માટે આ સપ્તાહ હળવું હળવું પ્રતિકૂળ અથવા સરેરાશ રહેશે. તમામ કદના ઔદ્યોગિક એકમના જાતક તથા જથ્થાબંધ વાણિજ્યના એકમના જાતક માટે આ સપ્તાહ સરેરાશ તથા ભાગદોડ વાળું રહેશે. ધંધા ઉદ્યોગમાં નવી તકો મળવાની પણ સંભાવના. સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ પણ હળવું લાભકારી નીવડશે. સગા, કુટુંબીજન સાથે સુમેળ સધાશે, સાથે સાથ સહકાર પણ મળશે. નિવૃત્ત, મહિલા-કર્મી, ગૃહિણી તથા વિદ્યાર્થી માટે આ સપ્તાહ હળવું લાભદાયક જણાશે. ૩ એપ્રિલ સાવ સરેરાશ રહેશે.

### કન્યા પ,ઠ,ણ

ખાનગી તથા સરકારી શૈક્ષણિક એકમ સાથે જોડાયેલ તમામ જાતક માટે આ સપ્તાહ હળવું પ્રતિકૂળ જણાશે. સર્વિસ તથા કન્સલ્ટિંગ બિઝનેસના જાતક માટે આ સપ્તાહ અત્યાધિક લાભદાયક રહેશે. પ્રવાહી પેય તેમજ રસાયણિક દ્રવ્યોના ઉત્પાદક જાતક તેમજ આયુર્વેદિક ફાર્મસીના જાતક તથા જથ્થા બંધ વ્યાપારી તથા વિક્રેતા માટે આ સપ્તાહ ખૂબ જ લાભકારક નીવડશે તેવી પૂર્ણ સંભાવના. આ સિવાયના તમામ મોટા ઔદ્યોગિક એકમના જાતક તથા નાના મોટા તમામ વ્યાપાર-વણિજના એકમના જાતક માટે આ સપ્તાહ હળવું હળવું લાભકર્તા નીવડશે. ખાનગી ક્ષેત્રના કર્મચારી એવમ સરકારી ક્ષેત્રના કર્મચારી માટે સાનુકૂળ સપ્તાહ.મહિલા કર્મી, ગૃહિણી, નિવૃત્ત એવમ વિદ્યાર્થી માટે આ સપ્તાહ પણ સાનુકૂળ નીવડશે. ૨ એપ્રિલ સાવ સામાન્ય રહેશે.

### તુલા ર,ત

ફૂટવેરના ઔદ્યોગિક એવમ વ્યાપારી એકમના જાતક તથા નાના મશીનરીઝ ઔદ્યોગિક એકમના જાતક માટે આ સપ્તાહ બહુ લાભકારી નીવડશે. જ્યારે, મોટા ઔદ્યોગિક એકમના જાતક માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. સ્ટેશનરી સંબંધિત જથ્થાબંધ વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ ચડાવઉતાર વાળુ જણાશે. આ સિવાયના, તમામ વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ લાભદાયક નીવડશે. સર્વિસ બિઝનેસના જાતક માટે આ સપ્તાહ સાવ સામાન્ય અથવા પ્રતિકૂળ રહેશે. સરકારી ક્ષેત્રના કર્મી, વિશેષ તો રેવન્યુ વિભાગના કર્મચારી, તલાટી તથા ખાનગી એકમના કર્મચારી માટે આ સપ્તાહ સાવ મધ્યમ નીવડશે. ઉચ્ચાભ્યાસ કરતા વિદ્યાર્થી, મહિલા કર્મી, નિવૃત્ત તથા ગૃહિણી માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. કેવળ ૨૯ તથા ૩૧ માર્ચ સાધારણ રહેશે.

### વૃશ્ચિક ન,ય

ખાનગી એકાઉન્ટ / એકાઉન્ટન્સી એકમના જાતક તથા વીમા એજન્સી, તેમજ ખાનગી બેન્કિંગ એજન્સીઝ કે એકમના જાતક માટે આ સપ્તાહ ચડાવ ઉતાર અને દોડધામ કરાવશે તેવી પૂરી શક્યતા. તમામ કદના ઔદ્યોગિક એકમના જાતક તથા મધ્યમ કદના વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ અત્યાધિક લાભકારક નીવડ્શે. ખાનગી ક્ષેત્રના કર્મચારી તથા સરકારી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. આ સપ્તાહે કુટુંબમાં વ્યર્થ બાબતથી હળવો કંકાસ થઈ શકે તેવી સંભાવના. મૈત્રી તેમજ બહારી સંબંધમાં વિશેષ સંભાળ રાખવી નહીં તો વાયરલ થવાની પૂર્ણ સંભાવના. મહિલા-કર્મી, ગૃહિણી તથા નિવૃત્ત, વિદ્યાર્થી માટે આ સપ્તાહ પણ હળવું લાભકર્તા નીવડશે. ૩ એપ્રિલ સામાન્ય રહેશે.

### ધન ભ,ફ,ધ,ઢ

આ સપ્તાહ અનેક પ્રકારે લાભ પણ કરાવશે અને સતત કાર્યરત એવમ પ્રવાસશીલ રાખશે તેવી પૂર્ણ સંભાવના. ઔદ્યોગિક એકમના જાતક તથા વ્યાપાર-વણિજ એકમ ના જાતક માટે આ સપ્તાહ બહુ જ લાભદાયક નીવડશે. સર્વિસ બિઝનેસના જાતકો માટે અતિ લાભકારી સપ્તાહ રહેશે. સાથે સાથે અનેક નવી તક સાંપડશે. આ સપ્તાહે બેરોજગાર માટે નોકરી પ્રાપ્તિના શુભાવસરની પૂરી શક્યતા. સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ સાનુકૂળ અને સરળતાપૂર્ણ જણાશે, છતાં કાર્ય ક્ષેત્રમાં વિશેષ કાળજી રાખવી. પરિવાર સાથે ધાર્મિક પ્રવાસ કરવાના સંયોગ. ઉચ્ચાભ્યાસ કરતા વિદ્યાર્થી, ગૃહિણી, મહિલા કર્મી તથા નિવૃત્ત માટે આ સપ્તાહ લાભદાયક જણાશે. ૧ એપ્રિલ અર્ધ સાધારણ રહેશે.

### મકર ખ,જ

ઉદ્યોગ, ધંધા તથા વ્યવસાયના કામકાજ અર્થે ઘણી દોડધામ રહે સાથે બહારના રાજ્યમાં પ્રવાસ થાય તેવી પૂર્ણ રૂપે સંભાવના. રાજકીય વ્યક્તિ એવમ જાહેર ક્ષેત્રની વ્યક્તિ માટે આ સપ્તાહ પણ લાભદાયક નીવડશે. નાના મોટા તમામ ઔદ્યોગિક એકમના જાતક માટે આ સપ્તાહ બહુ લાભદાયક નીવડશે. તમામ પ્રકારના વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ સાનુકૂળ એવમ વ્યસ્ત રહેશે. ખાનગી ક્ષેત્રના કર્મચારી તથા સરકારી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ પણ લાભદાયક નીવડશે. આ સપ્તાહે, સગા, સ્નેહી તથા પરિવાર જન સાથે સુમેળ થઈ શકે તેવી પૂરી શક્યતા. નિવૃત્ત તથા મહિલા કર્મી, ગૃહિણી, વિદ્યાર્થી માટે આ સપ્તાહ પણ સાનુકૂળ નીવડશે. ૩૦ તથા ૩૧ માર્ચ સાવ મધ્યમ નીવડશે.

### કુંભ ગ,શ,ષ

આ સપ્તાહ દરમિયાન વાત (વાયુ) પ્રકૃતિ વાળા જાતકે વિશેષ રૂપે કાળજી રાખવી. આ સપ્તાહ. ભાઈ-બહેન તથા સાળા-સાળી સાથેના પારિવારિક સંબંધોમાં સુમેળ, સમાધાન કરાવશે તેવી પૂર્ણ સંભાવના. હોટેલ, રેસ્ટોરાં, ફૂડ પ્લાઝા જેવા એકમના જાતક તેમજ ટ્રાવેલ એજન્સી જાતક માટે આ સપ્તાહ આંશિક રૂપે લાભદાયક નીવડશે. મોટા ઔદ્યોગિક એકમના જાતક માટે આ સપ્તાહ પણ હળવું લાભદાયક નીવડશે. તથા તમામ કદના વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ પણ હળવું પ્રતિકૂળ નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તેમજ ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ સરેરાશ અથવા હળવું પ્રતિકૂળ રહેશે. ઉચ્ચાભ્યાસ કરતા વિદ્યાર્થી, નિવૃત્ત તથા ગૃહિણી માટે આ સપ્તાહ મધ્યમ નીવડશે. ૨૯ તથા ૩૧ માર્ચ સાધારણ રહેશે. (પન્નોતિનો ઉપાય શ્રમદાન).

### મીન દ,ચ,ઝ,થ

ફેશન તથા ફેબ્રીક અને સૌંદર્ય પ્રસાધનો (કોસ્મેટિક્સ) ના ઔદ્યોગિક+વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ સરેરાશ અથવા સાનુકૂળ નીવડશે તેવી પૂર્ણ સંભાવના. આ સિવાયના, તમામ ઔદ્યોગિક એકમના જાતક એવમ તમામ પ્રકારના વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ સામાન્ય સાથે હળવું સરેરાશ નીવડે શકે તેવી પૂરી શક્યતા. છૂટક વ્યાપારી તથા ફેરી કરતા વ્યાપારી માટે આ સપ્તાહ લાભદાયક નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તેમજ ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ હળવું હળવું લાભદાયક નીવડશે. આ સપ્તાહ દરમિયાન પરિવાર કે સગા સાથે ફરવા જવાના તથા ધાર્મિક યાત્રા કરવાની પૂરી શક્યતા. વિદ્યાર્થી, નિવૃત્ત, ગૃહિણી તથા મહિલા કર્મી માટે આ સપ્તાહ પણ લાભકારી નીવડશે. ૧ તથા ૩ એપ્રિલ સાવ સામાન્ય રહેશે. (પન્નોતિનો ઉપાય દાન + અભ્યંગ સ્નાન).

## સંબંધો જ જીવનની સાચી સંપત્તિ

# જીવનનું સત્ય: સંબંધોમાં જ વસે છે ખુશીઓની ચાવી

### આજના પ્રેક્ટિકલ યુગમાં સંબંધનો ફાયદો ઉઠાવાય છે, અને પ્રોફેશનલ લોકો તો ફાયદા માટે જ સંબંધ બનાવે છે: સારા દેખાવ માટે ન જીવો પણ સારા બનવા માટે જીવો: કોઈપણ સંબંધ જયારે અલ્પવિરામ માંગે ત્યારે, જબરદસ્તી કરવા કરતાં તેને વિરામ આપી દેવો યોગ્ય છે, નહીં તો સંબંધમાં પૂર્ણવિરામ આવતા વાર નથી લાગતી

**નોલેજ કોર્નર**



**ડો.અરૂણ દવે**
મો.૯૮૨૫૦૭૮૦૦૦

માનવી પ્રાચીન કાળથી સંબંધો સાથે જીવતો કે જોડાયેલો છે. જેમ જેમ માનવીએ પ્રગતિ કરી તેમ તેમ સંબંધો બદલાતા ગયા, અને તેનું મહત્વ ઘટતું ગયું. જુના લોકો ભાવુક હતા, એટલે તે સંબંધ સંભાળતા હતા. માનવ જીવનમાં સંબંધનું બહુ જ મહત્વ છે. પરિવારમાં સગા સ્નેહી, મિત્ર વર્તુળ સાથે પાડોશીનો સંબંધ સંસાર યાત્રામાં મહામુલો છે. તમારો સ્વભાવ પણ સંબંધ વિકસાવવામાં મદદરૂપ થતો હોય એ હમેંશા સારો રાખવો જરૂરી છે. આજના તકવાદી કે સ્વાર્થના જમાનામાં લોકોને સંબંધની સાચી વેલ્યુની ખબર જ નથી પડતી. સોશિયલ મીડિયામાં ગમે તેટલા ફ્રેન્ડ્સ કે ગ્રુપ હોય ખરે ટાણે કોઈ. મદદ કરતું નથી. આજે બધા જ સ્વીકારે છે કે લોકો સંબંધનો ફાયદો ઉઠાવે છે. કેટલાક તો ફાયદા માટે જ સંબંધ વિકસાવે છે. સારા દેખાવ માટે ન જીવો, પણ સારા બનવા માટે જીવો એ જ જીવનની સાચી મૂડી ગણાશે.

સંબંધ તો આકાશ જેટલો વિશાળ છે. તમારૂં થોડું હાસ્ય કોઈક ના જીવનમાં ખુશીયા લાવી શકે છે. નાના બાળક નિર્દોષતા સાથે ઓળખાણ વગર હાસ્ય વેરે ત્યારે ધરતી પર સ્વર્ગ ખડું થાય છે. સમજણ આવે પછી બાળક પણ તરુણ-કિશોર કે યુવા બનતા તેનામાં પણ સ્વાર્થવૃતિ આવી જવાથી તે પણ મા-બાપે કે પરિવારનું અનુકરણ કરે છે. ૨૧મી સદીમાં બાળકોને જીવન મુલ્યો આધારીત તેનો વિકાસ કરવો તે દરેક મા-બાપની ફરજ છે. દેશો પણ પાડોશી દેશો સાથે સંબંધ વિકસાવે છે, જયારે આપણે પાડોશ કે સગાભાઈ સાથે બોલતા નથી. આપણી જૂની વ્યવસ્થાની સંયુક્ત કુટુંબ પ્રથામાં સંબંધો સોળે કલાએ ખીલ્યા હતા. પરિવારમાં કોઈ નબળો ભાઈ સબળા ભાઈઓના લોહીના સંબંધોએ જીવન પૂર્ણ કરી જતો હતી. સંબંધો સમોવડીયા સાથે જ હોપ એ જરૂરી છે. આજે પણ ઘણા લોકો શ્રેષ્ઠ નિસ્વાર્થ સંબંધો નિભાવે છે. અમુક સંબંધો અમીર ગરીબનાં વિભાગો પાડીને પણ એકબીજાથી દૂર થતાં જાપ છે. નાનુ બાળક આવો ભેદભાવ કપારેય રાખતો નથી. દરેકે નાનકડા બાળક પાસેથી પણ ઘણું શીખવાની જરૂર છે. આજના પ્રેક્ટિકલ યુગમાં સંબંધનો ફાયદો ઉઠાવાય છે, અને પ્રોફેશનલ લોકો તો ફાયદા માટે જ સંબંધ બનાવે છે: સારા દેખાવ માટે ન જીવો પણ સારા બનવા માટે જીવો. આપણાં સ્વભાવ, ગેર સમજણ કે કોઈની વાતોમાં આવીને આપણે સંબંધ બગાડીએ છીએ પછી સાચી વસ્તુની ખબર પડે ત્યારે ઘણું મોટું થઈ ગયું હોય છે.વિચાર ભેદ હોય શકે પણ મનભેદ ન હોય ત્યાં સંબંધો ટકી જતા હોય છે. સંબંધોની માવજત જરૂરી હોય છે. એકબીજાની સહનશક્તિ અને સમજદારીથી સંબંધો વધુ ઘાટા બને છે.માણસ તેના અનુભવોથી માણસને વધુ ઓળખતો થાય છે. માણરો માણસ પાસેથી શીખવાનું છે, પણ શરત એટલી કે માણસ માણસ બની જીવે તે એક અગત્યની બાબત છે.

પક્ષીઓ પોતાના બચ્ચાને ભવિષ્ય માટે તેને ઉડવાની કળા શીખવે છે. માનવી પોતાના સમગ્ર જીવન દરમ્યાન પોતાના સ્વભાવ કે જીદ કે સ્વાર્થ વૃત્તિને કારણે હેરાન થાય છે. સારા સંબંધો જીવનમાં ક્યારેય એકલતા આવવા જ નથી દેતા. સંબંધો બગડે ત્યારે જ માનવ જીવનમાં એકલતા આવે છે. પરિવારમાં સંબંધોનું બહુ જ મહત્વ છે ત્યારે તેને જાળવવો સૌની વિશેષ જવાબદારી છે. સંબંધના ડાયરામાં મા-બાપ, પત્ની-પતિ, પુત્રો-પુત્રી કે નજીકનાં તમામ સગા આવી શકે છે, મા-બાપ વચ્ચેના ઝગડા કે ગેરસમજણ તો પરિવારને છિન્ન ભીન્ન કરી નાંખે છે. કોઈપણ સંબંધ જયારે અલ્પવિરામ માંગે ત્યારે, જબરદસ્તી કરવા કરતાં તેને વિરામ આપી દેવો યોગ્ય છે, નહીં તો સંબંધમાં પૂર્ણવિરામ આવતા વાર નથી લાગતી. આજના યુગમાં છૂટાછેડાના વધતા બનાવોમાં આવા સંબંધોની ગેરસમણ કે સહનશીલતાનો અભાવ જોવા મળે છે. મોટાભાગનાં ઉંમરમાં મોટા થયા હોય પણ સંબંધો વિકસાવવામાં નિષ્ફળ ગયા હોય. આપણે



વિચારીએ કે આપણો પણ સમય આવશે પણ છેલ્લે તો આપણે દિવસોને જ સારો સમય ગણાવીએ છીએ. આપણાંની સામે કયારેય સચ્ચાઈ સાબિત કરવાની ન હોય, એ સંબંધો જ ઘણા સારા અભય સંબંધો નિભાવી જાણતો હોપ છે. સંબંધોમાં પ્રેમ, હુંફ લાગણીને સધિયારો મળે ત્યારે જ તેમાં વસંતોત્સવનો આનંદ ભળે છે. અંધારાને દૂર કરવાની મહેનત કરવા કરતા સૌએ એક સંબંધનો દિવો પ્રગટાવીને બધાના ભલા માટે આગળ આવવાની જરૂરી છે.સંબંધ ડેવલપ કરવા ઘણું ધ્યાન રાખવું પડે છે, કોઈ માણસ હૃદયથી વાત કરતો હોય ત્યારે તમારે તમારું મન લગાવવાની જરૂર જ નથી હોતી પણ બધા અહીં જ ભૂલ કરે છે. તેથી સંબંધો તૂટે છે, કોઈ માણસ તૈયાર હોય અને તે તમારી સાથે મન લગાવીને વાત કરે ત્યારે તમારે હૃદયસભર ન જ થવું એ એટલું જ સત્ય છે. મિત્રતા અને સંબંધ તો એકબીજા માટે મદદરૂપ થવાની પવિત્ર ભાવની વાત કરે છે, એક બીજાના સુખ - દુઃખમાં તમારી સાથે ઉભો રહે ને તે જ સાચો સંબંધી, સગા-સંબંધી આપણે એટલે કે કહીએ છીએ. અભણ, ગરીબ, શ્રીમંત, દિવ્યાંગ, ભોળો, લાગણીશીલ કે પ્રેક્ટિકલ કે સ્માર્ટ બધાને પોતાના સંબંધો હોય છે.

અપેક્ષા વગરના સંબંધો જીવનભર ટકી રહે છે. આજના યુગમાં સંબંધની એકપણ સ્પષ્ટ વ્યાખ્યા મળવી મુશ્કેલી છે. જીવનના ખાલીપાને દુર કરવામાં સંબંધ જ રામબાણ ઈલાજ છે. કોઈપણ સંબંધ જયારે આપણી સાથે હોય ત્યારે તેનું મુલ્ય સમજાતું નથી, પણ એ જપારે તૂટે છે ત્યારે જ તેની સાથી કિંમત આપણને ખબર પડે છે. એકબીજા પ્રત્યે કંઈક કરી છૂટવાની ભાવનાને જ સાચો સંબંધ કહેવાય છે. આજની મતલબી દુનિયામાં લોકો સંબંધોને વાપરે છે. સંબંધી એ કરેલી મદદ એ ઋણ છે તેને કયારેય ભૂલશો નહીં કેટલાક તો તમારું જ ખાઈને તમારું જ ખોદતા હોય છે. ઘણા લોકો તમારી આપવિતી બધાને કહેતા ફરતા હોય છે. ઘણા લોકો સંબંધ રાખવા જેવો માણસ હોય છે. જીવનમાં કયારેપ કોઈ સાથે છળકપટ કરશો નહીં. સંબંધ વિકસાવીને દગો આપવો નહીં આજે તો આ યુગમાં નજીકના જ સંબંધો તમને હેરાન કરતા જોવા મળે છે. સાચા લોકો હોય તેની પરીક્ષા ન લેવી. ઈશ્વર અને ભકત વચ્ચે પણ અતૂટ સંબંધો જ મોક્ષ માર્ગ અપાવે છે.આપણું સફળ જીવન ત્યારેજ સાર્થક ગણાય જ્યારે આપણે અન્યો સાથે અતૂટ સંબંધો નિભાવીએ.

## સંબંધ એટલે ?

આજે જયારે દિમાગને પૂછયું ત્યારે, દિલ બોલ્યું કે સંબંધ એટલે રીલેશન, રીલેશન એટલે.... રી..લેશન, ફરી ફરી કરવાનું લેશન, લાગણીઓને પાકી કરવાનું અને વારંવાર કરવાનું હોમવર્ક કરવું. સંબંધ એટલે સમ-બંધ, જેમાં સરખો પ્રેમ, વ્યવહાર અને લાગણીઓ ઉતાવળ ધીરજથી કરવી, અને ક્રોધ શાંતિથી કરવો. પૃથ્વી પરનો માણસ માત્ર એના સંબંધોને આધારે જીવે છે.

## આવતીકાલનું રાશિફળ

**તા.૨૯.૩.૨૦૨૬ રવિવાર, સંવંત ૨૦૮૨, ચૈત્ર સુદ અગિયારસ, આશ્લેષા નક્ષત્ર, ઘ્રુતિ યોગ, વિષ્ટિ કરણ આજે બપોરે ૨.૩૯ સુધી જન્મેલાંની ચંદ્ર રાશિ કર્ક ત્યારબાદ સિંહ (મ,ટ) રહેશે**

**મેષ** (અ,લ,ઈ) : આંતરિક સૂઝમાં વૃદ્ધિ થાય, સંતાન અંગે સારું રહે, પરિવારમાં આનંદ રહે, શુભ દિન.

**વૃષભ** (બ,વ,ઉ) : જમીન મકાન વાહન સુખ સારું રહે, તમામ સુખ સગવડ પ્રાપ્ત થાય, દિવસ પ્રગતિકારક રહે.

**મિથુન** (ક,છ,ઘ) : તમારી પ્રતિભા દર્શાવી શકો, નવા કાર્યનું આયોજન કરી શકો, શુભ દિન, લાભ થાય.

**કર્ક** (ડ,હ) : બેન્કના કાર્ય નિપટાવી શકો, આર્થિક આયોજન કરી શકો, મનોમંથન કરી શકો.

**સિંહ** (મ,ટ) : તમારા વ્યક્તિત્વનો વિકાસ થાય, આંતરિક શક્તિ ખીલે, લોકો દ્વારા તમારી પ્રસંશા થાય.

**કન્યા** (પ,ઠ,ણ) : લોન વિગેરે બાબતમાં સાંભળવું, ખર્ચ પર અંકુશ રાખવો, બિનજરૂરી વ્યય નિવારવા સલાહ છે.

**તુલા** (ર,ત) : જીવનમાં નવા નિયમ લાવી શકો, તમારી દિનચર્યા સુધારી શકો, દિવસ દરમિયાન પ્રગતિ થાય.

**વૃશ્ચિક** (ન,ય) : વ્યક્તિની પરખ કરી શકો, કામકાજ માટે નવા સંશાધનો કામે લગાવી શકો, શુભ દીવસ.

**ધન** (ધ,ભ,ફ,ઢ) : આધ્યાત્મિક ચિંતન થાય, ધ્યાન યોગ મૌનથી લાભ થાય, પરિવાર સાથે આનંદ માણી શકો.

**મકર** (ખ,જ) : કોર્ટ કચેરી કે વીલ વરસના પ્રશ્નો ઉકેલી શકો, વિવાદ નિવારી શકો, મધ્યમ દિવસ રહે.

**કુંભ** (ગ,સ,શ) : આંતરિક જીવનમાં સારું રહે,સબંધો માં સુલેહ થી ચાલી શકો, વધુ ઉગ્રતાથી કામ ના લેવા સલાહ છે.

**મીન** (દ,ચ,ઝ,થ) : આપણા ગણીને ચાલતા હોઈએ તે બધા આપણા નથી હોતા!, હિત શત્રુથી કાળજી લેવી, વિશ્વાસે ના ચાલવું, મધ્યમ દિવસ.

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૨૮-૦૩-૨૦૨૬ શનિવાર**
૧૨:૦૦ થી ૦૩:૦૦ ગુજરાતી મુવી (વિઠ્ઠલ ટીડી)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (રસ મલાઈ)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદ: આજે નહીં તો ક્યારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ પોડકાસ્ટ (ધો. ૧૦-૧૨ પછી શું (અરુણ દવે))
૦૪:૩૦ થી ૦૫:૦૦ સ્પે.સ્ટોરી (મસાલા બજાર સ્ટોરી)
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (ધર્મ યુધ્ધ)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૨૯-૦૩-૨૦૨૬ રવિવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ રામકથા (પૂ.મોરારિબાપુ)
૧૦:૦૦ થી ૧૦:૩૦ સાપ્તાહિક રાશિ ભવિષ્ય (શાસ્ત્રી, રાકેશ મહારાજજી વ્યાસ)
૧૦:૩૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ
૧૧:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (આજ રાતની ગજબ વાત)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (પારસ પાંધી)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (તવા બર્ગર)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદ: આજે નહીં તો કયારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.સંજય દેસાઈ)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (કેરી ઓન લાલુ)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૩૦-૦૩-૨૦૨૬ સોમવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ રામકથા(પૂ.મોરારિબાપુ)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## ન્યુક્લિઅર જગ્યાઓથી લીકેજ મોટો ખતરો ગણી શકાય



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

અગાઉ અત્રે લખ્યા મુજબ બે મોટા ગ્રહણ પછી મિડલ ઈસ્ટમાં યુદ્ધ અટકવાનું નામ નથી લેતું અને અનેક દેશ આ યુદ્ધની અસરમાં આવી ચુક્યા છે ત્યારે પરિસ્થિતિ વધુ વણસે નહિ તે વિશ્વ સમુદાયે જોવું રહ્યું તો કુંભ રાશિમાં ગ્રહણ પછી અત્રે લખેલું કે ભરેલા કુંભની નિયતિ શું છે એ અકળ હોય છે અને કુંભ રાશિ પર શનિ અને રાહુનો પ્રભાવ છે વળી ગોચર ગ્રહોમાં મંગળ બુધ અને રાહુની યુતિ કુંભ રાશિમાં ચાલી રહી છે જે અર્થવ્યવસ્થાથી લઈ ને યુદ્ધના ભયાવહ દ્રશ્યો સામે લાવી રહી છે વળી આ કુંભમાં રાહુ અને મંગળ સાથે હોય વાતાવરણને જેરી તત્વોથી દુષિત કરે છે માટે ન્યુકિલઅર જગ્યાઓથી લીકિજ મોટો ખતરો ગણી શકાય અને વિશ્વ સમુદાય સક્રિય નહિ થાય તો આ લીકેજ સમગ્ર વાતાવરણને ગંભીર રીતે દુષિત કરી શકે વળી મંગળ મીનમાં શનિ તરફ જાય છે તે પણ યુદ્ધ ની સ્થિતિના કારણે મોટા સ્ફોટ અને દુર્ઘટનાથી બચવાનું સૂચન કરે છે જે સમજવું રહ્યું તો આ ગોચર ગ્રહનોની સ્થિતિમાં અમેરિકા અને ઈઝરાયેલ વચ્ચે પણ મતભેદ ઉભા થાય અને બીજા દેશો પણ તેમાં અસર પામતા અને કોઈને કોઈ રીતે યુદ્ધની આગમાં દાઝતા જોવા મળે વળી વિશ્વમાં દરેક પ્રકારની ઉર્જાનું સંકટ બને તે પહેલા આ યુદ્ધમાં વિરામ આવે એ જરૂરી છે.!!!

## અબતક પંચાગ

**તા.૨૯-૩ -૨૦૨૬ રવિવાર**

**વિક્રમ સંવત** ૨૦૮૨ **શાલીવાહન શકિ:** ૧૯૪૭
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૬
**તિથી** ચૈત્ર શુદ અગીયારસ કામદા એકાદશી
**નક્ષત્ર** આશ્લેષા
**યોગ** ધૃતિ **કરણ:** બવ
**સુર્યોદય** ૬.૪૩ **સુર્યાસ્ત:** ૭.૦૧
**ચંદ્ર રાશી** કર્ક
**રાશિ અક્ષર** ડ.હ
**દિશાશૂળ** પશ્ચિમ દિશા તરફ
**રાહુકાળ** સાંજે ૪.૩૦ થી ૬
**દિવસનાચોઘડીયા** ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ,શુભ,રોગ,ઉદવેગ
**રાત્રીનાચોઘડીયા** શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ,ઉદવેગ,શુભ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૩૨ થી ૧.૨૦

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૯૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૫ | | | | | |
| ૫ | | | | | ૭ | | ૯ | ૧ |
| | | | | | | | | ૬ |
| | | | | | | | | |
| | ૯ | | | ૨ | | | ૬ | |
| | | ૧ | | | ૪ | ૭ | | |
| ૮ | | | | | | | | |
| | | | ૧ | ૮ | ૫ | ૩ | | ૨ |
| | ૩ | | | | | | ૪ | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોક્સમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૯૨ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૬ | ૫ | ૮ | ૧ | ૩ | ૭ | ૨ | ૪ |
| ૨ | ૮ | ૪ | ૬ | ૫ | ૭ | ૯ | ૧ | ૩ |
| ૧ | ૭ | ૩ | ૨ | ૪ | ૯ | ૬ | ૫ | ૮ |
| ૮ | ૫ | ૧ | ૪ | ૯ | ૬ | ૨ | ૩ | ૭ |
| ૩ | ૨ | ૯ | ૫ | ૭ | ૮ | ૪ | ૬ | ૧ |
| ૬ | ૪ | ૭ | ૩ | ૨ | ૧ | ૫ | ૮ | ૯ |
| ૪ | ૯ | ૨ | ૧ | ૮ | ૫ | ૩ | ૭ | ૬ |
| ૫ | ૧ | ૬ | ૭ | ૩ | ૪ | ૮ | ૯ | ૨ |
| ૭ | ૩ | ૮ | ૯ | ૬ | ૨ | ૧ | ૪ | ૫ |

# માધવપુરના મેળાનો ગરિમામય પ્રારંભઃ પૂર્વ - પશ્ચિમની સાંસ્કૃતિક સંગમથી 'એક શ્રેષ્ઠ ભારત'ની ઝાંખી

## વન મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાના હસ્તે મેળો ખુલ્લો મૂક્યોઃ ગુજરાત અને પૂર્વોત્તર રાજ્યોના ૫૪૦ કલાકારોની પ્રસ્તુતિ વચ્ચે માધવપુર વિશ્વના નકશા પર ચમકશે

### પોલીસ જવાનો દ્વારા વરરાજા શ્રીકૃષ્ણને 'ગાર્ડ ઓફ ઓનર' અપાયુંઃ પ્રથમ ફૂલેકામાં માનવ મેદની



ઐતિહાસિક માધવપુર ઘેડના મેળામાં ભગવાન શ્રીકૃષ્ણ અને માતા રુક્મિણીજીના વિવાહ પ્રસંગની ઉજવણી અંતર્ગત ભક્તિમય માહોલ જામ્યો છે. ગઈકાલે રાજભોગ દર્શનના સમયે મધુવનમાંથી રુક્મિણીજીના પિયર પક્ષના ભાઈ-બહેનો ઢોલ-શરણાઈ અને ડીજેના તાલે હર્ષોલ્લાસ સાથે પધાર્યા હતા. પરંપરા મુજબ રુક્મિણીજીને વાજતે-ગાજતે તેમના પિયર રુક્મિણી મઠે લઈ જવામાં આવ્યા હતા, જ્યાં માતાજી હાલ બિરાજમાન છે. બીજી તરફ, ભગવાન શ્રીકૃષ્ણનું પ્રથમ ફૂલેકું માધવરાય મંદિરેથી વિધિવત રીતે પ્રસ્થાન થયું હતું. આ પ્રસંગે વરરાજા બનેલા ભગવાન શ્રીકૃષ્ણને પોલીસ જવાનો દ્વારા 'ગાર્ડ ઓફ ઓનર' આપવામાં આવ્યું હતું, ત્યારબાદ પ્રભુને એન્ટિક રથમાં બિરાજમાન કરવામાં આવ્યા હતા. આ શોભાયાત્રા મેઈન બજારમાં થઈ દાંડિયા રાસની રમઝટ અને બહેનોના મંગળ લગ્નગીતો સાથે બ્રહ્મકુંડ પહોંચી હતી. બ્રહ્મકુંડ ખાતે પ્રભુએ વિશ્રામ કર્યો હતો, જ્યાં તેમની ભવ્ય આરતી ઉતારી શીતલ જલ અને મેવાનો ભોગ ધરાવી પ્રસાદ વહેંચવામાં આવ્યો હતો. ભક્તોએ વરદુલ્હા શ્રીકૃષ્ણના ચરણસ્પર્શનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી. મોડી રાત્રે રથ નિજ મંદિરે પરત ફરતા પ્રભુના સામૈયા અને પોખણા કરવામાં આવ્યા હતા. મેળાના સાંસ્કૃતિક સ્ટેજ પર લોકગાયિકા ગીતાબેન રબારીના લોકગીતોના રસપાનમાં હજારોની જનમેદની ઉમટી પડી હતી. સમગ્ર માધવપુર 'જય માધવરાય'ના નાદથી ગુંજી ઉઠ્યું હતું. આજે તારીખ ૨૮ના રોજ રાત્રે ૯૦૦ કલાકે ભગવાન શ્રીકૃષ્ણનું બીજું ફૂલેકું માધવરાય મંદિરથી પરંપરાગત રીતે નીકળી બ્રહ્મકુંડ પહોંચશે, જેનો લાભ લેવા ભાવિકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.



### માધવપુર મેળાની વિશેષતા


માધવપુરનો આ મેળો સાંસ્કૃતિક વિરાસત જાળવવાની સાથે નવી રોજગારીની તકો ઉભી કરે છે. ભગવાન કૃષ્ણ-રુક્મિણીના મિલનને યાદ કરતો આ ઉત્સવ અરુણાચલ, મણિપુર અને આસામની સુગંધને ગુજરાતની ધરતી પર લાવી રાષ્ટ્રીય એકતા મજબૂત કરે છે. આગામી સમયમાં ૧૧ કિમી લાંબો બીચ અને લાયન સેન્ચુરી જેવા પ્રોજેક્ટ્સ માધવપુરના વિકાસને નવી ઉંચાઈ પર લઈ જશે.





### દ્વારકાના રાજમાર્ગો પર ઠાઠ-માઠ સાથે નિકળશે રુકિમણીજીનો વરઘોડો





**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા**

પવિત્ર યાત્રાધામ દ્વારકા ખાતે દર વર્ષે ચૈત્ર સુદ નૌમ (રામનવમી)થી ચૈત્રી અગિયારસ દરમ્યાન દ્વારકાધીશજી તેમજ તેમના મુખ્ય પટ્ટરાણી રુકિમણીજીનો ભવ્ય લગ્નોત્સવ ભકિતભાવ સાથે ધામધૂમપૂર્વક ઊજવવામાં આવે છે. આ વર્ષે પણ ભગવાન શ્રી દ્વારકાધીશના મુખ્ય પટ્ટરાણી રાજરાજેશ્વરી રુકિમણીજીના વિવાહ મહોત્સવ તથા ૨૯ માર્ચ દરમ્યાન વિધિ-વિધાનપૂર્વક ભકિતમય વાતાવરણમાં ઊજવવામાં આવનાર છે.





**અબતક, આશિષ પોપટ, પોરબંદર**

પોરબંદરના ઐતિહાસિક માધવપુર ઘેડ ખાતે ભગવાન શ્રીકૃષ્ણ અને માતા રુક્મિણીજીના લગ્ન પ્રસંગને યાદ કરતા સુપ્રસિદ્ધ મેળાનો વન અને પર્યાવરણ મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાના હસ્તે ભવ્ય શુભારંભ થયો છે. ઉદઘાટન પ્રસંગે સંબોધન કરતા મંત્રીએ જણાવ્યું હતું કે, સદીઓથી પરંપરાગત રીતે ઉજવાતો માધવપુરનો મેળો ગુજરાતના લોકજીવનના સાંસ્કૃતિક ધબકારને જીવંત રાખવાનું ઉત્તમ માધ્યમ છે. પૂર્વોત્તર રાજ્યના રુક્મિણીજી અને પશ્ચિમ ભારતના શ્રીકૃષ્ણનો આ મેળા દ્વારા થતો સાંસ્કૃતિક મિલાપ રાષ્ટ્રીય એકતાનું અનોખું પ્રતીક છે. વર્ષ ૨૦૧૮થી આ મેળાને જે રાષ્ટ્રીય સ્વરૂપ આપવામાં આવ્યું છે તેનાથી પ્રવાસન અને સ્થાનિક રોજગારીના નવા દ્વાર ખુલ્યા છે.

વધુમાં મંત્રીએ હર્ષ વ્યક્ત કર્યો હતો કે, રાજ્ય સરકાર દ્વારા દ્વારકાથી સોમનાથ વચ્ચેના દરિયાઈ પટ્ટી પર અનેક વિકાસ પ્રકલ્પો આકાર લઈ રહ્યા છે. માધવપુરમાં ૨૦૦ કરોડના ખર્ચે પક્ષી અભયારણ્ય અને ૨૫ કરોડના ખર્ચે સાંસ્કૃતિક વન તૈયાર થઈ રહ્યું છે. જેમ સ્ટેચ્યુ ઓફ યુનિટી અને કચ્છનો રણોત્સવ વૈશ્વિક ફલક પર ચમક્યા છે, તેમ માધવપુર પણ આગામી સમયમાં વિશ્વના પ્રવાસન નકશા પર અંકિત થશે અને સ્થાનિક યુવાનો માટે અર્થવ્યવસ્થાનું કેન્દ્ર બનશે. આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી ડો. મનસુખભાઈ માંડવીયાએ વિડિયો સંદેશ દ્વારા શુભકામના પાઠવતા જણાવ્યું હતું કે, આ મેળો એ માત્ર આયોજન નથી પણ જીવંત પરંપરા છે જ્યાં ભારત પોતાની આત્માના સૌથી સુંદર સ્વરૂપમાં દેખાય છે. આ મેળામાં પૂર્વોત્તર રાજ્યોના ૨૭૦ અને ગુજરાતના ૨૭૦ મળી કુલ ૫૪૦ કલાકારો પોતાની કલા પીરસી રહ્યા છે. પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા ૪૭ કરોડના ખર્ચે રુક્મિણીજી મંદિર અને બીચ ડેવલપમેન્ટના કામો પૂર્ણ થયા છે જ્યારે બીજા તબક્કામાં ૪૩ કરોડના ખર્ચે માધવરાય મંદિરની કાયાપલટ કરવાનું આયોજન છે.

આ પ્રસંગે ધારાસભ્ય ભગવાનજીભાઈ કરગઠિયા, કલેક્ટર એસ.ડી. ધાનાણી સહિતના મહાનુભાવો અને પદાધિકારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### રુક્મિણી મંદિરના પટાંગણમાં દ્વારકાધીશ રુક્મિણીજીનો લગ્નોત્સવ

**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા**

કાર્યક્રમની પ્રાપ્ત વિગતો અનુસાર સાંજીના ગીત યોજાયા બાદ ચૈત્ર સુદ દસમ તા.૨૮મી માર્ચને શનિવારના રોજ રુક્મિણી માતાજીના મંદિરે સવારે ૦૯.૦૦ કલાકથી ૧૨:૦૦ સુધી અગીયારી, મંડપમુહુર્ત તથા છપ્પનભોગ મનોરથ દર્શન યોજાશે. ત્યારબાદ સાંજે ૭ થી ૯ સુધી શ્રી દ્વારકાધીશના જગતમંદિરેથી રુક્મિણી માતાજીનો વરઘોડો નીકળશે. જે શહેરના વિવિધ રાજમાર્ગો પરથી ફરીને ભદ્રકાલી ચોક પાસે સમાપન થશે. આ ઉપરાંત તા.૨૯ માર્ચને રવિવારના રોજ સવારે ૮ થી ૧૦ વાગ્યા સુધી દ્વારકાધીશ જગતમંદિરે તથા રુક્મિણીજી મંદિરે ધ્વજારોહણ યોજાશે તેમજ સાંજે ૭ થી ૯ સુધી રુક્મિણી વિવાહ વિધિવિધાન અનુસાર રુકિમણી મંદિરના પટાંગણમાં થશે તેમજ રાત્રે ૮:૩૦ કલાકથી ૧૦ વાગ્યા સુધી મહાપ્રસાદ (જાનનું જમણવાર) ગુગ્ગુળી બ્રાહ્મણ બ્રહ્મપુરી નં.૧, દ્વારકા ખાતે રાખેલ છે. સમગ્ર રુકિમણી વિવાહ ઉત્સવના મુખ્ય યજમાન અમદાવાદના ચિરાગભાઈ પટેલ તથા પ્રતિક હેમંતભાઈ ભાયાણી પરિવાર છે.

# પોરબંદર મનપામાં વહીવટદારનું શાસન હોવા છતા પૂર્વ નગરસેવકોના હાથે ખાતમુહુર્તથી રાજકીય અચરજ

## શહેરમાં વેગવાન વિકાસ કાર્યોના પ્રારંભમાં વહીવટદાર તંત્ર દ્વારા પૂર્વ સભ્યોને અપાય છે પ્રાથમિકતા

**અબતક, પુજા થાનકી, પોરબંદર**

પોરબંદર મ.ન.પા.માં વહીવટદારનું શાસન હોવા છતા શહેરના વિકાસ કામોના ઉદઘાટન લોકાર્પણમાં ભાજપના પૂર્વ નગરસેવકોને આમંત્રીત કરી તેમના હાથે ખાતમુહુર્ત કરાવવામાં આવતા ભારે અચરજ સર્જાયું છે.

શહેરમાં ચાલી રહેલા વિવિધ વિકાસ કાર્યોના પ્રારંભ સમયે સત્તાવાર રીતે વહીવટદાર તંત્ર દ્વારા આયોજન થતું હોવા છતાં, કાર્યક્રમોમાં ભાજપના પૂર્વ ચૂંટાયેલા પ્રતિનિધિઓને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. અને નવાઈ ની વાત એ છે કે તાજેતર માં મુખ્યમંત્રી જે કરોડો ના વિકાસકાર્યોનું ખાતમુહુર્ત કરી ને ગયા હતા તે જ વિકાસકાર્યો ના ફરી ખાતમુહુર્ત થઈ રહ્યા છે જેને લઈ ને પ્રજા માં પણ આશ્ચર્ય જોવા મળે છે.બીજી તરફ આ મુદ્દે કોંગ્રેસ દ્વારા ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે. કોંગ્રેસના આગેવાનોનું કહેવું છે કે મહાનગરપાલિકામાં હાલ કોઈ રાજકીય બોડી નથી, છતાં ભાજપનો આડકતરો કબજો યથાવત જોવા મળી રહ્યો છે. કોંગ્રેસના પ્રતિનિધિઓએ જણાવ્યું કે, જ્યારે વહીવટદાર શાસન હોય ત્યારે તમામ કાર્યક્રમો તટસ્થ અને પ્રશાસનિક ધોરણે થવા જોઈએ. પરંતુ હાલ જે રીતે ભાજપના પૂર્વ સભ્યોને આગળ રાખીને ખાતમુહૂર્ત કરવામાં આવી રહ્યા છે, તે પ્રશાસનિક પારદર્શિતાને પ્રશ્ન હેઠળ મૂકે છે.

### હાપા- માતા વૈષ્ણોદેવી કટરા એક્સપ્રેસ મંગળવારે શહીદ કેપ્ટન તુષાર મહાજન સ્ટેશન સુધી જશે

**અબતક, રાજકોટ**

ઉત્તર રેલવેના જમ્મુ તવી ડિવિઝનના જમ્મુ તવી- માતા વૈષ્ણોદેવી કટરા સેક્શનમાં ચાલી રહેલા વિદ્યુતિકરણ કાર્ય અને ટ્રાફિક બ્લોકને કારણે, તારીખ ૩૧ માર્ચ, ૨૦૨૬ ના રોજ હાપાથી ઉપડનારી ટ્રેન સંખ્યા ૧૨૪૭૫, હાપા- માતા વૈષ્ણોદેવી કટરા એક્સપ્રેસ તેના નિર્ધારિત ગંતવ્ય સ્થાન સુધી ન જતા માત્ર શહીદ કેપ્ટન તુષાર મહાજન સ્ટેશન સુધી જ દોડાવવામાં આવશે.પરિણામે, આ ટ્રેન શહીદ કેપ્ટન તુષાર મહાજન સ્ટેશન અને માતા વૈષ્ણોદેવી કટરા સ્ટેશન વચ્ચે (આશરે ૨૫ કિલોમીટર) આંશિક રીતે રદ રહેશે. આ સમયગાળા દરમિયાન ટ્રેનનું માતા વૈષ્ણોદેવી કટરા સ્ટેશન પર સ્ટોપેજ રહેશે નહીં.રેલવે તંત્ર મુસાફરોને વિનંતી કરે છે કે તેઓ ઉપરોક્ત ફેરફારને ધ્યાનમાં રાખીને તેમની મુસાફરીનું આયોજન કરે. ટ્રેનોના સંચાલન અંગેની નવીનતમ માહિતી માટે મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લે, જેથી કોઈપણ પ્રકારની અસુવિધાથી બચી શકાય.




**39મી પૂણ્યતિથીએ સ્મરણાંજલિ**

હે મા ! લાખો લડાવી લાડ તમે પ્રેમથી મોટા કર્યા, એ માતાની મીઠી છાંયા અમોને જગતમાં કયાંય નહીં મળે, હૈયુ રડે, નયનો રડે ને રડી રહયા તમારા સંતાનો, એ આંસુડાને લુછનાર માયાળુ માં કયાં મળે? આપના દિવ્ય આત્માને પ્રભુ શાંતી અર્પે એજ પ્રાર્થના...

**સ્વ. મધુબેન પ્રાણલાલ શાહ**

**સ્વ. તા. ૨૮-૦૩-૧૯૮૭**

લી. સ્વ. પ્રાણલાલ વિઠ્ઠલદાસ શાહ - (ભુ.પુ.સરકયુલેશન મેનેજર-જનસત્તા પ્રેસ)

હેમંતકુમાર પ્રાણલાલ શાહ - જીલ્લા પંચાયત - જસદણ (રીટાયર્ડ)

મહેશકુમાર પ્રાણલાલ શાહ - શ્રી અરિહંત એડ., લક્ષ્મી એડ. - રાજકોટ.

જીતેશકુમાર પ્રાણલાલ શાહ - સૌરાષ્ટ્ર કચ્છ સ્ટોક એક્ષ., કેરગ્રોથ - રાજકોટ.

અ.સૌ. તૃષ્ટિ કેવલ શાહ - અ.સૌ. ડિમ્પલ રાહુલ શાહ

અ.સૌ. વિશ્વા મુનીલ શાહ - અ.સૌ. કૃતિ રોહીન શાહ

દેવાંશી, હીર, આરવ, કયારા, મિષ્ટી, નિરવા, શાહ પરિવારના જય જીનેન્દ્ર...


# દ્વારકામાં ઠાકોરજીને કુનવારા ભોગ મનોરથ

**અબતક, મહેન્દ્ર કકકડ, દ્વારકા**



યાત્રાધામ દ્વારકા એવી ભગવાન વિષ્ણુના સ્વરૂપ કૃષ્ણની કર્મભૂમિમાં તેમના જ સ્વરૂપ મર્યાદા પુરૂષોત્તમ ભગવાન શ્રીરામનો જન્મોત્સવ દર વર્ષની જેમ ધાર્મિક પરંપરાનુસાર ઉજવવામાં આવ્યો હતો. દ્વારકાધીશના ત્રૈલોકયસુંદર મંદિરમાં રામલલાના જન્મોત્સવને વધાવવા સવારે ૧૦:૩૦ કલાકે દર્શન બંધ કરાયા બાદ ધામક ષેડશોપચાર વિધિથી મંત્રોચ્ચાર અને અભિષેક પૂજન સાથે કાળિયા ઠાકોરને શંખ, ચક્ર, ગદા, પદ્મ સાથે ભગવાન શ્રીરામની જેમ ધનુષ્યબાણ તેમજ સિલ્કના પિતામ્બર અને કિરીટ મુગુટ ધારણ કરાવી શ્રીરામ સ્વરૂપનો શૃંગાર મનોરથ યોજવામાં આવ્યો હતો. બપોરે ૧૨ કલાકે શ્રીરામના જન્મ સમયે કુનવારા ભોગ મનોરથ સાથે દ્વારકાધીશની વિશિષ્ટ ઉત્સવ આરતી કરવામાં આવી હતી. રામલલાના જન્મ બાદ પૂજારી પરિવાર નિમમંદિરમાં હર્ષોલાસ સાથે નાચી જન્મોત્સવને વધાવ્યો હતો. જગતમંદિરમાં રામ જન્મોત્સવ નિમિત્તે ભાવિકોમાં પંજરી સહિત પ્રસાદનું વિતરણ કરાયું હતું. જગતમંદિરમાં બપોરે ૧:૩૦કલાક સુધી રામજન્મ નિમિત્તે દર્શન ખૂલ્લા રાખવામાં આવ્યા હતા.

### શંખ, ચક્ર, ગદા, પદ્મ સાથે કિરીટ મુગુટ ધારણ કરી

# દ્વારકાધીશ બન્યાં શ્રીરામ

**અબતક, મહેન્દ્ર કકકડ, દ્વારકા**



રામનવમીના પાવન અવસરે દ્વારકાધીશ જગતમંદિરમાં ઠાકોરજીને ભગવાન શ્રીરામ જેવો અલભ્ય શુંગાર કરવામાં આવ્યો હતો. જેના દર્શન મનોરથનો હજારો ભાવિકોએ લાભ લીધો હતો. ઓનલાઈન તેમજ સોશ્યલ મીડીયાના વિવિધ માધ્યમથી લાખો ભાવિકોએ ઠાકોરજીના દૈદિપ્યમાન સ્વરુપને નિહાળી ભાવવિભોર બન્યા હતા.


**રાજકોટ જિલ્લાના જેતપુર તાલુકાના કાગવડ ગામે કાગવડ બાયપાસ રોડ ઓન કાગવડ ખંભાલીડા રોડ બનાવવાના કામે સંપાદીત કરવાની થતી જમીન અંગે દાવા રજુ કરવા બાબતે કાયદાની કલમ-૨૧ હેઠળની જાહેર નોટીસ**

નં.પ્રાંક/ગોંડલ/જમન/૧/૯૦૩/૨૦૨૬ તા.૧૦/૦૩/૨૦૨૬

આથી નોટીસ આપવામાં આવે છે કે, આ સાથે જોડેલ જમીન સંપાદન, પુનઃ સ્થાપન અને પુનર્વસનમાં વાજબી વળતર અને પારદર્શિતાનો અધિકાર અધિનિયમ-૨૦૧૩ ની કલમ-૧૯(૧) હેઠળના સરકારશ્રીના મહેસૂલ વિભાગ, ગાંધીનગરના તા.૨૧/૦૨/૨૦૨૬ ના જાહેરનામા ક્રમાંક : અમ/મ/૨૦૨૬/૨૧૯/જરજ/૧૪૨૦૨૫/૪૫૧/ચ થી પ્રસિધ્ધ થયેલ આખરી જાહેરનામામાં નિર્દિષ્ટ કરવામાં આવેલ રાજકોટ જિલ્લાના જેતપુર તાલુકાના કાગવડ ગામમાં આવેલ જમીનમાં હિતસંબંધ ધરાવનાર સઘળા શખ્સને આ ઉપરથી જણાવવામાં આવે છે કે સદરહુ જમીનમાં પોતે પોતાનો હિત સંબંધ હોય તો તેના પ્રકાર અને હિત સંબંધ માટે વળતર મળવા સંબંધે જો કોઈ દાવાઓ હોય તો આ નોટીસની તારીખથી ૩૦ દિવસની અંદર રજુ કરવાના રહેશે.

કોઈપણ દાવા, નિવેદનો જો આખરી તારીખ બાદ મળશે તો અથવા તેમાં દાવો કરનારનો દાવો અને હિત સ્પષ્ટ રીતે બતાવવામાં નહી આવે તો તે રદ બાતલ થવાને પાત્ર છે.

નિયત સમયમર્યાદાની અંદર મળેલ દાવાની, જો કોઈ હોય તો, તા.૦૯/૦૪/૨૦૨૬ ના રોજ સમયઃ બપોરના ૧૨:૦૦ કલાકે પ્રાંત કચેરી, ગોંડલ ઠે.તાલુકા સેવા સદન, ૨૧-સ્ટેશન પ્લોટ, ગોંડલ-૩૬૦૩૧૧ ખાતે તપાસ / સુનાવણી કરવામાં આવશે. તે વખતે દાવો લેનાર પણ જો ઈચ્છે તો રૂબરૂ અથવા પોતાના વકીલ મારફત હાજર રહી શકે છે અને મૌખિક અથવા લેખિત દસ્તાવેજી પુરાવા પોતાના દાવાના સમર્થનમાં રજુ કરી શકે છે.

સ્થળઃ ગોંડલ
તા.૧૦/૦૩/૨૦૨૬

સક્ષમ સતાધિકારી જમીન સંપાદન અને
નાયબ કલેક્ટર, ગોંડલ

માહિતી -રાજ-૨૦૫૨-૨૫-૨૬

તંત્રી લેખ

# સંકટ સમયે રાહતનો ઠંડો મલમ

ઈરાન અને અમેરિકા-ઈઝરાયેલ વચ્ચે છેલ્લા ૨૮ દિવસથી ચાલી રહેલા ભિષણ યુધ્ધના કારણે વિશ્વના અનેક દેશોમાં કોરોના જેવી ચિંતાજનક કટોકટીનું નિર્માણ થયું છે. અફવાઓની આંધી મજબૂત બની ફૂંકાવા લાગી છે. સમય ચોકકસ સંકટનો છે. પણ સહિયારી સમજદારીથી આ સમયને સાંગોપાંગ પાર કરી શકાય તેમ છે. ઈંધણની અછત સર્જાવાની દહેશત છે. ઈંધણના ભાવો પણ વધી શકે છે. આવામાં સંકટની આ ઘડીમાં કેન્દ્ર સરકારે દેશની જનતાને રાહતનો ઠંડો મલમ આપ્યો છે. પેટ્રોલ અને ડીઝલ પરની એકસાઈઝ ડયુટીમાં લીટર દીઠ રૂ.૧૦નો ઘટાડો કરવામાં આવ્યો છે. આનો સિધ્ધો ફાયદો પણ હાલ લોકોને નહી મળે તેવું લાગતું હોય પરંતુ મોદી સરકારે ઈંધણના સંભવિત ભાવ વધારાને એકસાઈઝ ડયુટીમાં ઘટાડો કરી રોકી દીધો છે. યુધ્ધના કારણે ઈંધણની અછત ઉભી થતા ભારતના પાડોશી દેશોએ પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં કલ્પનીય વધારા ઝીંકયા છે.

ભારત પણ પોતાની ઈંધણની જરૂરિયાતનો મોટો જથ્થો આયાત કરે છે. હાલ યુધ્ધની અસરના કારણે આંતર રાષ્ટ્રીય બજારમાં ક્રુડ બેરલના ભાવમા વધારો થઈ રહ્યો છે. આવામાં દેશવાસીઓ પર ભાવ વધારાનો બોજ નાખવાના બદલે કેન્દ્ર સરકારે પોતાની આવક જતી કરવાનો બહુહિતકારી નિર્ણય કર્યો છે. પેટ્રોલ ઉપર અત્યાર સુધી લીટર દીઠ રૂ.૧૩ એકસાઈઝ ડયુટી વસુલવામાં આવતી હતી જે ઘટાડી રૂ.૩ કરી નાંખવામા આવી છે. આ ઉપરાંત ડીઝલ પર લીટર દીઠ જે રૂ.૧૦ એકસાઈઝ ડયુટી વધારવામાં આવતી હતી તે પણ શૂન્ય કરી દેવામાં આવી છે.

જેના કારણે ઓઈલ કંપનીઓને મોટી રાહત થઈ છે. પેટ્રોલ-ડીઝલ પરની ખોટ ઓછી થઈ જશેઅને ભાવ વધારાની સંભાવના પણ શૂન્ય થઈ જશે. બીજી તરફ ખાનગી ઓઈલ કંપનીઓ દ્વારા ભાવમાં જે વધારો કરવામાં આવ્યો છે. તે પણ હવે પરત ખેંચી લેવામા આવે તેવું સાનુકુળ વાતાવરણ ઉભુ કરી દીધું છે. સરકારની પ્રાથમિક ફરજ જ દેશની જનતાને આફતના સમયે સધિયારો પૂરો પાડવાની હોય છે. મોદી સરકાર હાલ આ જવાબદારીને ખૂબજ ખંત નિભાવી રહ્યા છે.

જનતાએ પણ આવી વિકટ વેળાએ સરકારની સાથે ખંભો મિલાવીને ઉભુ રહેવુ જોઈએ જયારે સરકાર ખાતરી આપે છે કે દેશમાં ઈંધણની કોઈ અછત નથી ત્યારે તેના પર વિશ્વાસ રાખી પેટ્રોલ ડીઝલ કે રાંધણ ગેસ માટે ખોટી લાઈનો લગાવવી જોઈએ નહી કોઈ એકલ દોકલ વ્યકિતથી કયારેય મુસિબત હલ થવાની નથી તેના માટે સહિયારો પ્રયાસ કરવો જોઈએ.

સતીષ કે. મહેતા

# સોમનાથમાં રામ જન્મોત્સવની ભકિતભાવપૂર્વક ઉજવણી, શ્રધ્ધાળુઓ રામ નામમાં થયા લીન



**અબતક, જયેર પરમાર, સોમનાથ**

પ્રથમ જ્યોતિર્લિંગ દેવાધિદેવ સોમનાથ મહાદેવનું તીર્થ આમ તો હરી અને હરની ભૂમિ કહેવામાં આવે છે. પરંતુ પુરાતન પુસ્તકો અનુસાર પ્રભુ શ્રીરામ પણ પિતૃ તર્પણ માટે પ્રભાસ તીર્થમાં પધાર્યા હતા જેથી અહીં સોમનાથ મહાદેવ અને શ્રીકૃષ્ણની સાથે સાથે શ્રીરામનું પણ અનેરૂ માહત્મ્ય છે. ચૈત્ર સુદ નવમી એટલે કે શ્રીરામ નવમીના પાવન અવસર પર સોમનાથ તીર્થ ઉત્સાહ અને ઉમંગથી છલકાયું હતું. સોમનાથ ટ્રસ્ટ દ્વારા નિર્મિત નૂતન રામ મંદિર ખાતે દિવસ દરમિયાન ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં હજારોની સંખ્યામાં શ્રદ્ધાળુ જોડાયા હતા.

સોમનાથ ટ્રસ્ટ તરફથી જનરલ મેનેજર વિજયસિંહ ચાવડા સહિત ટ્રસ્ટ પરિવાર દ્વારા શ્રીરામ પ્રભુની મહાપૂજા અને ધ્વજા પૂજા કરવામાં આવી હતી.

શ્રી રામ પ્રભુ અને તેમના પ્રિય સેવક કપિરાજ હનુમાનજીના ગુણોનું વર્ણન કરતા અને રામાયણનો રસસાર સમજાવતા સુંદરકાંડના પાઠનું શ્રી રામ મંદિર ખાતે સાંજના સમયે સંગીત સાથે લાઘવ યુક્ત પઠન કરવામાં આવ્યું હતું. શ્રદ્ધાળુઓ સુંદરકાંડ પાઠનું શ્રવણ અને પઠન કરી ધન્ય બન્યા હતા. સાથે સોમનાથ ટ્રસ્ટ દ્વારા શ્રી રામ જન્મોત્સવના અવસર પર વિશેષ અન્નકૂટ ભોગ શ્રીરામને અર્પણ કર્યો હતો.

# સતીકુંવર ટ્રસ્ટ દ્વારા હિન્દુ સેવા સમાજના પ્રમુખ જીતુભાઈ કુહાડાનું સન્માન



**અબતક, જયેશ પરમાર, સોમનાથ**

પ્રભાસપાટણ સોમનાથ ખાતે યોજાયેલી શોભાયાત્રામાં પ્રદેશ મહિલા મોરચાના પ્રમુખ અને સતીકુંવર ટ્રસ્ટના મીનાબા આર. જાદવ દ્વારા વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતુ જેમાં સનાતન હિન્દુ સેવા સમાજના પ્રમુખ જીતુભાઈ કુહાડા, ગુજરાત મેરી ટાઈમ બોર્ડના ડાયરેકટર કિશોરભાઈ કુહાડા તથા ભાજપના પૂર્વ ઉપપ્રમુખ ધનસુખભાઈ કુહાડાનું પુષ્પમાળા પહેરાવી અભિવાદન કરવામાં આવ્યુંહતુ.

# ગીર સોમનાથ ૧૦૮ ઈમરજન્સી સેવા ઈન્સપેકશનમાં 'ફૂલપાસ'

## ગુજરાત ઈમરજન્સી ઓપરેશન હેડ સતિષ પટેલે કરી ઈમરજન્સી સેવાની સમિક્ષા



**અબતક, અતુલ કોટેચા, વેરાવળ**

આરોગ્ય સેવાઓને વધુ અસરકારક અને ઝડપી બનાવવા માટે કાર્યરત ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાની કામગીરી અંગે ગુજરાત ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ સર્વિસના ઓપરેશનલ હેડ સતીશ પટેલ દ્વારા ગીર સોમનાથ જિલ્લામાં કાર્યરત ૧૦૮ એમ્બ્યુલન્સ અને ખિલખિલાટ સેવાની મુલાકાત લઈ સમીક્ષા કરી હતી. તેઓએ ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ સર્વિસ અને ખિલખિલાટ સેવાઓ તેમજ અન્ય પ્રોજેક્ટોની સમીક્ષા માટે મુલાકાત લીધી હતી.

આ મુલાકાત દરમિયાન સતીશ પટેલ દ્વારા સેવાઓની કામગીરી, સ્ટાફની તૈયારી અને વાહનોની જાળવણી અંગે સમીક્ષા કરવામાં આવી હતી. તેમણે મેદાન સ્તરના સ્ટાફ સાથે ચર્ચા કરીને અન્ય ચાલી રહેલા પ્રોજેકટોની પ્રગતિ પણ જાણી હતી. તે ઉપરાંત રિસ્પોન્સ ટાઈમ સુધારવા અને ગુણવત્તાયુક્ત આરોગ્ય સેવાઓ સુનિશ્ચિત કરવાના સૂચનો સાથે તેમણે ટીમના પ્રયાસોને બિરદાવ્યા અને કામગીરીમાં સુધારો લાવવા માર્ગદર્શન આપ્યું હતું. સમિક્ષામાં ગીર સોમનાથ ઈમરજન્સી નેટવર્ક ફૂલપાસ થયું હતું.

# ચોટીલાના ભીમોરા ગામે કાલે ઓઢાબાપુની પુણ્યતિથિ - પાટોત્સવ ઉજવાશે

## મહારાણા પ્રતાપના અશ્વ ચેતકની જન્મભૂમિ ભીમોરા બનશે ધર્મમય



**અબતક, રણજીતસિંહ ધાધલ, ચોટીલા**

ચોટીલાઃ પાંચાળ પરદેશની ઐતિહાસિક ધરા અને જ્યા શૌર્યના ઈતિહાસ ગુંજે છે તેવા ભીમોરા ગામે આગામી સમયમાં આધ્યાત્મિકતા, ભકિત અને ગૌરવશાળી ઈતિહાસનો ત્રિવેણી સંગમ રચાવા જઈ રહ્યો છે. ચોટીલા તાલુકાના ભીમોરા ગામે તારીખ ૨૯-૦૩-૨૦૨૬, રવિવાર ના રોજ પૂ.ઓઢાબાપુ હમીરબાપુ ખાચરની પુણ્યતિથિ તેમજ ઓઢેશ્વર મહાદેવના પાટોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

આ મહોત્સવ માત્ર ધાર્મિક જ નહીં, પણ ઐતિહાસિક દ્રષ્ટિએ પણ અત્યંત મહત્વનો છે. ઈતિહાસ સાક્ષી છે કે મહારાણા પ્રતાપનો લાડિલો અશ્વ 'ચેતક' નું મૂળ જન્મસ્થળ આ ભીમોરા ગામ છે. ઐતિહાસિક વિગતો મુજબ, ભીમોરા દરબારે કડુકા ગામના ચારણ ભુરા જેહળ ને બે ઉત્તમ જાતના અશ્વો ભેટમાં આપ્યા હતા. આ ચારણે મેવાડ જઈને મહારાણા ઉદયસિંહજીને આ અશ્વો અર્પણ કર્યા હતા, જેમાંથી એક 'ચેતક' તરીકે ઓળખાયો અને હલ્દીઘાટીના યુદ્ધમાં અમર થઈ ગયો.

સવારે ૯:૦૦ થી ૧:૩૦ કલાક દરમિયાન મહાદેવના સાનિધ્યમાં લઘુરૂદ્ર યજ્ઞ યોજાશે. રવિવારે પધારેલા મહાનુભાવો અને સંતોનું ભવ્ય સામૈયું કરવામાં આવશે. સાંજે ૪:૩૦ થી ૯:૩૦ કલાક સુધી તમામ ભાવિક ભકતો માટે મહાપ્રસાદની વ્યવસ્થા છે. રાત્રે ૯:૩૦ કલાકે ભક્તિ અને શૌર્ય રસની જમાવટ કરતા લોક ડાયરો યોજાશે.

આ સમગ્ર મહોત્સવ મહંત મનજીત ભારતી મહારાજના પાવન સાનિધ્યમાં ઉજવાશે. નિમંત્રક લાખાબાપુ તથા મુળુબાપુ પરિવાર તેમજ સમગ્ર ભાણેજ પરિવાર દ્વારા પંથકના તમામ શ્રદ્ધાળુઓને આ પવિત્ર પ્રસંગે પધારવા ભાવભર્યુ આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

**હેનાડી હમીરરા વૈદક હોડ વદા,**
**પીધે પાહોરરા આડા ભાંગે**
**ઓઢીયા**
**દાદો નાજો દેહભલ ભલો કાકો**
**ભોજ,**
**માણા તુદેમોજ એની અસરજ**
**નો હોય ઓઢીયા**

# ગોંડલઃ એડવોકેટે હરેશ જેતાણીનો જન્મદિવસ



ગોંડલ ના એડવોકેટ હરેશ ડી. જેતાણી નો આજે જન્મદિવસ છે. જેઓ છેલ્લા ૧૦ વર્ષ થી રેવન્યુ પ્રકટિસ માં જોડાયેલા છે બહોળું મિત્ર વર્તુળ ધરાવતા અને સરળ સ્વભાવના હરેશ ડી. જેતાણી-એડવોકેટ ને તેમના જન્મદિવસ નિમિતે મો. નં. ૯૫૩૭૫૩૫૬૧૨ ઉપર સગા સબંધી, સ્નેહીજનો, સીનીયર-જુનિયર વકીલ સહિતના મિત્રો તરફ થી શુભેચ્છાઓ વરસી રહી છે

# જુનાગઢ કો.કો. બેંકમાં રામનવમીની ભાવભેર ઉજવણી

## બેંકમાં બિરાજમાન રામ દરબારના દર્શન કરતા અર્જુનદાસબાપુ થયા રાજી



**અબ તક દર્શન જોશી, જુનાગઢ**

રામનવમી પર્વની જૂનાગઢ આઝાદ ચોક ખાતે આવેલ ધી જૂનાગઢ કોમર્શિયલ કો ઓપરેટિવ બેંક લી. માં બેંકના ચેરમેન સાગરભાઈ કોટેચાના માર્ગદર્શન હેઠળ ધર્મમય વાતાવરણમાં ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. જૂનાગઢ લંબે હનુમાન મંદિર ના મહંત અર્જુનદાસ બાપુના હસ્તે મહાઆરતીમાં બેંકના પથદર્શક બેંકના પથદર્શક ડોલરભાઈ કોટેચા, પૂર્વ ડેપ્યુટી મેયર ગીરીશભાઈ કોટેચા, રાજુભાઈ જોબનપુત્રા, સમગ્ર બેંક સ્ટાફ પરિવાર સાથે જોડાઈ ભગવાન રામચંદ્રજી ની ભવ્ય મહા આરતી કરવામાં આવી હતી.

બેંક માં બિરાજમાન રામ દરબાર જોઈને અર્જુનદાસબાપુ ખૂબ જ પ્રભાવિત થયા હતા, અને બેંક ઉતરોતર પ્રગતિ કરે તેવા આશીર્વાદ પાઠવ્યા હતા. બેંકના પથદર્શક ડોલરભાઈ કોટેચા એ અર્જુનદાસ બાપુના આશીર્વાદ મેળવી ધન્યતા અનુભવી હતી.

# સોમનાથ મહાદેવ મંદિર ટ્રસ્ટના ટ્રસ્ટી અને નિવૃત્ત મુખ્ય સચિવ પ્રવીણ લહેરીનો આજે જન્મદિવસ



પ્રભાસ પાટણ વિશ્વ પ્રસિદ્ધ શ્રી સોમનાથ મહાદેવ મંદિરના ટ્રસ્ટી રાજ્યના નિવૃત્ત મુખ્ય સચિવ અને અનેકવિધ સેવા સંસ્થાઓ સાથે જોડાયેલા પ્રવીણભાઈ લહેરીનો ૨૮ માર્ચે જન્મદિવસ ૨૮ માર્ચ ૧૯૪૫ના રોજ અમરેલી જિલ્લાના રાજુલા ખાતે જન્મેલા તેઓ ઉજ્જવળ કારકિર્દી સાથે રાજ્યના મુખ્ય સચિવપદ સુધી પહોંચી નિવૃત્ત થયા તેઓની સક્રિયતાથી સોમનાથ મંદિર, નર્મદા ડેમ, સદવિચાર પરિવાર સહિત ૫૦થી વધુ સંસ્થાઓમાં સેવા કાર્ય માટે સતત દોડતા રહે છે.

તેઓ સાહિત્યકાર તરીકે કવિ શ્રી કાગની કાગવાણી ઉપર વિચારધારા લેખક સરદાર અને ગાંધીજી, સંત કબીર સહિત વિષયો ઉપર વર્તમાન પૂર્તિઓમાં લેખો લખતા રહે છે. ''રંગ છે રાજુલા'' ''સરદાર સંસ્મરણો'' ''ઓમ તત સત, હિન્દુ સ્વરાજના શિલ્પી, કૃષ્ણ ભક્તિ જેવા અનેક પુસ્તકો તેમણે લખ્યા છે લહેરી પાસે વિઝન અને મિશન બંન્ને છે અને તેમના બહોળા સંપર્કોનો પણ લોક કલ્યાણ અર્થે સંસ્થાને લાભ મળતો રહે છે તેવી તેની પ્રતિભા તેમના જન્મદિવસે સોમનાથ મંદિરે તેમના દીર્ઘ આયુષ્ય માટે મહામૃત્યુંજય જાપ ,વિશેષ મહાપૂજા તેમજ સંધ્યા દીપમાળા કાર્યક્રમ યોજાય છે. તેમને ઠેર-ઠેરથી જન્મદિન શુભેચ્છાઓનો વરસાદ વસ્યો મોબાઈલ નંબર ૯૮૨૪૦૮૩૯૬૯.

# રાજકોટ જિલ્લા ભાજપના પ્રેસ-મીડિયા અગ્રણી અરૂણ નિર્મળનો જન્મદિવસ



રાજકોટ જિલ્લા ભાજપના પ્રેસ-મીડિયા અગ્રણી, રાજકોટ નાગરિક સહકારી બેન્કના શાખા વિકાસ સમિતિના સભ્ય અરૂણભાઈ નિર્મળનો કાલે તા.૨૮ના રોજ જન્મદિવસ છે. તેઓ આજે ૬૬ વર્ષ પૂર્ણ કરીને ૬૭મા વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહ્યા છે.

અરૂણભાઈ નિર્મળ નાનપણથી જ રાષ્ટ્ર પ્રથમના સંસ્કારોથી પ્રેરાઈ સમાજજીવનના કાર્યોમાં સતત સક્રિય છે. તેઓ વર્ષ ૧૯૭૧થી રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ સાથે જોડાઈ રાષ્ટ્રસેવાના કાર્યમાં નિષ્ઠાપૂર્વક જોડાયેલા છે. રાજકીય તેમજ સામાજિક ક્ષેત્રે પણ તેઓ વર્ષોથી વિવિધ જવાબદારીઓ સફળતાપૂર્વક નિભાવતા આવ્યા છે.

નિર્મળે વર્ષ ૧૯૯૫થી ૨૦૦૫ સુધી રાજકોટ શહેર ભારતીય જનતા પાર્ટીમાં પ્રેસ-મીડિયા સંબંધી મહત્વપૂર્ણ જવાબદારી સંભાળી હતી. ત્યારબાદ વર્ષ ૨૦૧૫થી ૨૦૨૩ સુધી રાજકોટ જિલ્લા ભાજપ પ્રેસ-મીડિયા ઈન્ચાર્જ તરીકે સેવા આપી હતી. આ દરમિયાન રાજકોટ મહાનગરપાલિકા, ધારાસભા, લોકસભા, જિલ્લા પંચાયત તથા તાલુકા પંચાયતની ચૂંટણીઓમાં પ્રચાર-પ્રસારની જવાબદારી સફળતાપૂર્વક સંભાળી હતી.

તેઓ ગુજરાત સરકારની ચાઈલ્ડ વેલ્ફેર કમિટીમાં ૫ વર્ષ સુધી મેમ્બર તરીકે તેમજ ટેલિફોન એડવાઈઝરી કમિટીમાં ૩ વર્ષ સુધી જવાબદારી નિષ્ઠાપૂર્વક સંભાળી ચૂકયા છે. તેઓ સેવાકીય, સામાજિક, સાંસ્કૃતિક તથા ધાર્મિક પ્રવૃત્તિઓ દ્વારા તેઓ સતત સમાજ સેવામાં જોડાયેલા રહ્યા છે. આ વર્ષે પોતાના જન્મદિવસ નિમિતે તેઓ ૬૭ કીલો ચણ પક્ષીઓને અર્પણ કરી અનોખી રીતે ઉજવણી કરશે.

અરૂણભાઈ નિર્મળના જન્મદિવસ નિમિતે રાજકોટ શહેર અને જિલ્લા ભાજપના હોદ્દેદારો, સંસદસભ્ય, ધારાસભ્ય, રાજકોટ નાગરિક સહકારી બેન્કના ચેરમેન, વાઈસ ચેરમેન, ડિરેક્ટરો તથા અધિકારીઓ, સહકાર ભારતી તેમજ વિ.હિ.પ.ના અગ્રણીઓ, લાયન્સ કલબ, રાજકીય, સામાજિક અને ધાર્મિક સંસ્થાઓના સંતો-મહંતો, અગ્રણીઓ તેમજ શુભેચ્છક મિત્રો તરફથી તેમને મો.૯૮૨૪૪ ૧૬૬૩૯, ૮૩૨૦૪ ૨૯૨૫૮ ઉપર જન્મદિવસની શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે.

# ગાંધીધામઃ મેઘપર-બોરીચી, કુંભારડીની ૧૨૯ કરોડની પાણી યોજનાને મંજુરી

## મનપાઃ પાણી પ્રોજેક્ટ માટે ટુંકમાં જ ટેન્ડર બહાર પડાશે

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

ગાંધીધામ મહાનગરપાલિકાના મેઘપર-બોરીચી અને મેઘપર-કુંભારડી વિસ્તારમાં પીવાના પાણીના નેટવર્કનો અભાવ હોવાથી લોકોને મુશ્કેલી પડતી હતી, જેના નિવારણ માટે મહાનગરપાલિકા દ્વારા રૂ.૧૨૯ કરોડનો માસ્ટર પ્લાન તૈયાર કરી સરકારમાં મોકલવામાં આવ્યો હતો, જેને આજે મંજૂરી મળી છે. આ પ્રોજેક્ટ અંતર્ગત રામબાગ હેડ વોટર વર્કસ પર ૫૬ એમ.એલ.ડી.નો ટ્રીટમેન્ટ પ્લાન્ટ, વરસામેડીથી રામબાગ હેડ વોટર વર્કસ સુધી નવી પાઈપલાઈન, મેઘપર- બોરીચી અને કુંભારડીમાં બે ઊજળ અને ૨૩૮ કિમી લાંબી આંતરિક વિતરણ લાઈનો નાખવામાં આવશે. મહાનગરપાલિકાની અખબાર યાદી મુજબ, ટૂંક સમયમાં ટેન્ડર પ્રક્રિયા હાથ ધરી આગામી દોઢ થી બે વર્ષમાં આ કામગીરી પૂર્ણ કરવામાં આવશે, જેનાથી હજારો પરિવારોને પૂરતા પ્રમાણમાં શુદ્ધ પાણી મળી રહેશે.

# જુનાગઢ એસટી.ના મહિલા કંડકટરની પ્રમાણીકતા ઝળહળી

## હજાજરો રૂપિયાની મત્તા ભરેલ થેલી માલીકને પરત કરાવી



**અબ તક દર્શન જોશી, જુનાગઢ**

જુનાગઢ એસટીના એક મહિલા કંડકટરએ હજારો રૂપિયા ભરેલી થેલી પ્રમાણિકતા સાથે એસટી.ના પ્રવાસીને પરત કરાવી, એસટી. વિભાગનું ગૌરવ પ્રતિષ્ઠા વધારતા એસટી. વિભાગના અધિકારીઓ, કર્મીઓએ તેણીની પ્રમાણિકતા બિરદાવી હતી.

વેરાવળ ડેપોની ચોરવાડ-જૂનાગઢ બસમાં કેશોદથી જૂનાગઢ આવવા માટે એક વૃધ્ધ મહિલા મુસાફરી કરી રહ્યા હતા, ત્યારે તેની પાસે આશરે ૧૩ થી ૧૪ હજાર રૂપિયાની થેલી બસમાં ભુલી ગયા હતા અને જૂનાગઢ આવતા વૃધ્ધ મહિલા બસમાંથી ઉતરી ગયા હતા પણ આ બસના કંડકટર બેનાબેન જી. ચુડાસમા બપોરે ૩:૩૦ વાગ્યે નોકરી પુરી કરી રહ્યા હતા ત્યારે આ પૈસાની થેલી તેની નજરે ચડતા, કંડકટર બેનાબેને જૂનાગઢ સીનીયર ડેપો મેનેજર કરમટાને જાણ કરી દીધી હતી, જે બાબતે મેનેજરએ એટીઆઈ જી.કે.ગળચરને જાણ કરતા ગળચરે વી.કે. ભાદરકાને જણાવતા ભાદરકાએ આ રૂપિયાના માલીકનો સંપર્ક કરી, પ્રવાસીના દીકરા યુસુફભાઈ હુસેનભાઈ કચરાની ખરાઈ કરી આ રૂપિયા ભરેલી થેલી વૃધ્ધા પ્રવાસીના દીકરાને સુપ્રત કરી હતી.

આમ એક મહિલા કંડકટર એ હજારો રૂપિયા ભરેલી થેલી પ્રમાણિકતા સાથે એસટી.ના પ્રવાસીને પરત મળી જાય તેવા પ્રયત્ન કરી, એસટી. વિભાગનું ગૌરવ પ્રતિષ્ઠા વધારતા એસટી. વિભાગના અધિકારીઓ, કર્મીઓએ તેણીની પ્રમાણિકતા બિરદાવી હતી.

# ગોંડલના ધુડશીયામાં ધારાસભ્ય ગીતાબા જાડેજાના હસ્તે દોઢ કરોડના વિકાસ કામોનું ખાતમુહુર્ત

## ધુડશીયા ગામના વિકાસ કામો માટે ધારાસભ્ય ગીતાબાની પ્રતિબધ્ધતા લેખે લાગી



**અબતક, જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**

ગોંડલ તાલુકાના ધૂડશીયા ગામના સર્વાંગી અને સુદ્રઢ વિકાસ માટે રૂ. ૧.૫૦ કરોડથી વધુના વિવિધ વિકાસ કાર્યોને મંજુરી આપવામાં આવતા ગામમાં ખુશીની લાગણી છવાઈ ગઈ છે. ધુડશીયાનો વિકાસ ધારાસભ્ય ગીતાબા જાડેજાના દઢ સંકલ્પ, વિકાસલક્ષી દ્દષ્ટિકોણ અને સતત પ્રયત્નોના પરિણામે શક્ય બન્યો છે.

મંજુર થયેલ વિકાસ કાર્યો અંતર્ગત ગામના આંતરીક માળખાને મજબૂત બનાવવા માટે નોંધપાત્ર યોજનાઓ અમલમાં મુકવામાં આવશે, જેમાં રૂ. ૪૫ લાખના ખર્ચે પ્રોટેક્શન દિવાલ, રૂ. ૪૦ લાખના ખર્ચે સીસી રોડ, રૂ. ૮ લાખના ખર્ચે ધાબી (પ્લેટફોર્મ) અને રૂ. ૩ લાખના ખર્ચે પેવર બ્લોકના કામોનો સમાવેશ થાય છે. આ તમામ કાર્યો ગામના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નવી દિશા આપશે તેમજ નાગરિકોના જીવન સ્તરમાં ગુણાત્મક સુધારો લાવશે.

આ વિકાસને ગતિ આપવામાં યુવા અગ્રણી ગણેશભાઈ જાડેજા તથા જિલ્લા ભાજપ પ્રમુખ અલ્પેશભાઈ ઢોલરિયાની આગવી સુજબુજ, દુરંદેશી વિચારસરણી અને સુવ્યવસ્થિત આયોજનની વિશેષ ભૂમિકા રહી છે. તેમના માર્ગદર્શન હેઠળ વિકાસ કાર્યોને સુચારૂ રીતે અમલી બનાવવામાં આવી રહ્યા છે.

તાલુકા ભાજપ પ્રમુખ અશ્વિન ઠુંમરની સશક્ત અને પ્રેરણાદાયી આગેવાનીમાં ધૂડશીયા ગામ વિકાસના પંથ પર દ્રૂત ગતિએ આગળ વધી રહ્યું છે.

ધુડશીયા ગામનાં ભવિષ્યને મજબૂત, સમૃદ્ધ અને આત્મનિર્ભર બનાવવાની દિશામાં એક દુરંદેશી અને સકારાત્મક પગલું સાબિત થઈ રહ્યાનુ યાદીમાં જણાવ્યું છે.

# જમીન પચાવી પાડવા યુવાનને કૌટુંબિક કાકા સહિતની ટોળકીએ વારંવાર ધમકાવ્યો

## જેતપુરના મોણપર ગામે આવેલી ખેતીની જમીન ઢોર ચરાવવા રાખ્યા બાદ આરોપીઓની નિયત બગડી: જમીન પહેલા તારી હતી, હવે અમારી છે, ખેતર બાજુ જઈશ તો જીવતો નહિ રહેવા દઈએ કહી ધમકાવનાર છ શખ્સો વિરૂદ્ધ ગુનો નોંધાયો

**અબતક, રાજકોટ**

જેતપુરના મોણપર ગામે જમીન પચાવી પાડવાના ઈરાદે યુવાનને કૌટુંબિક કાકા સહીતની ટોળકીએ વારંવાર ધમકીઓ આપી હતી. તારી જમીન હવે અમારી છે, ખેતર બાજુ જતો નહિ, નહિતર તને જીવતો નહિ રહેવા દઈએ કહી ધમકી આપનાર છ શખ્સોની ટોળકી સામે યુવાને ફરિયાદ નોંધાવી હતી.

મૂળ જેતપુરના મોણપર ગામના વતની અને હાલ રાજકોટ શહેરના કાલાવડ રોડ પર સ્વામિનારાયણ મંદિરની પાછળ વૈશાલીનગર શેરી નં.-૩ માં રહેતા અને ડ્રાયવિંગનો વ્યવસાય કરતા ૪૦ વર્ષીય યુવાન ભુપેન્દ્રભાઈ ઉર્ફે રઘુભાઈ દડુભાઈ ધાધલે આરોપી તરીકે મોણપર ગામના ગટુભાઈ ઉર્ફે પુંજભાઈ જીલુભાઈ ધાધલ, અનકભાઈ જીલુભાઈ ધાધલ, પ્રતાપભાઈ જીલુભાઈ ધાધલ, બાબભાઈ જીલુભાઈ ધાધલ, ભરતભાઈ જીલુભાઈ ધાધલ અને ઉમેદભાઈ જીલુભાઈ ધાધલનું નામ આપતાં જેતપુર ઉધોગનગર પોલિસેં બીએનએસની કલમ ૩૦૮(૪), ૩૫૧(૩),૩(૫) હેઠળ ગુનો નોંધી કાર્યવાહી આદરી હતી.

યુવાને નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, મારે જેતપુર તાલુકાના મોણપર ગામે ખેતીની જમીન સર્વે નંબર ૧૪૩ માં ૮ વીઘા જેટલી છે. આ જમીન મારા તથા મારા મોટાભાઈ નામે સુરેશભાઈ દડુભાઈ ધાધલના નામે છે. આ જમીન અમને વારસાઈમાં આવેલ છે. ૩૦ વર્ષ પહેલા મારા દાદી રાણબાઈબેન લોમભાઈ ધાધલ જીવીત હતા ત્યારે આ જમીનમાં અમે કોઈ ખેતી કામ કરતા ન હતા જેથી તેઓએ અમારા ગામના ગટુભાઈ ઉર્ફે પુંજભાઈ જીલુભાઈ ધાધલને આ જમીનમાં ભેંસો ચરાવા માટે આપેલ હતી. બદલામાં ગટુભાઈ મારા દાદીને દુધ આપતા હતા. આશરે ૨૫ વર્ષ પહેલા દાદીનુ અવશાન થઈ ગયેલ હતુ. પરંતુ આ ગટુભાઈ ભેંસો ચરાવાનુ ચાલુ રાખેલ હતુ. તેના બદલામાં કોઈ રૂપીયા આપતા ન હતા. જેથી આશરે ૨૦ વર્ષ પહેલા ગટુભાઈ પાસે હુ અમારી જમીનમાં ભેંસો ચરાવા પેટેના રૂપીયા લેવા તેના ઘરે ગયેલ હતો. ત્યારે તેણે કહેલ કે, ભેંસ ચરાવાના કોઈ રૂપીયા દેવા નથી, તારા દાદીને અમેં દુધ આપતા હતા તેટલુ દુધ જોતુ હોય તો હુ તને રોજ દુધ આપીશ. જેથી મે કહેલ મારે દુધ નથી જોતુ મારે મારી જમીનનુ ભાડુ જોઈ છે. ત્યારે તેણે કહેલ કે, આ જમીન હવે મારી છે અને તેમા અમારી ભેંસોને ચારો ચરતા રોકીશ તો તારા ટાટીયા ભાંગી નાખીસુ તેમ ધમકી આપેલ હતી.

બાદ ૨૦૧૧-૧૨ માં મે મારી જમીન ગામમાં બીજા કોઈને ચારણ માટે આપુ તો મને પુરૂ વળતર મળી રહે પણ આરોપીઓના ડરથી અમારા ગામમાં કોઈ બીજી વ્યક્તિ ચારણ માટે રાખતુ ન હતુ. જેથી મે જમીન ખેડ કરી હતી. ત્યારે ગટુભાઈ અને અનકભાઈએ મને હું મારી વાડીએ જતો હતો ત્યારે રસ્તામાં મળતા કહેલ કે, તે જમીન કેમ ખેડ કરી નાખી? બાદ જાનથી મારી નાખવાની ધમકી આપેલ હતી. પરંતુ બન્ને સામાવાળા મારા કૌટુંબીક કાકા થતા હોઈ જેથી મે જે તે સમયે પણ ફરીયાદ કરેલ ન હતી. બાદ વર્ષ ૨૦૨૨ માં અમારી જમીન પડતર હોઈ જેથી ફરીથી ખેડ કરેલ હતી. જેના થોડા દીવસ બાદ ગટુભાઈ ઉર્ફે પુંજભાઈને ખબર પડતા હું મોણપરથી વિરપુર જતો હતો ત્યારે ગટુભાઈની વાડી પાસે મને તેઓ રૂબરૂ મળેલ ત્યારે કહેલ કે, તમે કેમ ખેતર ખેડી નાખ્યુ ? જેથી મે કહેલ કે આ જમીન મારા બાપદાદાની છે અને તમે ચારણનો એક રૂપીયો પણ આપતા નથી તો હું મારી જમીનમાં ખેડ કરી જ નાખુને. ત્યારે ગટુભાઈએ મને કહેલ કે આ જમીન હવે અમારી છે, તેમા પગ મુકતો નહી કહી બેફામ ગાળો ભાંડી ખૂનની ધમકી આપી તેના મોટરસાયકલમાં ટીંગાડેલ કુહાડી વડે મને મારવા દોડેલ હતા પરંતુ કોઈ અજાણ્યા મુસાફરે વચ્ચે પડી મને બચાવી લીધેલ હતો. જેથી મે ગટુભાઈને કહેલ કે, હું તમારા વિરૂદ્ધ પોલીસ ફરીયાદ કરીશ. તો તેણે મને એવું કીધેલ કે, અમે કોઈથી ડરતા નથી, તારાથી થાઈ તે કરી લેજે, અમારૂ જુથ છે અમારી પાસે પૈસા છે. બાદ ગઈ તા-૨૫/૦૮/૨૦૨૫ ના રોજ અમારી જમીનમાં ગટુભાઈ ઉર્ફે પુંજભાઈ જીલુભાઈ ધાધલ, અનકભાઈ જીલુભાઈ ધાધલ, પ્રતાપભાઈ જીલુભાઈ ધાધલ, બાબભાઈ જીલુભાઈ ધાધલ, ભરતભાઈ જીલુભાઈ ધાધલ, ઉમેદભાઈ જીલુભાઈ ધાધલની ભેંસો ચરતી હોય જેનો તે વખતે અમારા શેઢા પાડોસી દીલીપભાઈ બાધુભાઈ ધાધલે તેના મોબાઈલમાં વિડીયો ઉતારી મને મોકલેલ હતો. જેથી મેં આ લોકોને કહેલ કે તમે મારા ખેતરમાં ઢોર ચારો છો હવે મારે મારૂ ખેતર ખેડવાનું છે. જેથી તમામેં મને ધમકી આપેલ કે, તુ ખેતર બાજુ જતો નહી, જમીન તારી હતી પણ હવે અમારી છે, જો તુ ખેતરે જઈશ તો તને જીવતો નહી રહેવા દઈએ, અમે છ ભાઈઓ છીએ એકાદ જેલમાં રહે તો કાઈ ફેર પડશે નહી પણ તને જીવતો નહી રહેવા દઈએ તેમ ધમકી આપેલ હતી. બાદ જ્યારે પણ હું મારા ઉપરોક્ત ખેતર બાજુ જતો ત્યારે તમામ આરોપીઓ વારા ફરતે મને ધમકી આપતા હતા. જેથી યુવાને તમામ આરોપીઓ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

# માલવણ નજીક રામદેવ હોટલના બાથરૂમમાંથી દારૂ બીયરના જથ્થા સાથે સંચાલક ઝડપાયો

## દારૂ અને બીયરના ટીન મળી રૂ.૪.૯૨ લાખનો મુદામાલ કબ્જે કરતી બજાણા પોલીસ

**અબતક, ધનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર જીલ્લામાંથી પસાર થતા હાઈવે સહિત મુખ્ય માર્ગો પર થી મોટા પ્રમાણમાં ઈંગ્લીશ દારૂની હેરાફેરી અને કટીંગ જેવી અસામાજીક પ્રવૃતિઓ વધી રહી છે ત્યારે બજાણા પોલીસે માલવણ-ધ્રાંગધ્રા હાઈવે પર આવેલ પીપળી ચોકડી પાસે આવેલ રામદેવ હોટલની પાછળ સાઈડમાં આવેલ બાથરૂમમાંથી બાતમીના આધારે ઈંગ્લિશ દારૂ સહિતના મુદામાલ સાથે એક શખ્સને ઝડપી પાડ્યો



હતો. જેમાં સ્થળ પર થી આરીફખાન નસીબખાન મલેક, રહે.પીપળી, તા.પાટડી વાળાને ઈંગ્લીશ દારૂની નાની બોટલો નંગ ૧૩૪૪ તથા બીયર ટીન નંગ ૬૪૮ સહિત કૂલ રૂ.૪.૯૨ લાખનો મુદામાલ કબજે કર્યો હતો. જ્યારે ઝડપાયેલ શખ્સની વધુ પૂરછપરછ કરતા હોટલના સંચાલક દીપારામ ભોમારામ અને ભોમારામ લક્ષ્મણરામ, બન્ને રહે. રાજસ્થાન વાળાની સંડોવણી બહાર આવી હતી. આથી બજાણા પોલીસે ઝડપાયેલ શખ્સ અને હોટલના સંચાલક સહિત કૂલ ૦૩ શખ્સો સામે પ્રોહીબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# જેતપુરના પેઢલા ગામે કપડાં પર સરબત ઢોળાઈ જતાં આધેડનું માથું ફોડી નાખ્યું

**અબતક, રાજકોટ**

જેતપુરના પેઢલા ગામે કપડાં પર શરબત ઢોળાઈ જતાં આધેડને લાકડી વડે માર મારી માથું ફોડી નખાયું હતું. રામનવમી પર્વે નીકળેલી શોભાયાત્રા દરમિયાન લોકોને શરબત પીવડાવતા આધેડથી ભુલમાં આરોપીના કપડાં પર શરબત ઢોળાઈ જતાં ઉશ્કેરાયેલા શખ્સેં હુમલો કરી દીધો હતો. જે મામલે આધેડે જેતપુર ઉધોગનગર પોલિસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

## રામનવમી પર્વે શોભાયાત્રામાં દર્શનાર્થીઓની સેવા કરતા આધેડ પર ઉશ્કેરાયેલો શખ્સ લાકડી વડે તૂટી પડ્યો: ગુનો નોંધાયો

બનાવ અંગે જેતપુરના પેઢલા ગામે રહેતા ૫૦ વર્ષીય આધેડ પુનાભાઈ કરશનભાઈ રાઠોડએ આરોપી તરીકે પુંજાભાઈ માંડાભાઈ વાલેરાનું નામ આપતાં જણાવ્યું હતું કે, ગત તા.૨૭/૦૩/૨૦૨૬ ના બપોરના આશરે સાડા ત્રણેક વાગ્યે અમારા ગામમાં રામ ભગવાનના દર્શન કરાવવા માટે બે ટ્રેક્ટર નીકળેલ હોય જેથી હું રામાપીરના મંદીરવાળી શેરીમાં આવેલ મુકેશભાઈ દાનાભાઈના ઘર પાસે જોવા માટે ઉભેલ હતો. જેમાં સેવાભાવી માણસો ટ્રેક્ટર લઈને શરબત પાવા માટે આવેલ હતા. આ સરબતના ટ્રેક્ટરમાંથી સરબતની પ્લેટ લઈને હું લોકોને શરબત પીવડાવતો હતો. દરમિયાન ત્યાં ઉભેલ પુંજાભાઈ માંડાભાઈ વાલેરાને શરબત પીવડાવવા માટે એક ગ્લાસ આપતા ગ્લાસમાંથી શરબત ઢોળાઈને તેના કપડા ઉપર પડતા પુંજાભાઈ એકદમ ઉશ્કેરાઈ ગયેલ હતા. બાદ તેણે શરબતનો ગ્લાસ નીચે પાડી મને ગાળો આપવા લાગેલ હતા. બાદ પુંજાભાઈ પોતાના ઘરમાંથી લાકડી લઈને બહાર શેરીમાં આવેલ અને મને માથાના ભાગે લાકડી મારી દિધેલ હતી. જેથી મને માથામાંથી લોહી નીકળવા લાગતા હું નીચે પડી ગયેલ હતો.

બાદ ગામના મહેશભાઈ સાયરીયા પોતાના મોટરસાયકલમાં બેસાડીને મને જેતપુર સરકારી હોસ્પિટલ ખાતે સારવાર અર્થે લઈ ગયેલ હતા. જયા સારવાર લીધા બાદ આધેડે જેતપુર ઉધોગનગર પોલિસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

# તાલાલામાં સોશિયલ મીડિયા પર ભય ફેલાવતો શખ્સને ધારદાર છરી સાથે ઝડપાયો

**અબતક લીલાધર હાલવાણી, તાલાલા**



તાલાલાના સોશિયલ મીડિયા પર હથિયારોનું પ્રદર્શન કરી ભય ફેલાવતા તત્વો સામે ગીર સોમનાથ એસ.ઓ.જી.એ લાલ આંખ કરી છે. તાલાળા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન, સોશિયલ મીડિયા પર ધારદાર છરી સાથે ફોટો અપલોડ કરનાર ઈન્તિયાજભાઈ ઉર્ફે જંગલ ભીખાભાઈ મકવાણા (ઉં.૩૩) ને પોલીસે ઝડપી પાડ્યો છે. ગીર સોમનાથ એસ.પી. જયદિપસિંહ જાડેજાની સૂચનાથી એસઓજી ઈન્ચાર્જ પી.આઈ. ડી.એમ. કાગડા અને તેમની ટીમે આ કાર્યવાહી કરી હતી. આરોપી પાસેથી ૬ ઈંચ લાંબી સ્ટીલની છરી કબજે કરવામાં આવી છે. હથિયારબંધી જાહેરનામાનો ભંગ કરવા બદલ આરોપી વિરુદ્ધ તાલાળા પોલીસ સ્ટેશનમાં જી.પી. એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# ધ્રોલ: વિદેશી દારૂના જથ્થા સાથે પરેશ પરમાર ઝડપાયો

**અબતક, સંજય ડાંગર, ધ્રોલ**

ધ્રોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં દારૂબંધીના કડક અમલવારીના ભાગરૂપે પોલીસે બાતમીના આધારે રહેણાંક મકાનમાં દરોડો પાડી વિદેશી દારૂના જથ્થા સાથે એક શખ્સને ઝડપી પાડ્યો છે. ધ્રોલના મોરબી નાકુ વચ્ચલી બ્રહ્મપોળ વિસ્તારમાં રહેતા પરેશભાઈ ઉર્ફે કપુડો લક્ષ્મણભાઈ પરમારના રહેણાંક મકાનમાં તપાસ હાથ ધરવામાં આવી હતી. આ દરોડા દરમિયાન મકાનમાંથી દારૂના ૦૮ નંગ ચપટા (કિંમત રૂ.૮૦૦/-) મળી આવ્યા હતા. તપાસમાં ખુલ્યું હતું કે આ જથ્થો માત્ર દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવમાં વેચાણ માટેનો હતો. પોલીસે આરોપી પરેશભાઈ પરમારની ધોરણસર અટકાયત કરી તેની વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ધ્રોલ પોલીસ સ્ટેશનના પોલીસ કોન્સ્ટેબલ નાગજીભાઈ પુંજાભાઈ ગમારા, એ.એસ.આઈ. વી.વી. બકુત્રા અને હેડ કોન્સ્ટેબલ એચ.બી. સોઢિયા સહિતના સ્ટાફ દ્વારા કરવામાં આવી હતી.

# બરડા પંથકમાં અકસ્માતમાં ભાઈને બચાવવા રિક્ષામાંથી કુદકો મારનાર પરિણીતાનું મોત

## બાઈક સ્લીપ થતા ચાલકને ઈજાગ્રસ્ત હાલતમાં જોઈ જતા બહેને છકડામાંથી કુદકો મારતા સારવારમાં દમ તોડયો

**અબતક, પુજા થાનકી, પોરબંદર**

પોરબંદરના બરડા પંથકમાં ભાવપરા ગામ નજીક અકસ્માત સર્જાયો હતો જેમાં યુવતી નું મોત નીપજ્યું હતું તો આ યુવતીના ભાઈને ગંભીર ઈજાઓ થતા સારવારમાં ખસેડાયો હતો.

બનાવ ની પ્રાપ્ત વિગત મુજબ મિયાણી ગામે રહેતો આવડ સવદાસ જમોડ નામનો યુવાન મોટરસાયકલ લઈને જતો હતો ત્યારે ભાવપરા ગામ નજીક તેનું મોટરસાયકલ સ્લીપ થઈ જતા અકસ્માત સર્જાયો હતો જેમાં તેને ગંભીર ઈજાઓ થઈ હતી તો આ અકસ્માત વખતે જ આવડ ના મોટરસાયકલ ની આગળ એક છકડો રીક્ષા જતી હતી જેમાં આવડ ની બહેન બુધ્ધીબેન કેશુ વાઘેલા આ રીક્ષામાં સવાર હતી ત્યારે આવડ નું મોટરસાયકલ સ્લીપ થતું જોઈ બુધ્ધી બેને પણ ભાઈને બચાવવા છકડો રીક્ષામાંથી કુદકો મારી દીધો હતો જેમાં તેણે ગંભીર ઈજાઓ થતા તેનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું

# રાજકોટ: જીઆરડી જવાને પત્નીના વિયોગમાં વખ ઘોળતા મોત

## ઝેરી દવા ગટગટાવી કાકાના ઘરે ગયો, તબિયત લથડતા સારવારમાં ખસેડાયો, દમ તોડી દેતાં પરીવારનો ઉંડા શોકમાં ગરકાવ: ત્રણ મહિના પહેલા જ પત્નીનું અવસાન થતા આઘાતમાં હોવાનું તારણ

**અબતક, રાજકોટ**

રાજકોટના આજીડેમ વિસ્તારમાં રહેતા અને યુનિવર્સીટી પોલીસ મથકમાં જીઆરડી જવાન તરીકે ફરજ બજાવતા ૨૬ વર્ષીય યુવાને પત્નીના મોતના વિયોગમાં ઝેરી દવા પી આપઘાત કરી લેતા પરિવારમાં ગમગીની છવાઈ ગઈ છે. મૂળ કાલાવડ તાલુકાના મોકાજી મેઘપર ગામના વતની અને હાલ આજીડેમ ચોકડી પાસે રહેતા દિપક દિનેશભાઈ દાણીધારિયા (ઉ.વ. ૨૬) એ ગઈ રાત્રિના અગિયાર વાગ્યાના અરસામાં કોઈ ઝેરી દવા ગટગટાવી લીધી હતી. દવા પીધા બાદ તે મવડી વિસ્તારમાં જ રહેતા તેના કાકા મનોજભાઈના ઘરે આંટો મારવા ગયો હતો, જ્યાં અચાનક તેની તબિયત લથડતા અને બેભાન થઈ જતાં તેને તાત્કાલિક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જોકે, ટૂંકી સારવાર બાદ યુવાનનું કરુણ મોત નિપજતાં અરેરાટી વ્યાપી ગઈ હતી.

પ્રાપ્ત વિગતો મુજબ, મૃતક દિપક દાણીધારિયા શહેરના યુની. પોલીસમાં જીઆરડી જવાન તરીકે ફરજ બજાવવાની સાથે મેટોડામાં ઘડિયાળની કંપનીની બસ ચલાવી ગુજરાન ચલાવતો હતો. તે બે ભાઈ અને એક બહેનના પરિવારમાં સૌથી મોટો પુત્ર હતો. દિપકના લગ્ન ચાર



વર્ષ પહેલાં રિદ્ધિબેન સાથે થયા હતા અને તેમનું દામ્પત્ય જીવન સુખમય રીતે પસાર થઈ રહ્યું હતું. પરંતુ કુદરતને કંઈક જુદું જ મંજૂર હોય તેમ, માત્ર ત્રણ મહિના પહેલા જ તેની પત્ની રિદ્ધિબેનનું ફેફસામાં ઈન્ફેક્શન અને ટીબીની બીમારીને કારણે અવસાન થયું હતું. પત્નીના અકાળે અવસાન બાદ દિપક સતત માનસિક આઘાતમાં અને વિયોગમાં રહેતો હતો, જે અંતે તેના આપઘાતનું કારણ બન્યું હોવાનું પ્રાથમિક દ્રષ્ટિએ જણાઈ રહ્યું છે.

ઘટનાની જાણ થતા જ પોલીસ કાફલો હોસ્પિટલ દોડી ગયો હતો અને મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પત્નીના મોતનો વિરહ સહન ન કરી શકતા યુવાને પણ પત્નીની પાછળ મોતને વહાલું કરી લેતા દાણીધારિયા પરિવાર પર આભ તૂટી પડ્યું છે. એક તરફ પત્નીના મોતનો શોક હજુ શમ્યો નહોતો ત્યાં જ પરિવારના મોટા પુત્રએ વિદાય લેતા મોકાજી મેઘપર ગામમાં શોકનું મોજું ફરી વળ્યું છે. મૃતકના પરીજનોના જણાવ્યા મુજબ, મૃતક હાલ તેના મિત્ર સાથે આજીડેમ વિસ્તારમાં રહેતો હોવાનું જાણવા મળી રહ્યું છે.

# પોરબંદરના યુવાને રિસામણે રહેલી પત્ની સાથે સમાધાન ન થતાં ઝેર પીધું

## ગાંધીનગરથી પરત ફરતી વખતે યુવકે ચોટીલા નજીક કર્યો આપઘાતનો પ્રયાસ

**અબતક, રાજકોટ**

ચોટીલાની શિવાંગી હોટેલ પાસે કૌટુંબિક કંકાસ અને પત્ની લાંબા સમયથી રિસામણે હોવાના દુઃખમાં ઝેરી દવા પી લેતા ચકચાર મચી ગઈ છે. જેને ગંભીર હાલતમાં રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. મળતી માહિતી મુજબ, પોરબંદર જિલ્લાના રાણાવાવ ગામમાં રહેતા શાહબાઝ સલીમભાઈ દુહાડી (ઉં.વ. ૨૭) વ્યવસાયે ડ્રાઈવિંગ કરે છે. ગઈકાલે રાત્રે આશરે ૧૨:૩૦ વાગ્યાની આસપાસ તેઓ ગાંધીનગરથી ટ્રક ચલાવી પરત આવી રહ્યા હતા. આ દરમિયાન ચોટીલાની શિવાંગી હોટેલ સામે તેમણે ટ્રક ઉભી રાખી ઝેરી દવા પી લીધી હતી. ઘટનાની જાણ થતા જ ૧૦૮ મારફતે તેમને તાત્કાલિક સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. પરિવારના સભ્યોના જણાવ્યા અનુસાર, શાહબાઝભાઈના લગ્નજીવનમાં છેલ્લા એક વર્ષથી વિખવાદ ચાલી રહ્યો હતો. તેમના પત્ની છેલ્લા એક વર્ષથી ખંભાળિયા પોતાના માવતરે રિસામણે બેઠા છે. છેલ્લા કેટલાક સમયથી સમાધાન બાબતે સતત માથાકૂટ અને તણાવ ચાલતો હતો. આ માનસિક તણાવ અને આવેશમાં આવીને યુવકે આ પગલું ભર્યું હોવાનું મનાઈ રહ્યું છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે શાહબાઝભાઈ ચાર બહેનો અને બે ભાઈઓમાં સૌથી નાના છે અને તેમને સંતાનમાં એક દીકરો છે. આ મામલે પોલીસે નોંધ કરી આગળની વધુ તપાસ હાથ ધરી છે.

# લખતર નજીક છેલ્લા ૨૪ કલાકમાં અકસ્માતના ૩ બનાવ: બે ઘવાયા

**અબતક, ધનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**



લખતર-વિરમગામ હાઈવે ફોરલેન બન્યા બાદ અકસ્માતોમાં વધારો જોવા મળી રહ્યો છે.

જે અંગે મળતી માહિતી મુજબ સુરેન્દ્રનગર-લખતર-વિરમગામ હાઈવે પર છેલ્લા ૨૪ કલાકમાં ૦૩ અકસ્માતોના બનાવો સામે આવ્યા હતા. જેમાં પ્રથમ બનાવમાં હાઈવે પર આવેલ કડુ તરફથી લખતર તરફ જઈ રહેલ એક બાઈક ચાલક ગેથળા હનુમાનજી મંદિર નજીક પેટ્રોલપંપ પાસે પહોચતા પાછળથી આવી રહેલ કારના ચાલકે બાઈક ચાલકને ટક્કર મારતા બાઈક ચાલક રોડ પર પટકાયો હતો. જે અકસ્માતમા કાર પણ રોડ સાઈડમાં ગટરમાં ઉતરી ગઈ હતી. જે અંગે રાહદારીઓ દ્વારા અકસ્માતની જાણ ૧૦૮ને કરતા તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી અને ઈજાગ્રસ્ત બાઈક ચાલકને સારવાર અર્થે લખતર હોસ્પિટલ ખાતે ખસેડી પ્રાથમિક સારવાર આપ્યા બાદ વધુ સારવાર અર્થે સુરેન્દ્રનગરની હોસ્પિટલમાં ખસેડાયો હતો.જ્યારે બીજા બનાવમાં લખતરના ઝમર ગામ પાસે કાર રોડની સાઈડમાં નાળામાં પલ્ટી ખાઈ ગઈ હતી જેમાં સદનસીબે કાર ચાલકને નાની મોટી ઈજાઓ પહોંચવા પામી હતી. જ્યારે ત્રીજા બનાવમાં વિરમગામ તરફથી લખતર તરફ જઈ રહેલ એક આઈશર ગાડી લખતર પાસે આવેલ ખાનગી કંપની પાસે પહોચતા ડ્રાઈવરે અચાનક સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવતા આઈશર ગટરમાં પલ્ટી ખાઈ ગઈ હતી જેમાં સદનસીબે ડ્રાઈવરનો આબાદ બચાવ થવા પામ્યો હતો.

# ગોંડલ યાર્ડના વેપારીના ૧૨ હજાર કિલો ચણા રાજકોટનો ટ્રાન્સપોર્ટર અને ડ્રાઈવર ઓળવી ગયા

## અમદાવાદ પહોંચાડવા આપેલો રૂ. ૭.૦૯ લાખનો જથ્થો બારોબાર વેંચી માર્યો : ગુનો નોંધાયો

**અબતક, રાજકોટ**

ગોંડલ માર્કેટિંગ યાર્ડના વેપારી સાથે છેતરપીંડીનો બનાવ સામે આવ્યો છે. રાજકોટના ટ્રાન્સપોર્ટર અને ટ્રક ડ્રાઈવરએ મળી ૧૨ હજાર કિલો ચણા અમદાવાદ પહોંચાડવાની જગ્યાએ પોતે ઓળવી જઈ રૂ.૭.૦૯ લાખના ચણા બારોબાર વેંચી નાંખ્યા હતાં. બનાવ અંગે ગોંડલ સીટી બી. ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી.

બનાવ અંગે ગોંડલ ખોડલદીપ રેસ્ટોરન્ટની સામે રમાનાથ દર્શન એપાર્ટમેન્ટમાં રહેતાં મુળ રાણાવાવના વતની મનોજભાઈ મહેન્દ્રભાઈ માખેચા (ઉ.વ.૪૧) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે રાજકોટમાં આવેલ જય ગુરૂદેવ ટ્રાન્સપોર્ટના માલીક નૈમિશ, દાના લક્ષ્મણ કોડિયાતર અને મોબાઈલ નં.૯૭૨૩૭૫૪૨૮૭ ના ધારકનું નામ આપતાં ગોંડલ બી. ડિવિઝન પોલીસે ગુનો નોંધી તપાસ આદરી હતી.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતુ કે, તેઓ છેલ્લા ૧૦ વર્ષથી ગોંડલ નવા માર્કેટીંગ યાર્ડમા લેન્ડમાર્ક એગ્રી એક્સપોર્ટ નામની ભાગીદારી પેઢી ચલાવે છે. આ પેઢીમા ચાર ભાગીદાર છે, યાર્ડમાં ઓફીસ નંબર બી ૧૪૬ નામની પેઢીમા અનાજ કઠોળનો હોલસેલ વેપાર કરે છે.

ગઈ તા.૨૧ ના તેઓને એક પાર્ટી અરમાનીયા એગ્રી ઈન્ડસ્ટ્રીઝ હિમંતનગરનો ૨૩૯ કટા વજન ૧૨૦૧૦ રૂ.૭,૦૯,૮૨૫ નો ઓર્ડર હતો. જે માલ નરોડા અમદાવાદ એચ.આર કોલ્ડસ્ટ્રોરેઝમા ડીલીવરી કરવાની હોય જેથી જય ગુરૂદેવ ટ્રાન્સપોર્ટ રાજકોટના માલીક નૈમિષને વાત કરી ટ્રક મોકલવા જણાવેલ અને ભાડુ રૂ. ૧૧ હજાર નક્કી કરેલ હતું. નૈમિશે જણાવેલ કે, નં. જીજે-૦૩-એવાય-૭૭૮૦ ટ્રક જે ડ્રાઈવરના મો.નં.૯૭૨૩૭ ૫૪૨૮૭ છે, તે આવશે જેથી આ ટ્રક ડ્રાઈવરના મોબાઈલ ઉપર કોન્ટેક કરી અને તેમને ગોંડલ માર્કેટીંગ યાર્ડમા આવી જવા જણાવેલ હતું.

તે ડ્રાઈવરે સાંજના આઠેક વાગ્યે ફોન કરી કહેલ કે, હું માલ ભરવા ટ્રક લઈને આવી ગયેલ છું. આથી મજુરને મોકલેલ અને આ ટ્રકમા ચણા ભરાઈ જતા ટ્રક ડ્રાઈવરનુ નામ પુછતા દાના લક્ષ્મણ કોડીયાતર ઓફીસે આવેલ અને વજનની કાંટા ચિઠ્ઠી આપેલ હતી. તેમને ચણાનુ બીલ નંબર [illegible]૫૮૨ આપેલ અને તેમને જણાવેલ કે, આ માલ નરોડા અમદાવાદ ખાતે એચ.આર. કોલ્ડસ્ટોરેઝમા ઉતારવાનો છે. તે ડ્રાઈવર ટ્રક લઈ જતો રહેલ બાદમા બીજા દિવસે તા. ૨૨ ના બપોરના ત્રણેક વાગ્યે ટ્રક ડ્રાઈવરનો ફોન આવેલ કે, એચ.આર. કોલ્ડ સ્ટોરેજને મોબાઈલ કરેલ તેમણે જણાવેલ કે આજે રવિવાર છે. એટલે ટ્રક ખાલી નહિ થાય અને હું મારો ટ્રક હોટલે રાખી સુઈ જાવ છું, સવારના ખાલી કરવા જઈશ.

બાદમા તા.૨૩ ના સવારના અગીયારેક વાગ્યે ગુરૂદેવ ટ્રાન્સપોર્ટમાથી ફોન આવેલ અને વાત કરેલ કે, જે ટ્રક ચણા ભરી મોકલેલ તે માલ પહોંચી ગયેલ છે કે કેમ આથી ફોન કરી ખરાઈ કરતા કોલ્ડ સ્ટોરેજ વાળાએ જણાવેલ કે, તમારો માલ મળેલ નથી. આથી મેજેથી ટ્રાન્સપોર્ટ વાળા પાસેથી માલ મોકલ્યાની એલ.આર. મોકલતા જેમા આ ટ્રાન્સપોર્ટ વાળાએ જે ટ્રક નંબર આપેલ તેના બદલે બીજા નંબરની ટ્રક જીજે-૩૭-વી-૯૯૨૩ વાળી મોકલેલ અને જે ટ્રક ડ્રાઈવરના મોબાઈલ નંબર જણાવેલ તે ડ્રાઈવર કે ટ્રક નહિ મોકલી આરોપીઓએ વિશ્વાસઘાત કરી ચણાના ૨૩૯ કટા વજન ૧૨૦૧૦ કિગ્રા રૂ. ૭,૦૯,૮૨૫ જે બારો બાર વેચી નાંખતા ફરીયાદ નોંધાવી હતી.

# કાંતિભાઈ અમૃતિયાની ઘરવાપસી, ભવ્ય સન્માન રેલી: સમર્થકોમાં ઉમંગનો માહોલ

## કેન્સરને હરાવી પરત ફરેલા રાજયમંત્રીનું શહેરભરમાં ભવ્ય સ્વાગત, ગુંડાતત્વોને કડક ચેતવણી





**અબતક, ઋષિ મહેતા, મોરબી**

કેન્સરની સારવાર બાદ મોરબી પરત ફરેલા રાજયકક્ષાના મંત્રી ધારાસભ્ય કાંતિભાઈ અમૃતિયાના સન્માનમાં શહેરમાં ભવ્ય આશીર્વાદ રેલી યોજાઈ હતી. ત્યારે આ રેલીનું વિવિધ વિસ્તારોમાં લોકો દ્વારા ઉષ્માભર્યુ સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ બાપાસીતારામ ચોક ખાતે વિશાળ જનસભામાં તેમણે વિકાસ કાર્યો અંગે માહિતી આપી તેમજ ગુંડાગીરી સામે કડક વલણ અપનાવવાની ચેતવણી આપી હતી.

મોરબી શહેરમાં કેન્સરની સારવાર બાદ સ્વસ્થ થઈ પરત ફરેલા રાજયમંત્રી કાંતિભાઈ અમૃતિયાના સન્માનમાં એક ભવ્ય રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. રેલીની શરૂઆત ઉમા ટાઉનશીપ ખાતે આવેલ ઉમિયા માતાજીના મંદિરે મહાઆરતી સાથે કરવામાં આવી હતી. ત્યારબાદ રેલી દરબારગઢથી પ્રસ્થાન કરી ગ્રીન ચોક, નહેરુ ગેટ અને રવાપર રોડ માર્ગે બાપા સીતારામ ચોક સુધી પહોંચી હતી, જ્યાં વિશાળ જનસભા યોજાઈ હતી. રસ્તામાં ઠેર-ઠેર વિવિધ સંસ્થા અને હકડેઠઠ જનમેદની દ્વારા કાંતિભાઈનું ફૂલહારોથી સ્વાગત કરવામાં આવ્યું હતું, જ્યારે સંસ્કૃત વિદ્યાલયના વિદ્યાર્થીઓએ મંત્રોચ્ચાર કરીને ધાર્મિક માહોલ સર્જ્યો હતો. આ કાર્યક્રમમાં પાટીદાર સમાજના અગ્રણીઓ, સિરામિક એસોસિએશનના પ્રમુખો અને પૂર્વ પ્રમુખો, જીલ્લા ભાજપ મહામંત્રી તપન દવે, શહેર ભાજપના આગેવાનો અને મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

સભામાં સંબોધન કરતા કાંતિભાઈ અમૃતિયાએ જણાવ્યું હતું કે છેલ્લા બે મહિનાથી તેઓ મોરબી આવી શક્યા ન હોવાથી તેમને ખેદ હતો, પરંતુ આજે લોકોનો પ્રેમ જોઈ તેમની ઉર્જા દસગણી વધી ગઈ છે. તેમણે જણાવ્યું હતું કે રાજ્ય સરકારે મોરબીને કોર્પોરેશનનો દરજ્જો આપ્યો છે અને બજેટ ૭૦૦ કરોડથી વધારીને ૧૧૫૦ કરોડ કરવામાં આવ્યું છે, તેમણે ગુંડા તત્વોને ચેતવણી આપતા જણાવ્યું હતું કે રાત્રિના સમયે વાહનોના કાચ તોડવા, વેપારીઓ પર હુમલા જેવી ઘટનાઓ સહન કરવામાં આવશે નહીં. તેમણે કહ્યું કે પોલીસ પોતાની કામગીરી કરશે, પરંતુ હવે તેઓ પોતે પણ અઠવાડિયામાં એકવાર રાઉન્ડ લઈને ગેરરીતિ સામે કડક પગલાં લેશે.

કેન્સર જેવી ગંભીર બીમારી સામે પોતાની લડતનો અનુભવ શેર કરતા કાંતિભાઈએ જણાવ્યું કે શરૂઆતમાં નાની ગાંઠ બાદમાં મોટી બની ગઈ હતી અને તેમનું સાત કલાક લાંબું ઓપરેશન કરવામાં આવ્યું હતું. તેમણે દર્દીઓને સંદેશ આપ્યો કે મજબૂત મનોબળ અને જુસ્સાથી કોઈપણ બીમારીને હરાવી શકાય છે.

ધારાસભ્ય જીતુભાઈ સોમાણીએ કાંતિભાઈની વાપસીને ભગવાન રામના વનવાસ બાદ અયોધ્યા પરત ફરવાના પ્રસંગ સાથે સરખાવી હતી. તેમણે ગુંડાઓ અને વ્યાજખોરોને કડક શબ્દોમાં ચેતવણી આપતા જણાવ્યું હતું કે ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે બુલડોઝર કાર્યવાહી કરવામાં આવશે. આ તકે ઉદ્યોગપતિ નિલેશ જેતપરીયાએ પણ પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે કાંતિભાઈની વાપસી મોરબી માટે નવા ઉત્સાહનું પ્રતિક છે. છેલ્લા ઘણા વર્ષોથી ઉદ્યોગોના પ્રશ્નોમાં તેમણે મક્કમ નેતૃત્વ આપ્યું છે અને હવે તેમના પરત આવવાથી અસામાજિક તત્વો માટે ખરાબ દિવસોની શરૂઆત થઈ ગઈ છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે કાંતિભાઈના નેતૃત્વમાં મોરબીમાં શાંતિ અને વિકાસને વધુ વેગ મળશે.

# ભક્તિનગર સર્કલ ખાતે રૂ.૬૨.૪૨ લાખના ખર્ચે આધુનિક ગાર્ડન બનશે

## વોકિંગ ટ્રેક, લાઈટિંગ અને હરિયાળી સાથે નાગરિકોને મળશે આરામદાયક ખુલ્લી જગ્યાની મળશે સવલત

**અબતક, ઋષિ મહેતા**

મોરબી શહેરમાં હરિયાળી અને નાગરિકોને સુવિધાસભર ખુલ્લી જગ્યા ઉપલબ્ધ કરાવવા માટે ભક્તિનગર સર્કલ નજીક રૂ.૬૨.૪૨ લાખના ખર્ચે આધુનિક ગાર્ડન બનાવવાનો પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે. આ ગાર્ડનમાં વોકિંગ ટ્રેક, લાઈટિંગ, ગાર્ડન ફર્નિચર, લેન્ડસ્કેપિંગ અને સુરક્ષા માટે કંપાઉન્ડ વોલ જેવી સુવિધાઓ ઉભી કરવામાં આવશે. પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ શહેરના સૌંદર્યમાં વધારો થવાની સાથે લોકો માટે આરામ અને ફરવા માટે ઉત્તમ સ્થળ ઉપલબ્ધ થશે.



મોરબી મહાનગરપાલિકા દ્વારા શહેરના વિકાસ અને હરિયાળી વધારવા માટે ભક્તિનગર સર્કલ પાસે આધુનિક ગાર્ડન વિકસાવવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. આ પ્રોજેક્ટનો અંદાજિત ખર્ચ રૂ.૬૨.૪૨ લાખ નક્કી કરવામાં આવ્યો છે. પ્રોજેક્ટ હેઠળ પ્રવેશ દ્વાર, કંપાઉન્ડ વોલ, આંતરિક વોકિંગ ટ્રેક, ગાર્ડન ફર્નિચર અને આધુનિક લાઈટિંગ સુવિધાઓ ઉભી કરવામાં આવશે. ગાર્ડનમાં ૧.૫ થી ૨ મીટર પહોળાઈનો સ્લિપ-રેઝિસ્ટન્ટ વોકિંગ ટ્રેક બનાવાશે, જ્યારે સુરક્ષા માટે આર.સી.સી. આધારિત કંપાઉન્ડ વોલ અને આકર્ષક એન્ટ્રી ગેટ તૈયાર કરવામાં આવશે.


લાઈટિંગ માટે ડેકોરેટિવ એલઈડી લાઈટ પોલ્સ અને અન્ડરગ્રાઉન્ડ કેબલિંગ કરવામાં આવશે. ઉપરાંત લેન્ડસ્કેપિંગ અંતર્ગત લોન ડેવલપમેન્ટ સાથે વિવિધ પ્રકારના વૃક્ષોનું વાવેતર કરવામાં આવશે, જેમાં ટેબેબુયિા, ગુલમોહર, કેસુડો સહિતના વૃક્ષોનો સમાવેશ થાય છે. આ ગાર્ડન પૂર્ણ થયા બાદ નાગરિકોને સ્વચ્છ અને હરિયાળું વાતાવરણ મળશે તેમજ શહેરના સૌંદર્યમાં નોંધપાત્ર વધારો થશે.

# ફૂડ શાખાની સખત કાર્યવાહી: ૫૧ પેઢીઓની તપાસ, અખાદ્ય પદાર્થોનો નાશ

**અબતક, ઋષી મહેતા, મોરબી**

મોરબી મહાનગર પાલિકાની ફૂડ શાખા દ્વારા શહેરમાં ખાદ્ય સુરક્ષા અંગે વિશેષ ડ્રાઈવ હાથ ધરવામાં આવી હતી. ફૂડ સેફટી ઈન્સ્પેક્ટર હિમાનીબેન ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ વાવડી રોડ, પંચાસર રોડ અને સામાકાંઠા વિસ્તારોમાં કુલ ૫૧ પેઢીઓની તપાસ કરવામાં આવી હતી. આ તપાસ દરમિયાન લાઈસન્સ, સ્વચ્છતા, અખાદ્ય કલરનો ઉપયોગ તેમજ વાસી ખોરાક અંગે વેપારીઓને સૂચનાઓ અને નોટિસો પાઠવવામાં આવી હતી. વાવડી રોડ સ્થિત મસાલા માર્કેટમાંથી મરચું, હળદર અને જીરાં સહિત આશરે ૧૦ નમૂનાઓ લેવામાં આવ્યા હતા અને સ્થળ પર જ રેપિડ ટેસ્ટ કરવામાં આવ્યો હતો.ડ્રાઈવ દરમિયાન પટેલ રાજા પાવભાજીમાંથી વાસી નુડલ્સ અને ગ્રેવી, વિશ્વા સ્વીટ એન્ડ નમકીનમાંથી અખાદ્ય ફૂડ કલર, ૐ સાઈ સ્વીટ ફાર્મમાંથી જથ્થાબંધ ફૂડ કલર અને ખરાબ થયેલ રબડી જેવા અખાદ્ય પદાર્થોનો નાશ કરવામાં આવ્યો હતો. આ સાથે મહાનગર પાલિકાની ટીમ દ્વારા ખાદ્ય પદાર્થોની ગુણવત્તા જાળવવા માટે આવી કાર્યવાહી આગળ પણ ચાલુ રાખવાની સૂચના આપવામાં આવી છે.





# મહાપાલિકા દ્વારા શહેરના વિકાસને નવી ગતિ આપતા મહત્વના પ્રોજેક્ટ જાહેર

## માધાપરમાં આધુનિક શાક માર્કેટ અને ત્રિકોણ બાગમાં નવા કોમર્શિયલ કોમ્પ્લેક્સનું આયોજન

**અબતક, ઋષિ મહેતા**

મોરબી મહાનગરપાલિકા દ્વારા શહેરમાં આયોજનબદ્ધ વિકાસ માટે મહત્વપૂર્ણ પગલાં લેવામાં આવી રહ્યા છે. રાજ્ય સરકાર તરફથી મહાનગરપાલિકાનો દરજ્જો મળ્યા બાદ તંત્ર વિવિધ વિકાસલક્ષી પ્રોજેક્ટ્સને આગળ ધપાવી રહ્યું છે. જેમાં માધાપર વિસ્તારમાં આધુનિક સુવિધાઓથી સજ્જ નવું શાક માર્કેટ બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રોજેક્ટ માટે ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે અને સંબંધિત એજન્સીને એલઓઆઈ સુપરત કરવામાં આવી છે.

ટૂંક સમયમાં જ કામ શરૂ થવાની શક્યતા છે, જેના કારણે ફૂટપાથ અથવા રસ્તા પર વેપાર કરતા વિક્રેતાઓને વ્યવસ્થિત જગ્યા મળશે અને ટ્રાફિક ગીચતા ઘટશે. આ ઉપરાંત, ત્રિકોણ બાગ વિસ્તારમાં આવેલી જૂની અને જર્જરિત મ્યુનિસિપલ દુકાનોના રી-ડેવલપમેન્ટ માટે પણ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. મહાપાલિકા દ્વારા દુકાનદારો સાથે બેઠક યોજીને નવા પ્લાન અંગે ચર્ચા કરવામાં આવી હતી. આ પ્રોજેક્ટ હેઠળ આધુનિક કોમર્શિયલ કોમ્પ્લેક્સ બનાવવાનું આયોજન છે, જેનાથી શહેરના વેપાર અને દેખાવ બંનેમાં સુધારો થશે.

# વાંકાનેરમાં બાળકોની સાયકલ લઈ લેવા મામલે થયેલી માથાકૂટમાં ૫ મહિલા સહિત છ સામે ફરિયાદ

**અબતક, ઋષિ મહેતા**

વાંકાનેરના દરબારગઢ રોડ નજીક હવેલી શેરી વિસ્તારમાં ધુળેટીના દિવસે બાળકોની સાયકલ લઈ લેવા બાબતે થયેલી બબાલ મામલે મહિલાએ પાંચ મહિલાઓ સહિત છ સામે વાંકાનેર સીટી પોલીસ મથકમાં વળતી ફરિયાદ નોંધાવી છે.

વાંકાનેર સીટી પોલીસ સ્ટેશનમાં જ્યોતીકાબેન બટુકભાઈ મેઘાણી ઉવ.૫૨ રહે.શ્રીજી કૃપા હવેલી શેરીના નાકે દરબારગઢ રોડ વાંકાનેર વાળા દ્વારા આરોપી (૧)ભાવનાબેન ભાવીનભાઈ કાગડા, (૨)શિતલબેન મીલનભાઈ કાગડા, (૩)નિરાલીબેન કાગડા, (૪)સાવનબેન પ્રદીપભાઈ વાગડીયા, (૫)ખુશ્બુબેન કાનાભાઈ વાળંદ, (૬)પ્રદીપભાઈ વાગડીયા તમામ રહે.હવેલી શેરીના નાકે દરબારગઢ રોડ વાંકાનેર વાળા વિરુદ્ધ નોંધાવવામાં આવેલી ફરિયાદ અનુસાર તા.૦૪ માર્ચના રોજ ધુળેટીના દિવસે હવેલી શેરી વિસ્તારમાં બાળકો રમતા હતા ત્યારે સાયકલ લઈ લેવા બાબતે ફરીયાદી ત્યા શેરીમા નીકળતા તમામ આરોપીઓએ ફરીયાદીને ગાળો બોલી તેમજ આરોપીઓ ફરીયાદીના ઘર પાસે વાર ફારતી જઈ ગાળો બોલી ફરીયાદી તથા સાહેદને ઢીકા પાટુનો તથા લાકડી વતી મુંઢમાર માર્યો હતો. આ બનાવમાં ફરિયાદીનો મોબાઈલ તુટી ગયો હતો. ત્યારે ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરતા તમામ આરોપીઓ વિરુદ્ધ વાંકાનેર સીટી પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# રવાપર રોડ પર અદ્યતન મોડર્ન લાઈબ્રેરી બનશે

## ત્રણ માળની એ.સી. સુવિધાસભર લાઈબ્રેરી, વિદ્યાર્થીઓ અને સ્પર્ધાત્મક પરીક્ષાર્થીઓ માટે બનશે ઉપયોગી

**અબતક, ઋષી મહેતા, મોરબી**

મોરબી મહાનગરપાલિકા દ્વારા રવાપર રોડ પર નરસંગ ટેકરી પાસે આધુનિક સુવિધાઓથી સજ્જ નવી લાઈબ્રેરી બનાવવાની યોજના હાથ ધરાઈ છે. જે માટેની ટેન્ડર પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે અને ટૂંક સમયમાં કામ શરૂ થશે.

મોરબી શહેરમાં વાંચન સંસ્કૃતિને પ્રોત્સાહન આપવા માટે મહાનગરપાલિકા દ્વારા રવાપર રોડ ખાતે મોડર્ન લાઈબ્રેરી નિર્માણ કરવાનો મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. નરસંગ ટેકરી નજીક બનનારી આ લાઈબ્રેરી ત્રણ માળની વિશાળ ઈમારતરૂપે બનાવવામાં આવશે. હાલમાં પ્રોજેક્ટ માટે ટેન્ડર પ્રક્રિયા લાઈવ કરવામાં આવી છે અને પ્રક્રિયા પૂર્ણ થયા બાદ તાત્કાલિક કામ શરૂ કરાશે. લાઈબ્રેરીમાં ફુલ સેન્ટ્રલ એ.સી., આધુનિક ફર્નિચર, અલગ રીડિંગ એરિયા જેવી સુવિધાઓ ઉપલબ્ધ રહેશે.

વિદ્યાર્થીઓ અને સ્પર્ધાત્મક પરીક્ષાર્થીઓને ધ્યાનમાં રાખીને વિવિધ વિષયોના પુસ્તકોનો સમાવેશ કરવામાં આવશે. સાથે જ ભૂકંપ પ્રતિકારક આરસીસી સ્ટ્રક્ચર અને ઓપન ટેરેસ લાઈબ્રેરી જેવી વિશેષ સુવિધાઓ પણ ઉપલબ્ધ રહેશે. આ પ્રોજેક્ટથી શહેરના શૈક્ષણિક વિકાસને ગતિ મળશે અને નાગરિકોમાં વાંચનની સંસ્કૃતિ વધુ મજબૂત બનશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે.

# ૧ લાખના રૂ.૪.૮૮ લાખ ચૂકવ્યા છતાં વ્યાજખોરની પઠાણી ઉઘરાણી

## પિતા-પુત્ર વ્યાજખોર સામે નોંધાતો ગુનો

**અબતક, ઋષિ મહેતા**

મોરબીમાં એક વેપારીએ ધંધા માટે લીધેલા ઉંચા વ્યાજે રૂ.૧ લાખના બદલે વ્યાજ અને પેનલ્ટી સહિત કુલ રૂ.૪.૮૮ લાખ ચૂકવ્યા હોવા છતાં વ્યાજખોર દ્વારા વેપારી અને તેના પુત્રને વધુ રકમની પઠાણી ઉઘરાણી અને જાનથી મારી નાખવાની ધમકીઓ આપવામાં આવતાં ફરિયાદ નોંધાઈ છે.

મળતી વિગતો મુજબ, દલવાડી સર્કલ નજીક શિવમ અપાર્ટમેન્ટ ૩૦૩માં રહેતા મૂળ ખાનપર(ઘુ)ના વતની ભરતભાઈ પ્રભુભાઈ ઘોડાસરા ઉવ.૪૮એ આરોપી પ્રકાશભાઈ મેપાભાઈ પીઠમલ રહે. દલવાડી સર્કલથી આગળ મોરબી વાળા વિરુદ્ધ પોલીસમાં નોંધાવેલી ફરિયાદ મુજબ, વર્ષ ૨૦૨૨માં ધંધા માટેની જરૂરિયાતે ફરિયાદીએ આરોપી પાસેથી ૮ ટકા વ્યાજે ૧ લાખ રૂપિયા લીધા હતા. આ સાથે આરોપીએ બળજબરીપૂર્વક રૂ.૩ લાખનું નોટરી લખાણ કરાવ્યું હતું તેમજ આઈ.ડી.બી.આઈ. બેંકના ત્રણ કોરા ચેક પણ કઢાવી લીધા હતા. ત્યારબાદ ત્રણ વર્ષ દરમિયાન ફરિયાદીએ નિયમિત વ્યાજ ચૂકવી કુલ રૂ.૨.૮૮ લાખ ચુકવ્યા હતા અને પછી પેનલ્ટી સહિત વધુ રૂ.૨ લાખ ચૂકવી કુલ રૂ.૪.૮૮ લાખ આપી દીધા હતા. તેમ છતાં આરોપી દ્વારા વધુ પૈસાની માંગણી ચાલુ રાખવામાં આવી હતી. આરોપીએ ફરિયાદીના પુત્રને ફોન કરીને ગાળો આપી માર મારવાની ધમકી આપી હતી તેમજ ફરિયાદીને પણ જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી.

# વજેપરમાં રહેણાંકમાં દેશી દારૂના અડ્ડા પર દરોડા

## દારૂ વેચાણ માટે રાખેલ ત્રણ માણસો, દારૂ પીવા આવેલ નશામાં ધૂત બે સહિત સાત ઝબ્બે: સુત્રધાર ફરાર

## દારૂ, હથિયારો અને ૬ મોબાઈલ સહિતનો મુદ્દામાલ કબ્જે કર્યો, આરોપી મહિલાએ પોલીસને ધમકી આપી

**અબતક, ઋષિ મહેતા**

મોરબીના વજેપર વિસ્તારમાં રહેણાંકમાં ચાલતા દેશી દારૂના અડ્ડા ઉપર દરોડો પાડી બે મહિલા સહિત ૭ આરોપીઓને ઝડપી પાડ્યા છે, જ્યારે મુખ્ય આરોપી ફરાર થઈ ગયો છે. પોલીસે રેડ દરમિયાન ઘરમાંથી દેશી દારૂ, જીવલેણ હથિયારો અને ૬ મોબાઈલ ફોન સહિતનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. આ દરમિયાન આરોપી મહિલાઓએ પોલીસ કાર્યવાહી દરમિયાન વિરોધ કરી કેસ કર્યો તો દવા પી પોલીસને ધંધે લગાડવાની ધમકીઓ આપી હતી. મોરબી સીટી એ ડિવિઝન પોલીસને બાતમી મળેલ કે, વજેપર શેરી નં.૨૪માં બુટલેગર સુરેશભાઈ ઉર્ફે સુડો લક્ષ્મણભાઈ થરેશા તેની પત્ની અને દીકરી પોતાના રહેણાંક મકાનમાં દેશી દારૂ રાખી તેનું વેચાણ કરે છે. જે મુજબની મકેલ બાતમીને આધારે સીટી એ ડિવિઝન પોલીસ ટીમ દ્વારા ઉપરોક્ત ઘરમાં દરોડો પાડવામાં આવ્યો હતો. રેઈડ દરમિયાન મકાનમાંથી ૨૪ લીટર દેશી દારૂ મળી આવ્યો હતો, આ ઉપરાંત હોકી સ્ટીકમાં તલવાર, ધારીયું અને લોખંડની ટામી જેવા જીવલેણ હથિયારો પણ મળી આવ્યા હતા. જેથી ઘરમાં હાજર આરોપીઓમાં મનીષાબેન સુરેશભાઈ થરેસા, પ્રિતીબેન હિતેશભાઈ આજોલા તથા દાઉદભાઈ અબ્બાસભાઈ ખુરેશી કલસિંગ અમરભાઈ ખડીયા , હરીસિંગ સંગ્રામસિંગ લુહાર તથા મહાવીરસિંહ પ્રવિણસિંહ જાડેજા અને આરોપી આનંદભાઈ ડાયાભાઈ સોરઠીયા વાળાની અટકાયત કરવામાં આવી હતી, જ્યારે પકડાયેલ આરોપીઓ પાસેથી કુલ ૬ મોબાઈલ ફોન જપ્ત કરવામાં આવ્યા હતા.રેઈડ દરમિયાન મુખ્ય આરોપી સુરેશભાઈ થરેશા હાજર નહિ મળી આવતા પોલીસે તેને ફરાર જાહેર કર્યો હતો. તપાસમાં દરમિયાન બુટલેગર પોતાના પરિવાર સાથે દેશી દારૂનું વેચાણ કરતા, જ્યારે અન્ય ત્રણ માણસો પાસે દારૂનું વેચાણ કરાવતો અને જ્યારે બે ઈસમો દારૂ પીવા આવેલા જેમની નશો કરેલ હાલતમાં અટકાયત કરવામાં આવી હતી. રેડ દરમિયાન આરોપી મહિલાઓએ પોલીસને ધમકી આપતા કહ્યું હતું કે કેસ કરવામાં આવશે તો તેઓ દવા પી આત્મહત્યા કરી દેશે અને પોલીસને ફસાવશે. હાલ આ મામલે પોલીસ દ્વારા પ્રોહિબિશન એક્ટ, ભારતીય ન્યાય સંહિતા તથા જી.પી. એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# હળવદમાં દુકાન પાસે શાકભાજીની હરરાજીની ના પાડતા વેપારીની ધોલાઈ

## ચાર અજાણ્યા સહિત પાંચ શખ્સો સામે નોંધાતો ગુનો

**અબતક, ઋષિ મહેતા**

હળવદની જુની શાકમાર્કેટ વિસ્તારમાં દુકાન પાસે શાકભાજીની હરરાજી કરવાની ના પાડતા વેપારી પર પાંચ શખ્સોએ હુમલો કર્યો હતો. આરોપીઓએ દુકાનમાં ઘુસી લોખંડના પાઈપથી માર મારી વેપારી અને સાહેદને ઈજાગ્રસ્ત કર્યા હતા, જેમાં વેપારીના અંગૂઠાને ગંભીર ઈજા પહોંચી હોવાનું સામે આવ્યું છે. પોલીસે એક નામ જોગ તથા ચાર અજાણ્યા સહિત પાંચ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

હળવદના સરા રોડ ઉપર પ્રમુખસ્વામી નગરમાં રહેતા અનીલભાઈ માણેકભાઈ મેઢા ઉવ.૫૫ નામના વેપારીએ જૂની શાકમાર્કેટમાં પોતાની દુકાન આગળ શાકભાજીની હરરાજી કરવાની ના પાડી હતી.

આ બાબતનો ખાર રાખી આરોપી સુનીલ પ્રતાપભાઈ રબારી તથા અન્ય ચાર શખ્સોએ બપોરે દુકાનમાં ઘુસી હુમલો કર્યો હતો. આરોપીઓએ વેપારી અનિલભાઈને ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી તેમજ લોખંડના પાઈપ વડે હુમલો કરતાં વેપારી અને તેની સાથે દુકાનમાં હાજર પુનીતને ઈજાઓ પહોંચી હતી. જેમાં વેપારીના હાથના અંગૂઠામાં ગંભીર ઈજા પહોંચી હતી. હાલ હળવદ પોલીસે પાંચેય આરોપીઓ સામે ભારતીય ન્યાય સંહિતા તથા જી.પી. એક્ટ હેઠળ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

# માળીયાના મોટા દહીંસરામાં પ્રેમલગ્નના મામલે યુવક પર હુમલો

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

માળીયા(મી) તાલુકાના મોટા દહીંસરા ગામે ભાઈની દીકરીએ પ્રેમલગ્ન કર્યાના જુના વિવાદના મનદુઃખને લઈને યુવકને છરી વડે આડેધડ ઘા ઝીકી જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો. ઈજાગ્રસ્ત યુવકને તાત્કાલિક રાજકોટ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો,


માળીયા(મી) પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ મુજબ, તા.૨૬/૦૩ ના રોજ રાત્રે મોટા દહીંસરા ગામની બજારમાં બાપા સીતારામ પાનના ગલ્લા પાસે બનેલ બનાવમાં ફરિયાદી વિનોદભાઈ ઉર્ફે કાળુ રાણાભાઈ બરારીયા ઉવ.૩૨ ઉપર આરોપી કિશોરભાઈ દેવદાનભાઈ લોખીલ રહે.મોટા દહીંસરા વાળાએ છરી વડે હુમલો કર્યો હતો. પ્રાથમિક માહિતી મુજબ ફરિયાદીના ભાઈની દીકરીએ આરોપીના કુટુંબના યુવક સાથે પ્રેમલગ્ન કરેલા હોવાના કારણે બંને પક્ષ વચ્ચે મનદુઃખ ચાલતું હતું. આ રોષને કારણે આરોપીએ ફરિયાદી પર હુમલો કર્યો હતો.

# હળવદના ચંદ્રગઢમાં વિજપોલ તોડી સરકારી કર્મચારીને ધમકી

## ખેડુતો પોતાના ખેતરમાં વીજ પોલ તોડી નાખ્યો


**અબતક, ઋષિ મહેતા**

હળવદ તાલુકાના ચંદ્રગઢ ગામે એક ખેડૂતે પોતાના ખેતરમાં આવેલ સરકારી વિજપોલ ઈરાદાપૂર્વક પાડી નાખી સરકારી મિલ્કતને નુકસાન પહોંચાડી જે બાદ વીજ વિભાગના કર્મચારીઓ પોલ નાખવા આવતા આરોપીએ તેમને કામ કરવા દીધા વગર જાનથી મારી નાખવાની ધમકીઓ આપી હતી. હળવદ પોલીસ સ્ટેશનમાં હિરેનગીરી હરેશગીરી ગોસ્વામી ઉવ-૪૧ રહે-હળવદ રૂદ્ર ટાઉનશીપ સરા રોડ વાળાએ ફરિયાદ નોંધાવી કે, ચંદ્રગઢ ગામે આરોપી હસમુખભાઈ મુળુભાઈ જાદવે પોતાના ખેતરમાં આવેલ વિજપોલ ઈરાદાપૂર્વક પાડી નાખ્યો હતો. બાદમાં વીજ વિભાગના કર્મચારીઓ પોલ ફરી ઉભો કરવા પહોંચ્યા ત્યારે આરોપીએ તેમને કામ કરવા દીધા નહોતાં. આરોપીએ સરકારી કર્મચારીને ગાળો આપી અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી તેમજ કામમાં અવરોધ ઉભો કર્યો હતો. આ ઘટનાથી સરકારી મિલ્કતને રૂ.૮૩,૯૧૩/- નું નુકસાન થયું હોવાનું સામે આવ્યું છે.



# રાજકોટ : નાના મવા રોડ પર મારવાડી શેર્સ બિલ્ડીંગમાં આગ ભભુકતા અફરાતફરી

## ગ્રાઉન્ડ ફ્લોરમાં લાગેલી આગની જવાળાઓ ગણતરીની મિનિટોમાં જ પાંચમા માળ સુધી પહોંચી ગઈ : રાહદારીનું ધ્યાન પડતા ફાયર બ્રિગેડને જાણ કરાઈ





તસ્વીરઃ શૈલેષ વાડોલીયા

### સ્પ્રિંકલર ચાલુ થઈ જતાં બેઝમેન્ટમાં પાર્ક કરાયેલી કાર સહિતના વાહનો બચી ગયા

ડકટમાં બેઝમેન્ટ અને પ્રથમ માળની વચ્ચેના ભાગમાં શોર્ટ સર્કિટ કે અન્ય કારણસર આગ લાગી હતી. શોર્ટ સર્કિટ થતા વાયર ગરમ થયા અને બહારની તરફથી પવન લાગતા આગ રોકેટની જેમ ઉપર સુધી પહોંચી ગઈ હતી. ઈલેક્ટ્રીક રૂમમાં આગ ઉપરની તરફથી નીચે આવી હતી એટલે તમામ સામાન ઉપરના ભાગથી સળગ્યો હતો અને ત્યારે સ્પ્રિંકલર ચાલુ થયા હતા. જેથી બેઝમેન્ટમાં રહેલી મોંઘીદાટ કાર સહિતના વાહનો બચી ગયા હતા.

### મવડી, કાલાવડ રોડ અને કનક રોડ ફાયર સ્ટેશનેથી છ ફાયર ફાઈટરો દોડી ગયા : દોઢ કલાક સુધી પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવાયો

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરના નાના મવા રોડ પર આવેલી મારવાડી શેર એન્ડ ફાયનાન્સ બિલ્ડીંગમાં ગત રાત્રે આગ ભભૂકી ઉઠતાં ભારે દોડધામ મચી ગઈ હતી. ગ્રાઉન્ડ ફ્લોરથી શરૂ થયેલી આગ ગણતરીની મિનિટોમાં જ છેક પાંચમા માળ સુધી પહોંચતા નાસભાગ મચી જવા પામી હતી. બનાવની જાણ થતા ફાયર બ્રિગ્રેડ સ્ટાફે છ ફાયર ફાઈટરો સાથે પહોંચી ૪૫ મીનીટની જહેમત બાદ આગ બુઝાવી હતી. બનાવ અંગે માલવીયા નગર પોલીસે વિશેષ કાર્યવાહી કરી છે.

આગની ઘટનામાં ફાયર બ્રિગેડમાંથી મળતી વિગતો મુજબ નાના મવા સર્કલ પાસે ૧૦ માળના મારવાડી બિલ્ડીંગમાં આગ લાગ્યાનો ફાયર બ્રિગેડની ટીમને રાત્રિના ૧૦:૨૪ વાગ્યે કોલ મળ્યો હતો. જેના પગલે મવડી ફાયર સ્ટેશનથી બે ફાયર ફાઈટર અને એક એમ્બયુલન્સ, કાલાવડ રોડ સ્ટેશન ખાતેથી ત્રણ ફાયર ફાઈટર અને કનકરોડ સ્ટેશન ખાતેથી એક મળી કુલ છ ફાયર ફાઈટરો ઘટનાસ્થળે રવાના કરવામાં આવ્યા હતા. ફાયર બિગ્રેડ સ્ટાફે ફાયર ફાઈટરો સાથે પહોંચી દોઢ કલાકની જહેમત સાથે સતત પાણીનો મારો ચલાવું આગ બુઝાવી હતી. આગના બનાવમાં મહાનગર પાલીકાના ડે. કમીશનર મહેશ જાની, સી.કે. નંદાણી તેમજ સિટી એન્જિનિયર કે.કે. મહેતા સ્થળ પર પહોંચી ગયા હતા. ફાયરની ટીમે તપાસ કરતા આગ નીચે એસીના સર્કીટ બોકસમાં સોર્ટ સર્કીટથી લાગ્યા બાદ પાંચમાં માળ સુધી પ્રસરી હોવાનું પ્રાથમીક તપાસમાં બહાર આવતા ફાયર વિભાગ દ્વારા વધુ કાર્યવાહી કરી છે. જયારે માલવીયા નગર પોલીસ મથકના પીઆઈ જે આર દેસાઈ તેમજ એફએસએલ સહીતની ટીમે બિલ્ડીંગમાં આગ અંગે તપાસ કરી હતી. સદનસીબએ સતત ધમધમતી બિલ્ડીંગમાં આગ લાગતા કોઈ જાનહાની સર્જાઈ ન હતી. બનાવને પગલે ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા સહીતના લોકો દોડી આવ્યા હતા

બનાવ વિશે ફાયર વિભાગને જાણ કરનાર દિલીપભાઈએ જણાવ્યું કે, ૧૦:૧૫ વાગ્યે હું મારા મિત્રને મળવા માટે જતા હતા. ત્યારે મારવાડી બિલ્ડીંગમાં આગની જવાળાઓ દેખાઈ હતી. જેને જોઈને તરત જ મેં ફાયર વિભાગને જાણ કરી હતી. એસી ફાટ્યું હોય એવું લાગતું હતું. નીચેથી ફેલાતી આગ પાંચમા માળ સુધી પહોંચી એ દરમિયાન કાચ ફૂટવાના અવાજ આવતાં પાંચમા માળેથી લોકો પણ જીવ બચાવીને નીચે દોડી આવ્યા હતા.

### પેનલ બોર્ડમાં શોર્ટ સર્કિટ થતાં આગ લાગ્યાનું પ્રાથમિક તારણ

આગની ઘટનામાં ઘટનાસ્થળે દોડી ગયેલા અધિકારીઓના જણાવ્યા અનુસાર ઈલેક્ટ્રિક ડકટમાં વાયરમાં શોર્ટ સર્કિટ થતા આગ લાગી હતી અને તે વાયરિંગ ઉપર સુધી જતુ હોવાથી પાંચમાં માળ સુધી આગ લાગી હતી. જો કે માત્ર ઈલેક્ટ્રિક ડકટમાં જ આગ હતી. અંદરના ભાગમાં ક્યાંય ફર્નિચર કે પછી બીજે આગ લાગી ન હતી. આગ પર કાબૂ મેળવી લેવાયો છે. આગને કારણે બિલ્ડિંગના કાચ તૂટતા બિલ્ડીંગ જોખમી બન્યું હોય બિલ્ડિંગની અંદર જવાની મનાઈ ફરમાવાઈ છે.

### આગની ઘટનાને પગલે ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, ડે. મ્યુનિસિપલ કમિશ્નર જાની - નંદાણી અને માલવિયાનગર પોલીસનો કાફલો દોડી ગયો

# જૂનાગઢઃ ૩ હજાર કેદીઓની ક્ષમતા સાથે રાજ્યની પાંચમી સેન્ટ્રલ જેલ બનશે

## શહેરની બહાર સેન્ટ્રલ જેલ બનાવવા માટે આશરે ૬૦ એકરથી વધુ જગ્યા જેલ સત્તાવાળાઓએ શોધી

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

હાલમાં અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટ એમ ચાર સેન્ટ્રલ જેલ છે. જેમાં એકનો હવે ઉમેરો થવા જઈ રહ્યો છે. અને જૂનાગઢમાં રાજ્યની પાંચમી સેન્ટ્રલ જેલ બનશે તેવા સંકેતો મળી રહ્યા છે.

આ સાથે વર્ષો પૂર્વે જૂનાગઢમાં બનેલી જેલ હાલમાં જુનાગઢ શહેર મધ્યે આવી ગઈ છે, તેથી હવે જેલના વિસ્તરણ કે રીનોવેશન શક્ય નથી, તે ઊપરાંત જેલ શહેરની વચ્ચે આવી જતા, બીજા અનેક દૂષણોનો જેલના સ્ટાફને સામનો કરવો પડે છે. તેમજ જિલ્લાના સજા પામેલા કેદીઓને જુનાગઢ બહાર અન્ય સેન્ટ્રલ જેલમાં મોકલવામાં આવે છે, જેથી કેદીઓને મળવા તેમના પરિવારજનોને દૂરના શહેર સુધી જવું પડે છે. જેથી જૂનાગઢમાં વધુ કેદીઓની ક્ષમતા ધરાવતી સેન્ટ્રલ જેલની જરૂરિયાત ઉભ થઈ છે, જે અંગે જુનાગઢના ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા એ વિધાનસભામાં પ્રશ્ન પણ મૂક્યો હતો.દરમિયાન જુનાગઢ જિલ્લા જેલના અધિક્ષક એમ.એસ. લોહારેના જણાવ્યા મુજબ, ૨૬૫ કેદીઓની ક્ષમતા ધરાવતી જૂનાગઢની જિલ્લા જેલમાં હાલ ૫૦૦ થી વધુ કેદીઓને રાખવામાં આવ્યા છે, કારણકે, ગિર સોમનાથ જિલ્લામાં જેલ નથી, તેથી ત્યાંના કેદીઓ જુનાગઢ જેલમાં આવે છે. અને તેના કારણે જૂનાગઢ જેલમાં ઓવર કાઉડેડની સમસ્યા રહે છે. આ સાથે જેલ શહેરની વચ્ચે હોવાથી બીજા પણ અનેક દૂષણોનો સામનો જેલના સ્ટાફને કરવો પડે છે. તેમજ જેલ શહેરની મધ્યે આવી જતા, હવે જેલનું વિસ્તરણ કે, રીનોવેશન પણ શક્ય નથી. તેથી હવે શહેરની બહાર ૩ હજાર કેદીઓને સમાવી શકે એવી રાજ્યની પાંચમી સેન્ટ્રલ જેલ બનાવવામાં આવનાર છે. રાજ્યની પાંચમી સેન્ટ્રલ જેલ બનાવવા માટે આશરે ૬૦ એકરથી વધુ જગ્યાની જરૂર પડશે. જે જગ્યા જેલ સત્તાવાળાઓએ શોધી લીધી છે. જૂનાગઢની સેન્ટ્રલ જેલમાં અમરેલી, પોરબંદર સહિતના જિલ્લાના કેદીઓને રાખવામાં આવશે.

### ગિર સોમનાથ જિલ્લા જેલની કામગીરી ૮૦ ટકા પૂર્ણ

ગિર સોમનાથ જિલ્લાની જેલ સેમરવાવ ખાતે તૈયાર થઈ રહી છે. જેનું ૮૦ ટકા કામ પૂર્ણ થઈ ચૂકયું છે. આગામી મહિનાઓમાં તે જેલ તંત્રને સોંપાઈ જશે. બાદમા ગિર સોમનાથ જિલ્લાના કેદીઓને ત્યાં ખસેડવામાં આવશે. જેથી જુનાગઢ જેલમાં ઓવર કાઉડની સમસ્યા પણ દૂર થઈ જશે.

# તાલાલાના જાવંત્રી ગામેથી જામગરી બંદૂક સાથે શખ્સ ઝડપાયો

## એસઓજીએ બાતમીના આધારે હથિયાર સાથે અકબર બ્લોચને દબોચી લેવાયો, આર્મ્સ એક્ટ હેઠળ ગુનો નોંધ્યો

**અબતક લીલાધર હાલવાણી, તાલાલા**

ગીર સોમનાથ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી તેમજ ગેરકાયદેસર હથિયારો ધરાવતા ઈસમોને પકડી પાડવા માટે પોલીસ અધિક્ષક જયદિપસિંહ જાડેજા દ્વારા આપવામાં આવેલી કડક સૂચના અન્વયે એસઓજી શાખાને મોટી સફળતા મળી છે. ગીર સોમનાથ એસઓજીની ટીમે તાલાલા પોલીસ સ્ટેશન વિસ્તારના જાવંત્રી ગામ પાસેથી એક ઈસમને ગેરકાયદેસર હથિયાર સાથે દબોચી લીધો છે.



એસઓજી ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર ડી.એમ. કાગડાની ટીમને મળેલી સંયુક્ત ચોક્કસ બાતમીના આધારે, જાવંત્રી ગામના સ્મશાન પાસેથી આરોપી અકબરભાઈ ખુદાબસભાઈ બ્લોચ (મકરાણી) (ઉં.વ. ૨૮, ધંધો-મજૂરી) ને ઝડપી પાડવામાં આવ્યો હતો. પોલીસે આરોપી પાસેથી રૂ. ૧,૦૦૦ની કિંમતની ૦૧ નંગ હાથ બનાવટની જામગરી બંદૂક કબજે કરી છે.

આરોપી વિરુદ્ધ તાલાલા પોલીસ સ્ટેશનમાં આર્મ્સ એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ છે.

# ખનન માફીયાઓ સામે લાલ આંખઃ ભુણાવા ગામે રૂ.૧.૫૯ કરોડની ખનીજ ચોરી કરનારા ૬ શખ્સો સામે ગુનો નોંધાયો

## ગૌચર અને સરકારી ખરાબાની જમીનમાં છેલ્લા પાંચ વર્ષથી ગેરકાયદે ખનન કરી માટી ચોરી આર્થિક લાભ મેળવી લેતા શખ્સો સામે ખનીજ વિભાગની કાર્યવાહી

**અબતક, રાજકોટ**

ગોંડલ તાલુકા ભુણાવા ગામે ગૌચર અને સરકારી ખરાબાની જમીનમાં ગેરકાયદે સાદી રેતી અને સોફ્ટ મોરમની ચોરી કરનારા ૬ શખ્સો વિરૂધ્ધ ગોંડલ તાલુકા પોલીસ મથકે ગુનો નોંધાયો છે. રૂ.૧.૫૯ કરોડની ખનીજ ચોરી કરનાર ૬ શખ્સોની ટોળકી સામે ખનીજ વિભાગે લાલ આંખ કરી કાર્યવાહી કરતા ખનન માફીયાઓમાં ફફડાટ મચી જવા પામ્યો છે. બનાવ અંગે મૂળ ભૂજના વતની અને હાલ રાજકોટના રાધે એપાર્ટમેન્ટ માયાણી ચોક ખાતે રહેતા અને ખનીજ ખાતામાં રોયલ્ટી ઈન્સ્પેકટર તરીકે નોકરી કરતા કિશનભાઈ લાલજીભાઈ રાણવાએ આરોપી તરીકે સહદેવસિંહ રેવતુભા જાડેજા, સિધ્ધરાજસિંહ નિરૂભા જાડેજા, મજબૂતસિંહ કિરૂભા જાડેજા, રણજીતસિંહ નટુભા જાડેજા, દિગ્વિજયસિંહ બાપાલાલ જાડેજા (રહે. તમામ ભુણાવા, ગોંડલ, રાજકોટ) અને ચન્નાભાઈ આંબાભાઈ સરસીયા (રહે. મહિકા મોટા ગોંડલ, રાજકોટ)નું નામ આપતા ગોંડલ તાલુકા પોલીસની ટીમે આઈપીસીની કલમ-૩૭૯, ૩૪, ૪૧૪ અને માઈન્સ એન્ડ મિનરલ્સ રેગ્યુલેશન એક્ટની કલમો હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

રોયલ્ટી ઈન્સ્પેક્ટરની ફરિયાદમાં જણાવ્યું હતું કે તેઓ રાજકોટ ભૂસ્તર વિજ્ઞાન અને ખનીજ ખાતામાં રોયલ્ટી ઈન્સ્પેક્ટર તરીકે ફરજ બજાવે છે. સમગ્ર રાજકોટ જિલ્લામાં ખનીજની ગેરકાયદે પ્રવૃત્તિ પર દેખરેખ રાખવાની તેમની કામગીરી હોય છે અને ગેરકાયદે ખનીજ ચોરી કરતા શખ્સો વિરૂધ્ધ ફરિયાદ નોંધાવવાની સત્તા તેમને આપવામાં આવેલ છે.

ફરિયાદીએ જણાવ્યું હતું કે કલેક્ટર કચેરીના જનસંપર્ક અધિકારીને એક લેખિત ફરિયાદ મળી હતી કે ગોંડલ તાલુકાના ભુણાવા ગામના ગૌચરની જમીન તથા સરકારી ખરાબાની જમીનમાં ગેરકાયદે માટી ચોરીની ફરિયાદ કરવામાં આવી હતી જે અનુસંધાને રાજકોટ ભૂસ્તર શાસ્ત્રીની સૂચનાથી ગત તા.૦૮/૧૨/૨૦૨૫ના રોજ ખનીજ ખાતાની ટીમે ભુણાવા ગામે ચેકીંગ હાથ ધર્યુ હતું પરંતુ તે સમયે સ્થળ પરથી ખનીજ ચોરીની કોઈ પ્રવૃત્તિ મળી આવી ન હતી. જો કે, સોફ્ટ મોરમ ખનીજનું જ્યુપીટર રોલ ફોર્મ મશીન ત્રા.લી. દ્વારા તાજું/નવું પુરાણ/સંગ્રહ કરવામાં આવ્યાનું ધ્યાને આવતા સ્થાનિકો સાથે આ અંગે વાતચિત કરતા જ્યુપીટર રોલ ફોર્મ મશીન ત્રા.લી. જગ્યામાં કોઈપણ મંજૂરી વિના સંગ્રહ/પુરાણ કરવામાં આવ્યાનું જાણવા મળ્યું હતું. જે અનુસંધાને જ્યુપીટર રોલ ફોર્મ મશીન ત્રા.લી.ને ૧૮૫૮.૬૨ મેટ્રીક ટન પુરાણ/સંગ્રહ બાબતે કારણદર્શક નોટીસ ફટકારવામાં આવેલ હતી. જે નોટીસ અનુસંધાને ગત તા.૦૩/૦૨/૨૦૨૬ના રોજ કસૂરદાર દ્વારા સમાધાન પેટેની રકમ ભરપાઈ કરવામાં આવી હતી.

ત્યારબાદ ભૂસ્તર શાસ્ત્રીને અરજદાર દ્વારા વધુ એક પત્ર લખવામાં આવ્યો હતો. જેમાં ભુણાવા ગામના ગૌચર અને સરકારી ખરાબાની જમીનમાં થયેલ ખોદકામ બાબતે અરજદારને હાજર રાખી તપાસ કરવા અનુરોધ કરવામાં આવ્યો હતો. જેથી ગત તા.૦૬/૦૩/૨૦૨૬ના રોજ ખનીજ વિભાગની ટીમે ગોંડલ તાલુકા પોલીસની ટીમને સાથે રાખી ભુણાવા ગામે જઈ પોલીસ, નાયબ મામલતદાર, અરજદારને સાથે રાખી તપાસ હાથધરી હતી ત્યારે અહિંથી ગેરકાયદે ખનીજનું ખનન કે વહનને લગતી કોઈ પ્રવૃત્તિ મળી આવી ન હતી. જેથી તપાસ સમયે ખોદકામ થયેલ જગ્યાના સર્વે નંબરની ખરાઈ કરવા નાયબ મામલતદારને જણાવવામાં આવ્યું હતું. બાદમાં તપાસ સમયે અરજદાર દ્વારા બતાવવામાં આવેલ સ્થળે સાદી માટીનું નવું ખોદકામ થયેલ હોવાનું જાણવા મળતા અરજદારે નવું અને જુનું ખોદકામ સહદેવસિંહ રેવતુભા જાડેજા, સિધ્ધરાજસિંહ નિરૂભા જાડેજા, મજબૂતસિંહ કિરૂભા જાડેજા, રણજીતસિંહ નટુભા જાડેજા, દિગ્વિજયસિંહ બાપાલાલ જાડેજાના કહેવાથી મોટા મહિકાના રહેવાસી ચન્નાભાઈ આંબાભાઈ સરસીયા દ્વારા મશીનરી દ્વારા ગેરકાયદે ખોદકામ કરવામાં આવે છે. વધુમાં અરજદારે જણાવ્યું હતું કે ૬ શખ્સોની ટોળકી દ્વારા છેલ્લા પાંચ વર્ષથી કોઈપણ મંજૂરી વિના ગેરકાયદે ખોદકામ કરી ખનીજ ચોરી કરવામાં આવી રહી છે. જે બાદ ખોદકામ થયેલ જમીન જેના સર્વે નં.૨૦૩ અને ૧૦૬માં થયેલ ખોદકામની ખરાઈ કરતા કોઈપણ પ્રકારની મંજૂરી વગર કુલ ૩૮૫૧૪.૩૧ મેટ્રીક ટન સોફ્ટ મોરમ અને ૩૧૭૯૮.૧૦ મેટ્રીક ટન સાદી માટીની ચોરી થયાનું ધ્યાનમાં આવતા ખનીજ વિભાગની ટીમે પ્રતિ મેટ્રીક ટનના રૂ.૧૭૫ લેખે રૂ.૫૫૬૪૬૬૮, પર્યાવરણને નુકશાન વળતર પેટે રૂ.૨૨૮૧૫૧૪, સોફ્ટ મોરમની ચોરી પેટે રૂ.૫૭૭૭૧૪૭ તેમજ પર્યાવરણના દંડ પેટે રૂ.૨૩૬૮૬૩૦ મળી કુલ રૂ.૧,૫૯,૯૧,૬૫૯ની ખનીજ ચોરી થયાનું ફલીત થતા ખનીજ વિભાગની ટીમે ગોંડલ તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

# જૂનાગઢ સિવિલ હોસ્પિટલના પાર્કિંગમાંથી અજાણ્યા વૃધ્ધનો મૃતદેહ મળી આવ્યો

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જૂનાગઢની શહેરની સિવિલ હોસ્પિટલના પાર્કિંગમાં એક અજાણ્યો પુરુષ મૃત હાલતમાં હોવાની જાણ થતા પોલીસ ઘટના સ્થાને પહોંચી હતી, અને તપાસ કરતા મરણ જનાર આશરે ૬૦ વર્ષની ઉંમરના હોવાનું તથા પ્રાથમિક દ્રષ્ટિએ મરણ જનાર વૃધ્ધનું કોઈપણ અગમ્ય કારણોસર મૃત્યુ નીપજ્યું હોવાનું જણાતા, પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી, મરણ જનારના મૃત્યુનું ચોક્કસ કારણ જાણવા માટે મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડવામાં આવ્યો હતો તથા જૂનાગઢ એ-ડિવિઝન પી.એસ.આઈ. પી.બી. સોલંકીએ આ મામલે અકસ્માત મોત નોંધ કરી કાયદેસરની તપાસ હાથ ધરી, હાલ મરણ જનાર વૃધ્ધની ઓળખ મેળવવા તપાસ હાથ ધરી છે.

# જેતપુરમાં પુત્રના પ્રેમ પ્રકરણમાં માતાનું અપહરણ : આરોપીઓને જૂનાગઢથી ઝડપી લેવાયા

## મેંદરડાની યુવતીની ભગાડી જતા તેના પરિવારજનોએ યુવાનના માતા-પિતા, બહેનને ધમકાવ્યા

**અબતક, રાજકોટ**

જેતપુરમાં બોખલા દરવાજા પાસે રહેતા મહિલાનો પુત્ર મેંદરડામાં રહેતી યુવતીને ભગાડી ગયો હતો. જે બાબતનો ખાર રાખી યુવતીના પરિવારજનોએ અહીં જેતપુર આવી મહિલા સાથે મારકૂટ કરી જો અમારી છોકરી નહીં આવે તો તને મારી નાખીશું. તેમ કહી અપહરણ કરી ગયા હતા. અપહરણના આ ગંભીર બનાવને લઈ જેતપુર સિટી પોલીસ રાજકોટ ગ્રામ્ય એલસીબી અને જુનાગઢ એલસીબી સહિતની ટીમોએ મળી મહિલાનું અપહરણ કરનાર ત્રણ મહિલા સહિત છ શખસોને જુનાગઢથી ઝડપી લઈ અપહ્યત મહિલાને મુક્ત કરાવ્યા હતા.

બનાવની જાણવા મળતી વિગતો મુજબ, જેતપુરમાં બોખલા દરવાજા જગાવાળા ચોરામાં રહેતા હનીફભાઈ ગફારભાઈ ગરાણા દ્વારા જેતપુર સિટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી કે, તેમના પુત્ર અબ્દુલ કાદિર ઉર્ફે અબુને મેંદરડામાં રહેતી મુસ્કાન નાસીરભાઈ રફાઈ સાથે પ્રેમ સંબંધ હોય અને બંને ક્યાંક ચાલ્યા ગયા હતા. દરમિયાન ગઈકાલે સવારે ૬:૦૦ વાગ્યા આસપાસ અરબાઝ રફાઈ, સોનાબેન રફાઈને આરોપી સમીર ઈસુભાઈ બાદશાહ ફરિયાદીનું ઘર બતાવતા આ



આરોપીઓ અહીં આવ્યા હતા અને કહ્યું હતું કે, અમારી દીકરી મુસ્કાન ક્યાં છે? જેથી ફરિયાદીએ કહ્યું હતું કે, મારો દીકરો પણ અમારા ઘરે નથી અમે પણ તેને શોધીએ છીએ જેથી આરોપીએ કહ્યું હતું કે, તું તારા દીકરાને ભૂલી જજે અમે તેને જ્યાં જોશું ત્યાં મારી નાખશું તેમ વાત કરી હનીફભાઈ તથા તેમના પત્ની મુમતાઝબેનને ધમકાવી આરોપીઓ જતા રહ્યા હતા.

બાદમાં ફરિયાદીની દીકરી સમીરાબેન જેતપુરમાં સાસરીયે હોય તેના ઘરે જઈને પણ તારો ભાઈ ક્યાં છે? તેમ કહી તારો ભાઈ મારી બહેનને ભગાડી ગયો છે જ્યારે તારો ભાઈ મળશે ત્યારે તારા ભાઈને અમે જીવતો રહેવા દેશુ નહીં કહી ધમકી આપી હતી.

બાદમાં ફરિયાદીના પત્ની મુમતાઝબેન જેતપુરમાં હુસેની ચોક ચકીવાળી શેરીમાં આવેલ વોરા સમાજની વાડીએ રસોડાના કામ માટે ગયા હતા. ત્યાં આરોપીઓ અહીં ધસી આવી મુમતાઝબેન સાથે બોલાચાલી કરી લાફા મારી કહ્યું હતું કે, કોઈની છોકરીને ભગાડી જશે તેમ કહી તેમનો હાથ પકડી બહાર કાઢી મુમતાઝબેનને કહ્યું હતું કે, જો અમારી છોકરી નહીં આવે તો તને મારી નાખીશ હું તેમ કહી વાહનમાં બેસાડી મુમતાઝબેનનું અપહરણ કરી ગયા હતા જેથી તેમના પતિ હનીફભાઈ ઘરે આ અંગે ફરિયાદ નોંધાવી હતી.

અપહરણના આ ગંભીર બનાવને લઈ રાજકોટ રેન્જ આઈજી નિર્લિપ્ત રાય, એસપી વિજયસિંહ ગુર્જરની સુચના હેઠળ જેતપુર ડીવાયએસપી રોહિતસિંહ ડોડીયાની રાહબરીમાં જેતપુરમાં માર્ગદર્શન હેઠળ તપાસ હાથ ધરી હતી. બાદમાં રાજકોટ એલસીબી, જુનાગઢ એલસીબી અને જુનાગઢ તાલુકા પોલીસની ટીમ સહિતનાએ સંયુકતપણે મળી જુનાગઢ પાસેથી આરોપીઓને ઝડપી લઈ અપહ્યત મુમતાઝબેનને મુક્ત કરાવ્યા હતા.

ઝડપાયેલા આરોપીઓમાં અરબાઝ નાસીરભાઈ રફાઈ, સોનાબેન નાસીરભાઈ રફાઈ, નાઝીમ નાસીરભાઈ રફાઈ(રહે. મેંદરડા), હીનાબેન ઝાહિદભાઈ ચૌહાણ(રહે. ગડુ તા. માળિયા હાટીના), રૂકસાર મુસ્તાકભાઈ ઈબ્રાહીમ(રહે. મેંદરડા) અને સમીર ઉર્ફે બાદશાહ ઈસુભાઈ સીરમાન(રહે. જેતપુર) નો સમાવેશ થાય છે. પોલીસે આરોપીઓ પાસેથી ચાર મોબાઈલ બે બાઈક સહિત કુલ રૂપિયા ૮૦ હજારનું મુદ્દામાલ કબજે કર્યો હતો. આ કામગીરીમાં રાજકોટ એલસીબી પીઆઈ વી.વી ઓડેદરા તથા તેમની ટીમ જેતપુર પીઆઈ એ.ડી. પરમાર, જુનાગઢ એલસીબી પીઆઈ તથા તેમની ટીમ અને જુનાગઢ તાલુકા પોલીસનો સ્ટાફ સાથે રહ્યો હતો.

## યુવકની માતા સાથે મારકૂટ કરી ઉઠાવી ગયાઃ ૩ મહિલા સહિત છને ઝડપી મહિલાને મુકત કરાવાયા

# મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલનું રાજકોટમાં આગમન


## ગુજરાત હાઉસીંગ બોર્ડના કવાર્ટર ધારક આયોજીત સન્માન સમારોહ, રાષ્ટ્રીય વયોશ્રી યોજના હેઠળ લાભાર્થીઓને ઉપકરણ વિતરણ કાર્યક્રમમાં હાજરી આપશે

## કોર્પોરેશનના ૭૫૧ કરોડના વિકાસ કામોનું લોકાર્પણ તથા ખાતમુહૂર્ત કરશેઃ લેઉવા પટેલ બોર્ડિંગના નવનિર્મિત ભવનનું ઉદ્ઘાટન અને સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાનું અનાવરણ કરશે

**અબતક,રાજકોટ**

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ રાજકોટની મુલાકાતે છે. તેઓના છ કલાકના રોકાણ દરમિયાન અલગ અલગ ચાર કાર્યક્રમોમાં હાજરી આપશે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પૂર્વે સીએમની આવતીકાલની રાજકોટની મુલાકાત ખૂબજ મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે.

બપોરે ૧૨ કલાક આસપાસ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનું હિરાસર સ્થિત રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ ખાતે આગમન થશે જ્યાંથી તેઓ બાય રોડ રાજકોટ આવશે. પ્રથમ કાર્યક્રમમાં સીએમ બપોરે ૧ કલાકે શહેરના સામાકાંઠા વિસ્તારમાં અટલબિહારી વાજપેયી ઓડિયોરિયમ ખાતે ગુજરાત હાઉસિંગ બોર્ડના આવાસ ધારકો દ્વારા એક સન્માન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં તેઓ ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમ ૧.૪૫ કલાકે પૂર્ણ થયા બાદ સર્કિટ હાઉસ ખાતે જશે જ્યાં લંચ લેશે અને થોડીવાર વિરામ લેશે.



રાજકોટ મહાનગરપાલિકા દ્વારા બપોરે ૦૩:૦૦ કલાકે, પૂજ્ય પ્રમુખ સ્વામી ઓડિટોરિયમ,ખાતે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના વરદ હસ્તે વિવિધ વિકાસ પ્રકલ્પોના લોકાર્પણ તથા ખાતમુહૂર્તનો કાર્યક્રમમાં હાજરી આપશે. શહેરના આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ, પાણી વ્યવસ્થાપન મજબૂત બનાવવા, ડ્રેનેજ સુવિધા વિસ્તૃત કરવા, માર્ગને પ્રકાશ વ્યવસ્થા સુધારવા તેમજ નાગરિક સુવિધાઓ વધારવા માટે કુલ રૂ. ૭૫૧.૧૯ કરોડના ૪૫ વિવિધ પ્રકલ્પોનો સમાવેશ કરવામાં આવ્યો છે.આ કાર્યક્રમ અંતર્ગત રાજકોટ મહાનગરપાલિકા દ્વારા હાથ ધરાયેલા પૂર્ણ થયેલા વિકાસકાર્યોનું લોકાર્પણ તથા નવા વિકાસ પ્રકલ્પોના ખાતમુહૂર્ત કરવામાં આવશે. આ પ્રકલ્પો અમલમાં આવતા શહેરના અનેક વિસ્તારોમાં સુવિધાઓનો વ્યાપ વધશે અને નાગરિકોને ગુણવત્તાસભર સુવિધાઓ ઉપલબ્ધ બનશે.

આ કાર્યક્રમમાં પ્રભારી મંત્રી જીતુભાઈ વાઘાણી, રાજ્યકક્ષા મંત્રી શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ, ગુજરાત સરકારના દર્શનાબેન વાઘેલા, રાજકોટના સંસદસભ્ય પરસોત્તમભાઈ રૂપાલા, રાજ્યસભાના સંસદસભ્ય રામભાઈ મોકરીયા, ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ, ધારાસભ્ય ડૉ. દર્શિતાબેન શાહ, ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, ધારાસભ્ય ભાનુબેન બાબરીયા ગરિમામય ઉપસ્થિતિ રહેશે.

### ૧૦૧૦ પરિવારોનું ઘરના ઘરનું સપનું થશે સાકાર

પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત પ્લોટમાં રેલનગર વિસ્તારમાં રૂ. ૧૧૯.૦૫ કરોડના ખર્ચે ટી.પી. ૧૯ (રાજકોટ)માં કુલ ૨૫૦૭૧.૧૫ ચો.મી. ક્ષેત્રફળના બે પ્લોટમાં ઈડબલ્યુએસ ૨ પ્રકારના ૧૦૧૦ આવાસો તથા ૪૭ દુકાનોનું નિર્માણ પૂર્ણ કરવામાં આવ્યું છે.જેનું લોકાર્પણ કરાશે. આ આવાસ પૂરતા પ્રમાણમાં હવાઉજાસ મળી રહે તેવું પ્લાનિંગ આવાસ યોજનામાં કોમન લાઈટીંગ માટે રૂફટોપ સોલાર સિસ્ટમની વ્યવસ્થા, પાણીની લાઈન, ડ્રેનેજ સિસ્ટમ, ગેસ પાઈપલાઈન, વીજ કનેક્શન, લાઈટીંગ એરેસ્ટર, ઓટો ડોર લીફ્ટ(ફાયર તથા કોમન), રેઈન વોટર હાર્વેસ્ટિંગ, બિલ્ડીંગ દીઠ જનરેટર, ફાયર ટેંક તથા ફ્લફ્રુફ ફાયર સિસ્ટમ, સિક્યોરીટી રૂમ, ચિલ્ડ્રન પ્લે એરિયા (રમત-ગમ્મત ના સાધનો સાથે) વિગેરેની સુવિધા ૪૦.૦૦ ચો.મી. કાર્પેટ એરિયાના પ્રત્યેક આવાસમાં હોલ, બેડરૂમ તથા રસોડામાં વિટ્રીફાઈડ ટાઈલ્સ ફ્લોરિંગ, રસોડામાં માર્બલ સેન્ડવીચ પ્લેટફોર્મ તથા વોલ ટાઈલ્સ તેમજ વોશ એરિયા તથા ટોઈલેટ-બાથરૂમમાં વોલ ટાઈલ્સ

તમામ બારીઓમાં એલ્યુમીનીયમ સેક્શન તથા ગ્રીલ, વોટર પ્રુફ લેમીનેટેડ ફ્લશ ડોર તેમજ ટોઈલેટ-બાથરૂમમાં દરવાજા બિલ્ડીંગની છત ઉપર વોટર પ્રુફીંગ ટ્રીટમેન્ટ સાથેનું ચાઈના મોઝેક ફ્લોરિંગ પૂરતા પ્રમાણમાં પાર્કિંગની વ્યવસ્થા એન્ટ્રી ગેઈટ તથા ટ્રી-પ્લાન્ટેશન અને આંગણવાડીની સુવિધા ઉપલબ્ધ છે. આવાસ યોજના થકી ૧૦૧૦ પરિવારોને મળશે.

ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા દ્વારા ભક્તિનગર સર્કલ પાસે મેઘાણી રંગભવન ખાતે બપોરે ૩.૩૦ કલાકે ભારત સરકારની રાષ્ટ્રીય વયોશ્રી યોજના અંતર્ગત વરિષ્ઠ નાગરિકોને જીવન સહાયક ઉપકરણોના વિતરણનું વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. તેમાં સીએમ ખાસ ઉપસ્થિત રહી ઉપકરણોનું વિતરણ કરશે. આ કાર્યક્રમમાં કેન્દ્રીય કેબીનેટ મંત્રી ડો. મનસુખભાઈ માંડવીયા, રાજ્ય સરકારના કેબીનેટ મંત્રી અને રાજકોટના પ્રભારી મંત્રી જીતુભાઈ વાઘાણી, રાજ્યકક્ષાના મંત્રી કૌશિકભાઈ વેકરીયા પણ ખાસ ઉપસ્થિત રહેશે.

આવતીકાલના રાજકોટના પ્રવાસ દરમિયાન મુખ્યમંત્રી દ્વારા શહેરના ૧૫૦ ફૂટ રીંગરોડ પર બાલાજી હોલ પાસે આવેલા શ્રી લેઉવા પટેલ બોર્ડિંગના નવ નિર્મિત અદ્યતન બિલ્ડીંગના લોકાર્પણ તથા શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાના અનાવરણના કાર્યક્રમમાં હાજરી આપશે. રાજકોટમાં છ કલાકના રોકાણ દરમિયાન સીએમ ચાર કાર્યક્રમોમાં હાજરી આપશે.

# જામનગરઃ વિધવાને મોતને ઘાટ ઉતારનાર આરોપીનું રિ-કન્સ્ટ્રકશન કરાવ્યું

## મહિલા ફરિયાદની ધમકી આપી પૈસાની માંગણી કરતા હત્યા કરી

**અબતક, જામનગર**

જામનગર શહેરના ડિફેન્સ કોલોનીમાં રહેતી મહિલાની તેના પુત્રના મિત્રએ જ ગળેટૂંપો આપી હત્યા કરી નાખતા પોલીસ દોડતી થઈ છે. પોલીસે આરોપીને પકડી પાડ્યા બાદ સમગ્ર ઘટનાનું આરોપી પાસે રિ કન્સ્ટેકશન કરાવ્યું હતું.

ડિફેન્સ કોલોની વિસ્તારમાં રહેતા મૂળ મથુરાના વતની રોહિતસિંહ કઠેરિયા નામના યુવાને પોતાની માતાની હત્યાં મામલે મિત્ર એવા આરોપી વિજય વિઠ્ઠલભાઈ ઓડીચ (રહે. ડીફેન્સ કોલોની, ગાયત્રી મંદિર વાળી શેરી) સામે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદીની માતા રિન્કીદેવી પોલીસમાં જાણ કરાઈ હતી. જેની શોધખોળ ચાલી રહી હતી. જેનો બે દિવસ બાદ ઘરની પાછળ રહેતા આરોપી વિજયના કાકા કાનાભાઈના ઘરમાંથી ગળે ટૂંપો દીધેલી હાલતમાં રિન્કીદેવીનો મૃતદેહ મળી આવ્યો હતો.

પોલીસ તપાસ સામે આવ્યું કે, રિન્કી દેવી અને વિજય ઓડિચને અનૈતિક સંબંધ હતા અને મહિલા આરોપી વિજય પાસેથી અવારનવાર રૂપિયાની માંગણી કરી પોલીસમાં ફરિયાદની ધમકી આપતી હતી. તેનાથી છુટકારો મેળવવા વિજયએ ગળું દબાવી મોતને ઘાટ ઉતારી દીધી હતી. જે મામલે મૃતકના પુત્રની ફરિયાદના આધારે પોલીસે આરોપી વિજય વિઠ્ઠલભાઈ ઓડીચને પકડી પાડી ઘટનાનું રિ કન્સ્ટેકશન કરાવ્યું હતું. આરોપીને આજે રિમાન્ડની માંગ સાથે કોર્ટમાં રજૂ કરાશે.

# પોરબંદર જિલ્લા પંચાયત અને ત્રણેય તાલુકા પંચાયતનું બેઠક રોટેશન જાહેર

## પોરબંદર, રાણાવાવ અને કુતિયાણા પંચાયતમાં વહીવટદારની નિમણુંક

**અબતક, પુજા થાનકી, પોરબંદર**

સમગ્ર રાજયમાં વહીવટીશાસન લાગુ કરવામાં આવેલ જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતમાં પ્રથમ અઢી વર્ષના પ્રમુખની કેટેગરીનું રોટેશન જાહેર કરવામાં આવ્યું છે. જેમાં પોરબંદર જિલ્લા પંચાયત અને ત્રણેય તાલુકા પંચાયત પ્રમુખ માટેની કેગેટરી જાહેર કરાઈ છે.

તાજેતરમાં રાજ્યની વિવિધ જિલ્લા પંચાયત તેમજ તાલુકા પંચાયતમાં શાસનની ટર્મ પૂર્ણ થતાં તેમાં વહીવટદારની નિમણુંક કરવામાં આવી છે. ત્યારે પોરબંદર જિલ્લા પંચાયત તેમજ પોરબંદર, રાણાવાવ અને કુતિયાણા તાલુકા પંચાયતમાં પણ વહીવટદારની નિમણુંક કરવામાં આવી છે. આ નિમણુંક બાદ હવે ચૂંટણી પંચ દ્વારા વહીવટદાર નિમણુંક થયેલ જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ચૂંટણી બાદ પ્રથમ અઢી વર્ષ માટેના પ્રમુખની કેગેટરીનું રોટેશન જાહેર કરવામાં આવ્યું છે. જેમાં પોરબંદર જિલ્લા પંચાયત પ્રથમ અઢી વર્ષમાં જનરલ કેગેટરીના મહિલા પ્રમુખની જાહેરાત કરવામાં આવી છે ત્યારે પોરબંદર તાલુકા પંચાયતમાં બક્ષીપંચ પુરુષ કેગેટરી, રાણાવાવ તાલુકા પંચાયતમાં જનરલ કેગેટરી અને કુતિયાણા તાલુકા પંચાયતમાં પણ પ્રથમ અઢી વર્ષ જનરલ કેગેટરી મહિલા પ્રમુખની જાહેરાત કરવામાં આવી છે.

# મહીકા નજીક હિટ એન્ડ રનઃ જૂનાગઢના યુવાનનું અજાણ્યા વાહનની ઠોકરે મોત

## ઈમિટેશનનું કામ કરતો ૧૯ વર્ષીય યુવાન જમવાનું લઈ પોતાના મહિકા પાટીયા પાસે આવેલ રૂમે જતો'તો

**અબતક, રાજકોટ**

રાજકોટ-ભાવનગર રોડ પર આવેલ મહિકા પાસે હિટ એન્ડ રનનો બનાવ સામે આવ્યો છે.જૂનાગઢના યુવાનનું અજાણ્યા વાહનની હડફેટે કમકમાટીભર્યું મોત નિપજતાં અરેરાટી વ્યાપી ગઈ હતી. ઈમિટેશનનું કામ કરતાં ૧૯ વર્ષીય યુવાન જમવાનું લઈ પોતાના મહિકા પાટીયા પાસે આવેલ રૂમ પર જતો હતો ત્યારે કાળમુખા વાહને અકસ્માત સર્જ્યો હતો. બનાવ અંગે આજીડેમ પોલીસે વાહન ચાલકની શોધખોળ આદરી હતી.

પ્રાપ્ત વિગત મુજબ ભાવનગર હાઈવે પર આવેલ મહિકાના પાટીયા પાસે એક યુવાન ઈજાગ્રસ્ત હાલતમાં પડેલ હોવાની આજીડેમ પોલીસને જાણ થતા પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો અને તુરંત જ ૧૦૮ ને ફોન કરતા દોડી આવેલ ૧૦૮ ની ટીમે ઈજાગ્રસ્ત યુવાનને તપાસી મૃત જાહેર કર્યો હતો.

જે બાદ પોલીસની ટીમે જરૂરી કાગળો કરી મૃતદેહને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડી પીએમની તજવીજ આદરી હતી. વધુમાં પોલીસ સૂત્રોમાંથી મળતી વિગત મુજબ મૃતક ભાવનગર રોડ પર આવેલ મહિકાના પાટીયાની બાજુમાં ઠાકરધણી હોટલ પાછળ ભાડાના મકાનમાં રહે છે, તે મૂળ જૂનાગઢનો વતની છે, અહીં તે ઈમિટેશનનું કામ કરતો હતો. ગઈકાલે તે નજીકમાં આવેલ હોટલે પોતાના માટે જમવાનું લેવા માટે બાઈક લઈને ગયો હતો, જે જમવાનું લઈને પરત રૂમ પર આવતો હતો ત્યારે કાળમુખા અજાણ્યા વાહને તેમને ઠોકરે ચડાવી વાહનચાલક નાસી છૂટ્યો હતો. મૃતક બે ભાઈ બે બહેનમાં વચેટ અને અપરણિત હોવાનું જાણવા મળ્યું છે. હાલ બનાવ અંગે પરિવારને જાણ કરતા પરિવાર પર આભ તૂટી પડ્યું હતું. બનાવ અંગે આજીડેમ પોલીસે જીવલેણ અકસ્માત સર્જી નાસી છૂટનાર અજાણ્યા વાહન ચાલકની શોધખોળ આદરી છે.

# ધુવાવ ગામે અજાણ્યા વાહને નિંદ્રાધીન વૃધ્ધને કાયમ માટે પોઢાડી દીધો

**અબતક, જામનગર**

જામનગર રાજકોટ માર્ગે ધૂંવાવ ગામ નજીક ગઈ રાત્રે ઊંઘી રહેલા વૃદ્ધ માથે અજાણ્યા વાહન ચાલક એ પોતાનું વાહન વૃદ્ધ માથે ફેરવી દેતા ગંભીર ઈજા પામનાર વૃદ્ધનું મૃત્યુ થયું હતું.

જામનગર થી સાતેક કિલોમીટર દૂર આવેલા ધુવાવ ગામ માં રહેતા ઓસમાણભાઈ અલીભાઈ મોગલ (૬૫) ગત રાત્રે ગામ ના માર્ગે એક દુકાન ના ઓટલા પાસે ઊંઘ માણી રહ્યા હતા. ત્યારે પૂરપાટ વેગે આવેલા કોઈ અજાણ્યા વાહન ના ચાલકે પોતાનું વાહન ઓસમાણભાઈ ઉપર ચઢાવી દીધું હતું. જેમાં ગંભીર થવાથી ઓસમાણભાઈ ને સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવા હતા ત્યાં તેમનું મૃત્યુ નિપજયા નું જાહેર કરાયુ હતું.

આ બનાવ અંગે મૃતક ના પુત્ર મહમદ હુસેન ઓસમાણભાઈ મોગલ એ પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે અજાણ્યા વાહન ચાલક સામે ગુનો નોંધ્યો છે.

(પહેલા પાનાનું ચાલું)

### યુધ્ધ વધુ ભયાનક...

વિસ્તારોની ૧ કિમીની ત્રિજ્યામાં રહેતા નાગરિકોને ઘર ખાલી કરવા આદેશ આપ્યો છે. મધ્ય પૂર્વમાં હવે ગમે ત્યારે મોટું યુદ્ધ ફાટી નીકળે તેવી સ્થિતિ સર્જાઈ છે.

ઈઝરાયલ દ્વારા ઈરાનના પરમાણુ મથકોને નિશાન બનાવ્યા બાદ, ઈરાને વળતા પ્રહાર તરીકે સાઉદી અરેબિયા સ્થિત અમેરિકન સૈન્ય બેઝ પર મોટો હુમલો કર્યો છે. આ ઘટનાને પગલે સમગ્ર વિશ્વમાં તણાવની સ્થિતિ સર્જાઈ છે અને રશિયા-યુક્રેન બાદ હવે આ ક્ષેત્રમાં પણ મહાયુદ્ધ ફાટી નીકળવાની ભીતિ સેવાઈ રહી છે.

બહેરીન અને યુએઈમાં ફરી એકવાર ઈરાન તરફથી મિસાઈલ હુમલાની આશંકાને જોતા સાયરનો વાગ્યા હતા જેના લીધે નાગરિકોનું ટેન્શન વધી ગયું હતું. જોકે આ હુમલા અમેરિકન સૈન્ય બેઝને નિશાન બનાવીને કરવામાં આવ્યા હતા. જ્યારે બીજી બાજુ પહેલીવાર આ યુદ્ધમાં સીરિયા તરફ ઈરાન દ્વારા મિસાઈલ હુમલા કરવામાં આવ્યા હોવાની ચર્ચા છે જેમાં સીરિયામાં પ્રચંડ ધડાકા સંભળાયા હતા. યમનની સેનાએ ચોખ્ખા શબ્દોમાં કહી દીધું છે કે અમે અમેરિકા અને ઈઝરાયલને ઈરાન પર હુમલા કરવા માટે રાતા સમુદ્રનો ઉપયોગ નહીં કરવા દઈએ. જો અમેરિકા અને ઈઝરાયલની સાથે કોઈ અન્ય ગઠબંધન યુદ્ધ મેદાનમાં ઉતરશે તો અમે પણ ઈરાન તરફથી યુદ્ધ લડવા સીધી રીતે મેદાનમાં આવી જઈશું.

### સરકારની તિજોરી...

પરના ટેકસથી પ્રથમ પખવાડિયામાં ૧,૫૦૦ કરોડનો ફાયદો થશે, જ્યારે એક્સાઈઝ ડ્યૂટીમાં કાપથી ૭,૦૦૦ કરોડથી વધુની આવક જતી કરવી પડશે. આ નિકાસ કરની દર પખવાડિયે સમીક્ષા કરવામાં આવશે. નાણામંત્રી નિર્મલા સીતારમણે રાજ્યસભામાં જણાવ્યું હતું કે પશ્ચિમ એશિયાની સ્થિતિને ધ્યાનમાં રાખીને ભાવ સ્થિર રાખવા આ નિર્ણય લેવાયો છે અને સરકાર દેશની રાજકોષીય સ્થિતિનું કાળજીપૂર્વક સંચાલન કરશે.

પેટ્રોલિયમ મંત્રી હરદીપ પુરીએ સોશિયલ મીડિયા પર જણાવ્યું કે, આંતરરાષ્ટ્રીય સ્તરે આસમાને પહોંચેલા ભાવના સમયે ઓઈલ કંપનીઓનું નુકસાન ઘટાડવા સરકારે પોતાની ટેક્સની આવકમાં મોટો કાપ સહન કર્યો છે. ગૃહમંત્રી અમિત શાહ અને સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે આ નિર્ણયની પ્રશંસા કરતા તેને પ્રજાલક્ષી શાસન, સંવેદનશીલ અને સમયસરનો નિર્ણય ગણાવ્યો હતો.

બીજી તરફ, કોંગ્રેસે સરકારના આ નિર્ણય પર સવાલો ઉઠાવ્યા છે. કોંગ્રેસ નેતા જયરામ રમેશે જણાવ્યું હતું કે છેલ્લા ૧૨ વર્ષમાં જ્યારે ૭ વખત વૈશ્વિક ક્રૂડ ઓઈલના ભાવ ઘટ્યા ત્યારે ગ્રાહકો માટે ભાવ ઘટાડવામાં આવ્યા ન હતા અને આજની જાહેરાત માત્ર વિધાનસભા ચૂંટણીઓને કારણે છે. મનીષ તિવારી અને પવન ખેડાએ પણ સરકાર પર પ્રહાર કરતા કહ્યું કે, મંત્રીઓ પોતાના ખિસ્સામાંથી પૈસા નથી આપી રહ્યા, સરકાર વર્ષોથી સસ્તા ક્રૂડમાંથી કમાણી કરી રહી છે અને ૩૦ એપ્રિલ સુધી જ આ દેખાવ છે.

### હિમપ્રપાત...

ઊંચાઈવાળા વિસ્તારમાંથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે અચાનક બરફના મોટા જથ્થા નીચે ધસી આવ્યા હતા, જેમાં અનેક વાહનો દટાઈ ગયા હતા. ઘટના બાદ તરત જ વિવિધ એજન્સીઓ દ્વારા સંયુક્ત બચાવ કામગીરી શરૂ કરવામાં આવી હતી. ગંદરબલના સિનિયર સુપરિન્ટેન્ડેન્ટ ઓફ પોલીસ ખલીલ પોસવાલે જણાવ્યું કે ત્રણ વાહનો હિમપ્રપાતની ઝપેટમાં આવ્યા હતા. જોકે બચાવ ટીમ પહોંચી ગઈ છે અને તેણે કામગીરી આરંભીને ફસાયેલાઓને બચાવી લેવા પ્રયાસો હાથ ધર્યા છે.લદ્દાખના લેફ્ટનન્ટ ગવર્નર વિનય કુમાર સક્સેનાએ જણાવ્યું હતું કે તેમણે સ્થાનિક સત્તાધીશોને તાત્કાલિક પગલાં લેવા સૂચના આપી છે. તેમણે એક્સ પર એક પોસ્ટમાં તેમણે હતું કે, જોજીલા ખાતે હિમપ્રપાતના દુર્ભાગ્યપૂર્ણ સમાચાર મળ્યા છે. મેં કારગિલના ડીસી અને એસએસપીને તાત્કાલિક ઘટનાસ્થળની મુલાકાત લેવા અને રાહત તેમજ બચાવ કામગીરી શરૂ કરવા નિર્દેશ આપ્યો છે. આપત્તિ રાહત દળો અને બીઆરઓ સહિતની તમામ સરકારી એજન્સીઓને હાઈ એલર્ટ પર રાખવામાં આવી છે. હું વ્યક્તિગત રીતે પરિસ્થિતિ પર નજર રાખી રહ્યો છું.

(છેલ્લા પાનાનું ચાલુ)

### ઉમેદવારોની પસંદગી...

નિયમની ચૂસ્તપણે અમલવારી કરવામાં આવશે તે નિશ્ચિત મનાય રહ્યું છે. આ ઉપરાંત ત્રણ ટર્મકે તેથી વધુ સમય જન પ્રતિનિધિ તરીકે ચૂંટાયેલા નેતાને પણ હવે સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમા ટિકિટ આપવામાં આવશે નહીં આ નિયમમાં અમૂક વોર્ડમાં સમીકરણોનાં આધારે થોડી છૂટછાટ પણ આપી શકાય છે. જિલ્લા-મહાનગર કે તાલુકા મંડળમાં સંગઠનમાં સ્થાન ધરાવતા આગેવાનોને પણ સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં ટિકિટ નહી અપાય.

જો કોઈ કારણોસર ટિકિટની ફાળવણી કરવી પડે તેવી સ્થિતિમાં તેઓ પાસેથી સંગઠનના હોદેદારો પાસેથી રાજીનામા લઈ લેવામાં આવશે કોઈ પરિવારના બે કે ત્રણ સભ્યો વચ્ચે પણ ત્રણ ટર્મ થઈગઈ હોય તો પણ તેઓને ટિકિટ મળશે નહી હવે જોવાનું એ રહે છે કે ત્રણ કે તેથી વધુ વાર ટિકિટ આપવામા આવી હોય અને તે ઉમેદવાર એક કે બે વાર જન પ્રતિનિધિ તરીકે ચૂંટાયા હોય અને એકાદવાર ચૂંટણી હારી ગયા હોય તો તેની ત્રણ ટર્મ ગણાશે કે ચૂંટાયા હોય તે ટર્મને ધ્યાનમાં રાખવામાં આવશે તે અંગે પણ મોટો નિર્ણય લેવાઈ શકે છે. જે નેતા પદાધિકારીઓ તરીકે જવાબદારી નિભાવી ચૂકયા છે. તેઓને પણ ટિકિટ ન મળે તેવી શકયતા પણ દેખાય રહી છે. ટુંક સમયમા ભાજપ હાઈકમાન્ડ દ્વારા ઉમેદવારોની પસંદગી માટે નિયમોની ગાઈડલાઈન જાહેર કરવામાં આવી શકે છે.

સ્થાનીક સ્વરાજયની ચૂંટણી લડવા ઈચ્છુક કાર્યકરોને સાંભળવા અને તેઓની દાવેદારી સ્વીકારવા માટે આગામી દિવસોમાં પ્રદેશ નિરીક્ષકોના નામની જાહેરાત કરવામાં આવશે. નિરીક્ષકો પોતાને ફાળવેલા જિલ્લા અને મહાનગરોમાં રૂબરૂ થઈ દાવેદારોની સેન્સ લેશે. ચૂંટણી જાહેર થયાબાદ ઉમેદવારી ફોર્મ ભરવાની પ્રક્રિયા શરૂ થયાના બેથી ત્રણ દિવસ બાદ ભાજપ દ્વારા ઉમેદવારોના નામ જાહેર કરવામાં આવશે. ૨૭ ટકા ઓબીસી અનામતની અમલવારી બાદ રાજયમાં પ્રથમ વખત સ્થાનિક સ્વરાજયની મોટી ચૂંટણી યોજાઈ રહી હોય ભાજપ ઉમેદવારોની પસંદગીમાં ખૂબજ કાળજી રાખશે.

### મીડિયા ઈન્ચાર્જ...

ચોથા સ્તંભ એવા મિડિયાના માધ્યમ દ્વારા સાચી માહિતી જમીની સ્તર સુધી પ્રભાવી રીતે પંહોચતી કરવા તેઓએ મીડિયા વિભાગના કાર્યકર્તાઓને હાકલ કરી હતી. પરસ્પર સંવાદ થકી તેઓએ વિવિધ સંગઠનાત્મક મુદ્દે માર્ગદર્શન આપ્યું હતું.

પ્રદેશના મુખ્ય પ્રવકતા ડો. અનિલભાઈ પટેલે આ કાર્યશાળામાં સમગ્ર રાજયમાથી પધારેલા ભાજપાના મીડિયા ઈન્ચાર્જ અને સહ ઈન્ચાર્જ મીડિયા વિભાગ અંતર્ગત કરવાની થતી રોજિંદી કામગીરી સંદર્ભેની કાર્યપદ્ધતિ અંગે વિગતવાર છણાવટ કરી હતી અને સાચી અને સચોટ માહિતી મીડિયા દ્વારા જન જન સુધી પહોંચાડવા આહ્વાન કર્યું હતું.

### ટેકાના ભાવે ખરીદી...

૧૫ જુલાઈ, ૨૦૨૬ સુધી કરવામાં આવશે. જેથી નોંધણી કરાવવા તમામ ખેડૂત મિત્રોને અપીલ કરવામાં આવી છે. ખેડૂત ખાતેદારોના બાયોમેટ્રીક ઓથેન્ટીકેશન દ્વારા નોંધણી કરવામાં આવશે જેની ખાસ નોંધ લેવી.

નોંધણી માટે જરૂરી પુરાવા જેવા કે, આધાર કાર્ડની નકલ, અદ્યતન ગામ નમૂનો, ૭/૧૨, ૮/અ તેમજ પાકની વાવણી અંગેની એન્ટ્રી ૭/૧૨ કે ૮/અ માં ન થઈ હોય તો તલાટીના સહી સિક્કા વાળો દાખલો, ખેડૂતના નામના બેંક ખાતાની વિગત બેંક પાસબૂકની નકલ અથવા કેન્સલ ચેકની નકલ સાથે લાવવાની રહેશે. રાજ્યના ખેડૂતો તેઓનો પાક લઘુત્તમ ટેકાના ભાવે વેચાણ કરવા ઈચ્છુક હોય તો તેઓની ઓનલાઈન નોંધણી ફરજીયાત હોઈ આ માટે સંબંધિત ગ્રામપંચાયતનો સંપર્ક કરી નોંધણી કરાવવા ખાસ અનુરોધ કરવામાં આવ્યો છે.

ટેકાના ભાવે ખરીદી માટે રજીસ્ટ્રેશન કરાવેલ ખેડૂતોને જાણ મારફતે ખરીદી અંગેની જાણ કરવામાં આવશે. ખરીદી સમયે ખેડૂતે પોતાનું આધારકાર્ડ/ ઓળખપત્ર સાથે રાખવાનું રહેશે. ખેડૂત ખાતેદારના બાયોમેટ્રીક ઓથેન્ટીકેશન દ્વારા જ જથ્થો ખરીદી કરવામાં આવશે, જેની નોંધ લેવી. ડોક્યુમેન્ટની ચકાસણી દરમિયાન જો ખોટા ડોક્યુમેન્ટ અપલોડ કરાયા હોવાનું ધ્યાને આવશે તેવા કિસ્સામાં આપનો ક્રમ રદ થશે અને ખરીદી માટે આપને જાણ નહી કરવામાં આવે તેની ખેડૂત મિત્રોએ નોંધ લેવી.

નોંધણી બાબતે કોઈ મુશ્કેલી જણાય તો હેલ્પલાઈન નંબર ૮૫૧૧૧૭૧૭૧૮ તથા ૮૫૧૧૧૭૧૭૧૯ ઉપર સંપર્ક કરવાનો રહેશે.

### ધોરાજી...

સાધનોની મદદથી ભારે જહેમત બાદ બસ નીચે ફસાયેલા લોકોને બહાર કાઢવામાં આવ્યા હતા.

ઘટનાની જાણ થતાં જ પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. ઈજાગ્રસ્ત ૪ લોકોને તાત્કાલિક એમ્બ્યુલન્સ મારફતે નજીકની હોસ્પિટલ ખસેડાયા છે, જેમાં કેટલાકની હાલત નાજુક હોવાથી વધુ સારવાર માટે જૂનાગઢની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. પોલીસની પ્રાથમિક તપાસ મુજબ, આ દુર્ઘટના પાછળ બસની એક્સેલ ભાંગી ગઈ હોવાથી અકસ્માત સર્જાયો હોવાનું પ્રાથમિક તબક્કે જાણવા મળ્યું છે. પોલીસે અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### પ્રભારી સચિવ...

સુરેન્દ્રનગર જિલ્લાના પ્રભારી સચિવ તરીકે રાજેશ શંકરની નિયુકતી કરવામાં આવી છે.

આ ઉપરાંત તાપી જિલ્લાના પ્રભારી સચિવ તરીકે મિલિંદ તોરવણેની, વડોદરા જિલ્લાના પ્રભારી સચિવ તરીકે પી.સ્વરૂપની વલસાડ જિલ્લાના પ્રભારી સચિવ તરીકે રેમ્યા મોહનની છોટા ઉદેપુર જિલ્લાના પ્રભારી સચિવ તરીકે પી.કે. સોલંકી અને વાવ-થરાદ જિલ્લાના પ્રભારી સચિવ તરીકે પી.ભારથીની નિયુકતી કરાય છે.

અત્રે ઉલ્લેખનીય છે કે હાલ રાજયની ૬ મહાપાલિકા અને ૩૧ જિલ્લા પંચાયતોમાં વહીવટદાર શાસન અમલમાં છે. આવામાં પ્રભારી સચિવનો રોલ ખૂબજ મહત્વપૂર્ણ બની જાય છે.

### વારસાઈ નોંધ...

હોઈ શકે) પ્રત્યેક વહેંચણીના લેખ પર રૂ.૩૦૦/- સ્ટેમ્પ ડ્યુટી લેવાશે.

આ ઉપરાંત ખેતીની જમીનો માટે જે જોગવાઈ કરવામાં આવી છે તેમાં જે કિસ્સામાં સીધીલીટીના એક પણ વારસ હયાત ન હોય તો જ આડીલીટીના પ્રકારના એક કે વધુ વારસદારોની તરફેણમાં એક અથવા વધુ તબક્કાઓમાં હકક ઉઠાવવો, હયાતીમાં નામ/હક્ક દાખલ કરવા તથા વહેંચણી અંગે, ઉક્ત દર્શાવેલ પ્રત્યેક તબદીલી લેખ રૂ.૩૦૦/- સ્ટેમ્પ ડ્યુટી વસુલી વિનિયમિત કરવાની રહેશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના આ પ્રજાલક્ષી નિર્ણયના પરિણામે પરિવારના સભ્યો વચ્ચે મિલકત વહેંચણી સરળ બનવાથી કોર્ટ કેસ અને વિવાદોમાં ઘટાડો થશે, કાયદેસર દસ્તાવેજીકરણમાં વધારો થશે અને હાલમાં સ્ટેમ્પ ડ્યુટી વધુ હોવાથી જે ઘણા વ્યવહારો બિનદસ્તાવેજી રહે છે. તેમાં આ સુધારા પછી લોકો સરળતાથી નોંધણી કરાવશે.

એટલુ જ નહિ, ખેડૂતોને ખેતીની જમીનની વારસાઈ મિલકતના વહેંચાણમાં આર્થિક ભાર ઓછો પડવાથી મોટી રાહત મળશે અને પારદર્શિતા અને સ્પષ્ટતાનો ધ્યેય સાકાર થશે એટલે કે, હક્ક પત્રક વધુ સ્પષ્ટ બનશે અને જમીનના માલિકી હક્ક અંગેની ગેરસમજ ઘટશે. આ રૂ.૩૦૦/- ની સરળ સ્ટેમ્પ ડ્યુટીથી પ્રક્રિયા ઝડપી અને વ્યવહારિક બનશે અને લોકોને વ્યવહારોમાં વધુ સરળતા થવાથી ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસને વેગ મળશે.

# દુઃખદ અવસાન

## સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના

**રાજકોટઃ** કુસુમબેન વિનોદભાઈ નંદાણી (ઉ.વ.૮૫) તે ડો.વિનોદભાઈ તુલસીદાસ નંદાણીનાં પત્નિ, ડો.સમીરભાઈ, ડો.સંદિપભાઈના માતા તથા રીતુબેન, અમીબેનના સાસુનું તારીખ ૨૭.૦૩.૨૦૨૬ને શુક્રવારના રોજ અવસાન થયેલ છે. સદ્ગતની પ્રાર્થના સભા : તારીખ ૨૯.૦૩.૨૦૨૬ને રવિવારના રોજ સવારે ૧૦ થી ૧૧.૩૦ કલાકે, રાષ્ટ્રિય શાળા, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટઃ** રાજકોટના ભરતભાઈ અંબારામજી દુધરેજીયા (ઉ.વ.૭૨) નું તા. ૨૬ ને ગુરૂવારના રોજ અવસાન થયેલ છે. તેમની પ્રાર્થના સભા તા. ૩૦ ને સોમવારના રોજ સાંજે ૪ થી ૬ દરમિયાન સંતકુટીર, આનંદનગર કોલોની કવાર્ટર નં.૨ એલ-૧૭, નીલકંઠ સીનેમા સામેની શેરી, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટઃ** પાળીયાદ નિવાસી, હાલ રાજકોટ નિવાસી રાજગોર બ્રાહ્મણ હર્ષદભાઈ બચુભાઈ ચાંવ (ઉ.વ.૬૧) તે સ્વ. બચુભાઈ વિઠલભાઈ ચાવના પુત્ર, ગાયત્રીબેન હર્ષદભાઈ ચાંવના પતિ, કિશોરભાઈ બચુભાઈ ચાંવ, ભગવતિબેન ચંદ્રકાંતભાઈ મહેતાના ભાઈ, નરશીભાઈ હરજીભાઈ શીલુના જમાઈનું તા. ૨૭ ના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા. ૩૦ ને સોમવારે સાંજે ૪ થી ૬ દરમિયાન શિવશકિત કોલોની, રામેશ્વર મહાદેવ મંદિર, યુનિ. રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટઃ** દશા સોરઠીયા વણિક પુષ્પાબેન શેઠ (ઉ.વ.૭૩) તે નાનાલાલ ભગવાનજી શેઠના પત્ની, સ્વ. વલ્લભભાઈ, સ્વ. ગુણવંતભાઈ, સ્વ. પ્રવીણભાઈના નાનાભાઈના પત્ની, પ્રદીપ, રાકેશ, સંકલ્પના કાકી, સ્વ. તારાબેન રમણિકભાઈ તલાટી, હસમુખભાઈ જગજીવન ઝવેરી, રશ્મિબેન રાજેશકુમાર માંડવીયાના બહેન, સ્વ. જયાબેન મોતીચંદ શેઠ, શારદાબેન રજનીકાંત સંઘાણીના ભાભીનું તા. ૨૭ના રોજ અવસાન થયેલ છે. સદગતની પ્રાર્થના સભા તા. ૨૮ને શનિવારે સાંજે ૫ થી ૬ દરમિયાન તેમના નિવાસ સ્થાન સહારા એપાર્ટમેન્ટ, ધર્મજીવન સોસાયટી, ભકિતનગર શેરી નં.૧૨, રાજકોટ ખાતે રાખેલ છે. લૌકિક ક્રિયા બંધ રાખેલ છે.

**રાજકોટઃ** મોહનભાઈ તન્ના તે સ્વ. પરષોતમભાઈ તન્નાના પુત્ર તે ઉર્મિલાબેન ભાવનાબેન, રેખાબેન, બીનાબેન, નીલાબેન, અનિલભાઈ તન્ના, હેતલબેન (પુત્રવધુ)ના પિતાનું તા. ૨૭ ના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું (ઉઠમણું) તા. ૩૦ ને સોમવારે સાંજે ૫ થી ૬.૩૦ દરમિયાન જાગનાથ મંદિર ડો. યાજ્ઞીક રોડ રાજકોટ ખાતે રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# કેન્દ્ર સરકારે કોમર્શિયલ એલપીજીના ક્વોટામાં ૨૦ ટકાનો વધારો કર્યો

## કોમર્શિયલ એલપીજીની ફાળવણી પ્રી-ક્રાઈસીસ લેવલના ૫૦% સુધી મર્યાદિત હતી જે હવે ૭૦ ટકા પહોંચી: ઉધોગોને રાહત આપવા મહત્વપૂર્ણ નિર્ણય લેવાયો

**અબતક, રાજકોટ**

દેશના ઔદ્યોગિક વિકાસને વેગ આપવા અને ઉત્પાદન ક્ષેત્રે પડતી મુશ્કેલીઓને દૂર કરવા માટે ભારત સરકારે એક મહત્વનો અને નિર્ણાયક પગલું લીધું છે. કેન્દ્રીય પેટ્રોલિયમ અને પ્રાકૃતિક ગેસ મંત્રી હરદીપ સિંહ પુરીએ જાહેરાત કરી છે કે, સરકારે રાજ્યો માટે કોમર્શિયલ એલપીજીના ક્વોટામાં મોટો વધારો કરીને તેને ૭૦% સુધી પહોંચાડી દીધો છે.

પેટ્રોલિયમ મંત્રાલયના સચિવ ડો. નીરજ મિત્તલે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્ય સચિવોને પત્ર લખીને આ અંગે જાણકારી આપી છે. અગાઉ કોમર્શિયલ એલપીજીની ફાળવણી પ્રી-ક્રાઈસીસ લેવલના ૫૦% સુધી મર્યાદિત હતી. જેમાં હવે ૨૦% નો વધારો કરવામાં આવ્યો છે. આ સાથે જ કુલ ફાળવણી હવે ૭૦% થઈ ગઈ છે. આ નિર્ણયનો મુખ્ય હેતુ મિડલ ઈસ્ટ સંકટ અથવા અન્ય કારણોસર ઉદભવેલી ગેસની તંગીમાં ઉદ્યોગોને રાહત આપવાનો છે.

ડો. નીરજ મિત્તલે પોતાના પત્રમાં રાજ્યોને ૧૦% રિફોર્મ-બેઝ્ડ (સુધારા આધારિત) એલોકેશનનો તાત્કાલિક લાભ આપવા માટે પણ આગ્રહ કર્યો છે. જે રાજયોએ પીએનજી (પાઈપ્ડ નેચરલ ગેસ) ને પ્રોત્સાહન આપવા માટે જરૂરી સુધારા કર્યા છે, તેમને આ વધારાનો લાભ મળશે. આ પગલાથી ઔદ્યોગિક કામગીરીમાં આવતા અવરોધો દૂર થશે અને આર્થિક ગતિવિધિઓ તેજ બનશે.

### કયા ઉદ્યોગોને મળશે પ્રાથમિકતા?

સરકારે આ વધારાના ૨૦% ક્વોટા માટે કેટલીક શરતો અને પ્રાથમિકતાઓ નક્કી કરી છે. લેબર-ઈન્ટેન્સિવ સેક્ટર જેવા કે સ્ટીલ, ઓટોમોબાઈલ, ટેકસટાઈલ, ડાઈંગ, કેમિકલ્સ અને પ્લાસ્ટિક જેવા ઉદ્યોગોને આ ફાળવણીમાં પ્રાધાન્ય આપવામાં આવશે. ઉપરાંત સ્પેશિયલાઈઝ્ડ હીટિંગ એવા ઉદ્યોગો કે જેમને ખાસ હીટિંગ પ્રક્રિયા માટે એલપીજીની અનિવાર્ય જરૂરિયાત છે અને જ્યાં નેચરલ ગેસ વિકલ્પ તરીકે વાપરી શકાતો નથી, તેમને પ્રથમ પસંદગી મળશે. આ નિર્ણયથી શ્રમ-સઘન ઉદ્યોગોને વેગ મળશે, જેનાથી રોજગારીની તકો સુરક્ષિત થશે.

# લીલીયા ખાતે મેડિકલ સ્ટોર્સ પર પોલીસની ચકાસણી ઝુંબેશ

## નશાકારક દવાઓના ગેરકાયદે વેચાણ પર કડક નજર: નિયમોનું પાલન કરવા સૂચના




**અબતક, હર્ષ ઠાકર, અમરેલી**

અમરેલી જિલ્લા વડાના સૂચના અને માર્ગદર્શન હેઠળ નશાકારક દવાઓના ગેરકાયદેસર વેચાણને અટકાવવા માટે લીલીયા મોટા પોલીસ દ્વારા મેડિકલ સ્ટોર્સ પર વિશેષ ચકાસણી અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. જે અન્વયે લીલીયા પોલીસ સ્ટેશનના પી.આઈ. એમ.ડી. સાળુંકેના માર્ગદર્શન પોલીસે લીલીયા શહેરના વિવિધ મેડિકલ સ્ટોર્સની મુલાકાત લઈ દવાઓના વેચાણ અંગે જરૂરી તપાસ કરી હતી. ચકાસણી દરમિયાન મેડિકલ સ્ટોર સંચાલકોને કોઈપણ પ્રકારની નશાકારક દવાઓ, કફ સિરપ અથવા નિયંત્રિત દવાઓ માન્ય ડોક્ટરની પ્રિસ્ક્રિપ્શન વિના વેચાણ ન કરવામાં આવે તેવી કડક સૂચના આપવામાં આવી છે. સાથે જ દરેક વેચાણ સમયે ડોક્ટરની ચિઠ્ઠીની નકલ રાખવા તેમજ રજીસ્ટરમાં એન્ટ્રી નોંધવી ફરજિયાત હોવાનું જણાવાયું હતું. અને મેડિકલનું લાયસન્સ ધરાવનાર વ્યક્તિએ જ સ્ટોર પર હાજર રહી કામગીરી કરવી પડશે. જો કોઈપણ પ્રકારની શંકાસ્પદ પ્રવૃત્તિ કે ગેરકાયદેસર વેચાણની માહિતી મળે તો તરત નજીકના પોલીસ સ્ટેશનને જાણ કરવા અનુરોધ કરવામાં આવ્યો છે, સાથે સાથે કોઈ મેડિકલ સ્ટોર પર નિયમોનું ઉલ્લંઘન, ગેરકાયદેસર દવાઓનું વેચાણ અથવા આપત્તિજનક વસ્તુઓ મળી આવશે તો સંબંધિત સ્ટોરનું લાયસન્સ સસ્પેન્ડ સહિત કડક કાયદેસર કાર્યવાહી કરવામાં આવશે તેવી પણ કડક સૂચના આપવામાં આવી હતી.

# ગોંડલના મોવિયામાં પાટીદાર સમાજની વિદ્યાપીઠ છાત્રાલયના નિર્માણ માટે કરાયું ઈંટ વિતરણ

## રાજકોટ જીવન વિદ્યાપીઠ અમદાવાદ ગાંધીનગરમાં ઉમા છાત્રાલય માટે ફાળાની નોંધણી શરૂ



**અબતક, જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**

ગોંડલના મોવિયા ગામે કડવા પાટીદાર સમાજ ખાતે એક સમાજની ભાવી પેઢીના ઉજ્જવળ ભવિષ્ય માટે "જીવન વિદ્યાપીઠ (રાજકોટ)" અને "ઉમા છાત્રાલય ( અમદાવાદ-ગાંધીનગર)" ના નવનિર્માણના હેતુથી મહા આરતી ઈંટ વિતરણ તેમજ મંત્ર બુક વિતરણનો કાર્યક્રમ સંપન્ન થયો હતો.

આ અવસરે કડવા પાટીદાર સમાજના પ્રમુખ, કારોબારી સભ્યો, ઉમિયા પરિવાર સમિતિના સભ્યો, પાટીદાર યુવા ગ્રુપ તેમજ મહિલા સમિતિના સભ્યો વિશેષ ઉપસ્થિત રહ્યા હતા

ગૌતમભાઈ હદવાણી, ચિરાગભાઈ દુદાણી, વિનુભાઈ કાલરીયા,ભુપતભાઈ કાલરીયા, કિશોરભાઈ અંદિપરા, લલિતભાઈ વડુકિયા, અજયભાઈ ગોર એ પ્રાસંગિક સંબોધન કરતા જણાવ્યું હતું કે, શિક્ષણ અને સંસ્કારના ધામ સમાન આ છાત્રાલયોનું નિર્માણ સમાજની આવતીકાલને મજબૂત બનાવશે. તેમણે ઉપસ્થિત તમામ પરિવારોને આ ભગીરથ કાર્યમાં સહભાગી થવા આહવાન કર્યું હતું.

આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય રાજકોટ અને ગાંધીનગર ખાતે આકાર લઈ રહેલા શૈક્ષણિક સંકુલના નિર્માણમાં સમાજનો ફાળો નોંધવવાનો હતો.આ માટે પ્રતિકાત્મક રીતે ઈંટ વિતરણ અને આધ્યાત્મિક ચેતના માટે મંત્ર બુકનું વિતરણ કરવામાં આવ્યું હતું.

સમગ્ર આયોજનને સફળ બનાવવા ઉમિયા પરિવાર સમિતિ, પાટીદાર યુવા ગ્રુપ, ઉમા મહિલા સમિતિ,અને સભ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી.

# કંડલા પોર્ટ પર મશીનો માટે ઈંધણનો જથ્થો ફાળવવા વૈકિલ્પક વ્યવસ્થા શરૂ કરવા ચેમ્બરની રજૂઆત

## યુધ્ધને કારણે ઈંધણ સપ્લાયમાં વિક્ષેપ થતા પોર્ટ પર મુશ્કેલી, ઉદ્યોગકારોએ પુરવઠા મંત્રી સમક્ષ વ્યથા ઠાલવી

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

લોડીંગ-અનલોડીંગમાં વપરાતા મશીનો-સંસધાનો માટે મોબાઈલ બાઉઝરથી ઈંધણ પુરવઠો પુરા પાડવા ગાંધીધામ ચેમ્બરની રાજ્યના પુરવઠા મંત્રી સમક્ષ રજુઆત કરી છે.

દિનડયાળ પોર્ટ કંડલા ભારત સરકારનું પ્રથમ ક્રમાંકિત મહાબંદર છે. હાલમાં ચાલી રહેલા ખાડીના યુધ્ધના કારણે ઈંધણ સપ્લાયમાં વિક્ષેપ પડવાથી પોર્ટ ઓપરેશનન્સની રોજીંદી કામગીરીમાં ઈંધણનો અપુરતા જથ્થો ન મળવાથી પોર્ટ વપરાશકર્તાઓ ગંભીર મુશ્કેલીમાં મુકાયા છે ત્યારે સુંકલની અગ્રણી વેપાર ઉદ્યોગ સંસ્થા ગાંધીધામ ચેમ્બર પ્રમુખ તેજાભાઈ કાનગડે રાજયના પેટ્રોલીયમ અને ઉર્જા પુરવઠા મંત્રી રૂષિકેશભાઈ પટેલને પત્ર લખી કંડલા પોર્ટ ખાતે લોડીંગ-અનલોડીંગ પ્રક્રિયામાં વપરાતા ઈકવીપમેન્ટસ માટે મોબાઈલ બાઉઝર દ્વારા ઈંધણ પુરવઠા માટે પરવાનગી આપવા અનુરોધ કરેલ છે.

પત્રમાં તેમણે વધુમાં જણાવ્યું હતુ કે, કંડલા પોર્ટ ખાતે જહાજોના આવાગમનની નિર્ધારિત સમય સારણીને જાળવી રાખવા લોડીંગ-અનલોડીંગ પ્રક્રિયા ખૂબજ જ મોટા પ્રમાણમાં નિરંતર રાત-દિવસ ચાલતી હોય છે.

મંત્રી મહેશ તિર્થાણીએ વધુમાં જણાવ્યું હતુકે, પોર્ટ ઓપરેશન્સમાં વપરાતા આવા મોટા સાધનો-ઈકવીપમેન્ટસ-મશીનોને રી-ફ્યુઅલીંગ માટે બંદર વિસ્તારની બહાર લઈ જવામાં અનેક સમસ્યાઓ-પડકારો ઉભા થાય છે.

દેશના અનેક મુખ્ય બંદરો અને ઔદ્યોગિક વિસ્તારોમાં આ પ્રકારની વ્યવસ્થા પહેલેથી જ અમલમાં છે.

### ગાંધીધામ મુન્દ્રા ખાતે ડ્રગ્સ કંટ્રોલર કાર્યાલય સ્થાપવા ગાંધીધામ ચેમ્બરની માંગણી

ગુજરાતના ઔદ્યોગિક મથક ગણાતા ગાંધીધામ - કંડલા કોમ્પ્લેક્ષથી કંડલા અને મુન્દ્રા ખાતેના બે મહાબંદરો ઉપરથી દેશની અંદાજે ૪૦% જેટલી આયાત નિકાસ થઈ રહી છે. ત્યારે ફાર્મા અને કોસ્મેટિક ઉત્પાદનોની નિકાસ માટે અત્યંત જરૂરી એવા નો-ઓબ્જેકશન સર્ટિફિકેટ મેળવવામાં સ્થાનિક ઉદ્યોગોને પડતી હાડમારી દુર કરવા સંકુલની અગ્રણી વેપાર ઉદ્યોગ સંસ્થા ગાંધીધામ ચેમ્બરના પ્રમુખ તેજાભાઈ કાનગડે કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી જગત પ્રકાશ નડ્ડાને વિગતવાર પત્ર લખી ગાંધીધામ અથવા મુન્દ્રા ખાતે એક પૂર્ણ કક્ષાની સહાયક ડ્રગ્સ કન્ટ્રોલરની કચેરી સ્થાપવા ભારપૂર્વક રજૂઆત કરેલ છે.

ચેમ્બર પ્રમુખે પત્રમાં જણાવ્યું છે કે ભારતના પ્રથમ સેઝ, કંડલા સ્પેશિયલ ઈકોનોમિક ઝોન ખાતે નોંધપાત્ર સંખ્યામાં ફાર્મા અને કોસ્મેટિક ક્ષેત્રના એકમો કાર્યરત છે અને આ એકમો દ્વારા દવાઓ અને કોસ્મેટિક ઉત્પાદનોનો નોંધપાત્ર જથ્થો નિકાસ કરવામાં આવે છે. નિકાસ કરતા એકમોને તેમના ઉત્પાદનોની નિકાસ પ્રક્રિયામાં ડ્રગ્સ કંટ્રોલર કચેરીનું નો ઓબજેક્શન સર્ટિફિકેટ મેળવવું પડે છે. જેના માટે હાલમાં છેક અમદાવાદ સ્થિત સહાયક ડ્રગ કંટ્રોલરની કચેરી ખાતે અવાર નવાર જવું પડતું હોય છે.

મંત્રી મહેશ તિર્થાણીએ વધુ વિગતો પાઠવતા જણાવ્યું હતું કે, કંડલા અથવા મુન્દ્રા કસ્ટમ્સ ખાતે ડ્રગ્સ અને કોસ્મેટિક ઉત્પાદનો માટેની નિકાસ સંબંધિત પરવાનગીઓ જારી કરવા માટે પૂર્ણ કક્ષાનું સહાયક ડ્રગ કંટ્રોલરનું કાર્યાલય સ્થાપિત કરવાથી ફાર્મા અને કોસ્મેટિક ઉદ્યોગને પડી રહેલી સમસ્યાનું કાયમી નિરાકરણ થશે તથા સમય અને નાણાંનો વ્યય ન થવાથી નિકાસ વોલ્યુમમાં પણ વધારો કરશે જે સરકારના ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ ની સંકલ્પનાને સાકાર કરશે.

# દ્વારકા: હરિનામ સંકિર્તન મંદિરે રામનવમી ઉજવણી




**અબતક, મહેન્દ્ર કકકડ, દ્વારકા**

દ્વારકાના હરિનામ સંકિર્તન મંદિરે આજરોજ રામનવમી પર્વની ભવ્ય ઉજવણી કરાઈ હતી. સવારે ૭:૩૦ કલાકે નિત્ય આરતી, દ્વારકાના ભાવિક પરિવાર હસ્તે અભિષેક પૂજન સવારે ૧૦:૩૦ કલાકથી કરવામાં આવ્યું હતું. બપોરે ૧૨ ના ટકોરે શ્રીરામના જન્મ સમયે ઉત્સવ આરતીમાં બહોળી સંખ્યામાં રામભકતો સમ્મિલીત થયા હતા. આજે રાત્રે નિત્યક્રમની આરતી ૯ કલાકે થનાર છે. સંકિર્તન મંદિરમાં પૂજારી ભાનુભાઈ મીન પરિવાર દ્વારા છેલાં ૫૨ વર્ષ ઉપરાંતથી સેવા-પૂજાનો નિત્યક્રમ ચાલુ છે.

# બગસરાના નાના મુંજીયાસરના કિસાન પરિવારના સમુહ લગ્નમાં ૧૫ દંપતીઓએ પ્રભુતામાં પગલા પાડયાં

## કિસાન પરિવારના ૧૩માં સમુહ લગનમાં સંતો મહંતો રાજકીય આગેવાનોએ આપ્યા આશિર્વાદ



**અબતક, સમીર વિરાણી, બગસરા**

બગસરાના નાન મુંજીયાસર ગામે કિશાન પરિવારના ૧૩મા સમુહ લગ્નમાં ૧૫ દંપતિઓએ પ્રભુતામાં પગલા પાડયા હતા.

કિશાન પરિવારના મોભી મનસુખભાઈ કયાડા દ્વારા આયોજીત સમુહ લગ્નમાં નવદંપતિઓને આર્શિવચન શુભેચ્છા માટે સંતો મહંતો અને રાજકીય સામાજીક આગેવાનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

નાના મુંજીયાસર ગામે ઘર આંગણે દિકરીના લગ્ન હોય તે રીતે સમુહ લગ્નમાં ગામજનો હોંસભેર જોડાયા હતા. આ કાર્યક્રમમાં અબતકના પત્રકાર સમીરભાઈ વિરાણીનું શિલ્ડ આપી સન્માન કરવામાં આવ્યું હતુ.

# 'ભારતીય વેપાર મહોત્સવ' આંતરરાષ્ટ્રીય વેપારને નવી ગતિ આપશે: સાંસદ પ્રવિણ ખંડેલવાલ

## અમદાવાદમાં ભારતીય વેપાર મહોત્સવ અન્વયે મહાસભા યોજાઈ, ૧૦૦થી વધુ વેપારીઓએ લીધો ભાગ


તસવીર : શહેઝાદ બાદશાહ

**અબતક, કિરીટ રાણપરિયા, ઉપલેટા**

અમદાવાદની ધ ઉમ્મેદ હોટેલમાં 'ભારતીય વેપાર મહોત્સવ (બીવીએમ) ૨૦૨૬'ની તૈયારીઓ અંગે વેપાર અને ઉદ્યોગની મોટી વ્યૂહાત્મક બેઠક યોજાઈ, જેમાં ૧૦૦થી વધુ મેન્યુફેક્ચરર્સ અને વેપારીઓએ ભાગ લીધો. બેઠકમાં બીવીએમને લોકલથી ગ્લોબલ વિઝન હેઠળ એક મોટા બિઝનેસ નેટવર્કિંગ પ્લેટફોર્મ તરીકે રજૂ કરવામાં આવ્યું. બેઠક દરમિયાન વિક્રાંત અબરોલે વિગતવાર પ્રેઝન્ટેશન દ્વારા બીવીએમનું વિઝન રજૂ કરતાં જણાવ્યું કે આ માત્ર એક પ્રદર્શન નથી, પરંતુ ભારતનું સૌથી મોટું બિઝનેસ નેટવર્કિંગ પ્લેટફોર્મ બનવાનું છે.

દિલ્હી ચાંદની ચોકના સાંસદ પ્રવીણ ખંડેલવાલે જણાવ્યું કે ભારતીય વેપાર મહોત્સવ દેશના વેપારીઓ માટે એક ક્રાંતિકારી પહેલ છે, જે ભારતીય ઉત્પાદનોને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય બજારો સાથે જોડીને વેપારને નવી ગતિ આપશે. તેમણે તમામ વેપારીઓને આ ઐતિહાસિક પહેલ સાથે જોડાવાનું આહ્વાન કર્યું.

કાર્યક્રમ દરમિયાન બિઝનેસ નેટવર્કિંગના મહત્વ પર ભાર મુકાયો. આ ક્રમમાં કેએમ એજન્સીના અજય વિધાની અને જય વિધાની, સ્વાસ્તિક ટ્રેડિંગ કંપનીના રાજેશ બંસલ અને નિહાર બંસલ, બનુરો વસ્ત્ર ઉત્સવના ભરત હરિયાણવી અને મહેન્દ્રજી બજાજે પોતાના અનુભવ શેર કરતાં જણાવ્યું કે આ નેટવર્ક કેવી રીતે મેન્યુફેક્ચરર્સ અને રિટેલર્સ વચ્ચેનું અંતર ઘટાડે છે અને નવા વેપારી અવસરોના દ્વાર ખોલે છે. કેટના ટેક્સટાઈલ અને ગાર્મેન્ટ કમિટીના ચેરમેન ચંપલાલ બોથરા એ પોતાના સંબોધનમાં જણાવ્યું કે ભારતીય વેપાર મહોત્સવ (બીવીએમ) માત્ર એક કાર્યક્રમ નથી, પરંતુ ભારતના વેપારીઓ માટે વૈશ્વિક મંચ પર પોતાની ઓળખ સ્થાપિત કરવાનું શક્તિશાળી માધ્યમ છે.

તેમણે વેપારીઓને સ્થાનિક અને નિકાસ બજારમાં વિસ્તરણના વ્યવહારૂ પાસાઓ અંગે માર્ગદર્શન આપતાં નિકાસ પ્રક્રિયા, જરૂરી દસ્તાવેજો (આઈઈસી, શિપિંગ બિલ વગેરે) અને આંતરરાષ્ટ્રીય ખરીદદારો સાથે અસરકારક સમન્વયની બારીકીઓ વિગતવાર સમજાવી.

# માવઠાથી થયેલ નુકશાનીનું સર્વે કરી તાત્કાલીક વળતર ચુકવા માંગ

**અબતક, ભરત ગોહિલ, જામજોધપુર**

જામ -જોધપુર પંથકમાં તાજેતરમા મોટી ગોપ ધુનડા ધ્રાફા રબારીકા શેઠવડાળા, જીણવારી પંથકમાં થયેલ કમોસમી વરસાદ થી ખેડૂતોના ઉભા પાકો ને નુકશાન થયેલ છે ત્યારે હાલ આવી પરિસ્થીતી થી ખેડૂતોની હાલત કફોડી થયેલ છે મોંઘા દાટ બિયારણ દવાથી ખેડૂતો કરજવાન થઈ ગયા છે. ત્યારે સરકાર દ્વારા સર્વે કરી ખેડુતના પાકને થયેલ નુકશાનનું તાત્કાલિત વળતર ચુકવવા રાષ્ટ્રીય માનવાધિકાર સુરક્ષા સમિતિ ના જિલ્લા સચિવ કલ્પેન્દ્રસિંહ એન ચુડાસમાએ ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરી છે.

# ગાંધીધામ: રાષ્ટ્રીય કક્ષાની ટેબલ ટેનીસ ચેમ્પિયનશીપ યોજાઈ, ગુજરાતને ૨ ગોલ્ડ અને ૨ બ્રોન્ઝ મેડલ મળ્યાં



**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

ગુજરાત સ્ટેટ ટેબલ ટેનીસ એસો. કચ્છ જિલ્લા ટેબલ ટેનીસ એસો. દ્વારા ટેબલ ટેનીસ ફેડરેશન ઓફ ઈન્ડીયાના અધિન હેઠળ સ્પોટર્સ ઓથોરીટી ઓફ ઈન્ડીયા અને ગુજરાતના સહયોગથી રાષ્ટ્રીય કક્ષાની ટેબલ ટેનીસ ચેમ્પીયનશીપ યોજાઈ હતી. જેમાં ગુજરાતને ૨ ગોલ્ડ અને ૨ બ્રોન્ઝ મેડલ મળ્યા હતા. ગુજરાતનો વિવાદ ગોલ્ડન ડબલ સાથે નેશનલ ચેમ્પીયનશીપ બન્યો હતો.

### ચેમ્પિયનશીપનો બીજો તબકકો કાલથી શરૂ થશે

રોમાંચક ફાઈનલ મુકાબલામાં વિવાને હરિયાણાના વત્સલ ડુકલનને ૩-૨થી પરાજિત કર્યો. બે ગેમથી પાછળ હોવા છતાં, વિવાને દબાણ વચ્ચે અદ્ભુત ધીરજ અને સંયમ દાખવી ત્રીજી ગેમ કઠિન સંઘર્ષ બાદ જીતી અને ત્યારબાદ બંને નિર્ણાયક ગેમમાં નજીકની ટક્કર બાદ વિજય મેળવી લીધો.

સેમિફાઈનલમાં વિપરીત સ્વરૂપના મુકાબલા જોવા મળ્યા. વિવાને તમિલનાડુના આકાશ રાજવેલુ સામે સંપૂર્ણ નિયંત્રણ સાથે ૩-૦થી એકતરફી જીત મેળવી. બીજી સેમિફાઈનલમાં વત્સલ ડુકલને મહારાષ્ટ્રના નિલય પટ્ટેકરને ૧૧-૭, ૭-૧૧, ૧૧-૭, ૯-૧૧, ૧૧-૯થી રોમાંચક પાંચ ગેમના મુકાબલામાં હરાવ્યો હતો.

ગુજરાતના મેડલ ખાતામાં વધારો કરતાં અન્ડર-૧૩ બોયઝ ડબલ્સમાં દેવ ભટ્ટ અને ધ્રુવ ભંભાણીની જોડી એ બ્રોન્ઝ મેડલ જીત્યો છે. બીજો બ્રોન્ઝ મેડલ અન્ડર-૧૫ બોયઝ ડબલ્સમાં આવ્યો છે, જેમાં વિવાન દવે દેવ ભટ્ટ સાથે જોડાયો હતો.

આ પહેલાં ટુર્નામેન્ટ દરમિયાન ગુજરાતની અન્ડર-૧૫ બોયઝ ટીમે ટીમ ચેમ્પિયનશિપનો ખિતાબ જીત્યો હતો, જેથી રાજ્ય માટે આ અભિયાન અત્યંત સફળ રહ્યું છે કુલ ચાર મેડલ સાથે, જેમાં બે ગોલ્ડ અને બે બ્રોન્ઝનો સમાવેશ થાય છે. અલ્ટિમેટ ટેબલ ટેનિસ (યુટીટી) આ ચેમ્પિયનશિપનો ટાઈટલ સ્પોન્સર છે. આ ઈવેન્ટ એસીટી ગ્રુપ અને ફ્રેન્ડ્સ ગ્રુપ દ્વારા પાવર્ડ હતી, જ્યારે સુજાન કાર્નિવલ ફર્નિચર કો-સ્પોન્સર છે. એસોસિએટ સ્પોન્સર્સમાં વિનએશિયા ગ્રુપ, બાપુઝ ગ્રુપ ઓફ કંપનીઝ અને દરિયા શિપિંગ એજન્સીઝ પ્રા. લિ.નો સમાવેશ થાય છે.

આ સાથે બોયઝ કેટેગરી સાથે ચેમ્પિયનશિપનો પ્રથમ તબક્કો પૂર્ણ થયો છે.. ગર્લ્સ ઈવેન્ટ્સનો બીજો તબક્કો ૨૮ થી ૩૧ માર્ચ દરમિયાન યોજાશે.

# વડીયામાં રામનવમી મહોત્સવ ધામધૂમથી ઉજવાયો

## રામમંદિરે જન્મોત્સવ દર્શન ભવ્ય શણગારથી રામભકતો થયા ભાવવિભોર



**અબતક, માહીર સુમરા, વડીયા**

અમરેલી જિલ્લાના વડીયામાં પરંપરાગત રીતે દર વર્ષની જેમ આ વર્ષે પણ રામ નવમી મહોત્સવની ધામધૂમથી ઉજવણી કરવામાંઆવી હતી.

વડિયામા ગાધી ચોકમાં રામજી મંદિરમાં રામ જન્મોત્સવ ના દર્શન અને રામનવમી નિમિતે મંદિર ભવ્ય શણગાર કરવામાં આવ્યો હતો અને ભવ્ય આરતી નું આયોજન કરવામાં આવેલ હતું. ગાંધી ચોક યુવા ગ્રુપ દ્વારા પ્રસાદી વિતરણ કરવામાં આવી હતી આ આયોજન મા હિન્દુ મુસ્લિમ ની એકતા જોવા મળી હતી ગ્રામજનો લોકો અને આગેવાનો જોડાયા હતા ભક્તિરસથી ઉત્સવ મનાવાયો હતો. 'આ આયોજન વડીયા ગાંધી ચોક યુવા ગ્રુપ દ્વારા કરવામાં આવેલ હતુ જેમાં જુનેદ ડોડીયા, પાર્થ જોષી,રજની તેરૈયા ,વિશાલ જોષી, નિલેશ પરમાર,કરણ તેરૈયા,મહેશ મોરી,મનસુખભાઈ સોજીત્રા હાજર રહ્યા હતાં.

# મલબાર ગોલ્ડ એન્ડ ડાયમંડ્સના શોરૂમનું અભિનેત્રી માનસી પારેખના હસ્તે ઉદ્ઘાટન

## ગુજરાતમાં આઠમો અને પશ્ચિમ ભારતમાં ૪૯મો શોરૂમ કાર્યરતઃ ૫,૦૦૦ ચોરસ ફૂટમાં ફેલાયેલા આઉટલેટમાં સોના, હીરા અને પ્લેટિનમના હજારો આકર્ષક કલેક્શન એક જ છત નીચે






વિશ્વના અગ્રણી જ્વેલરી રિટેલર મલબાર ગોલ્ડ એન્ડ ડાયમંડ્સે જામનગરમાં તેના અત્યાધુનિક શોરૂમનું ઉદઘાટન કરીને ગુજરાતમાં પોતાની હાજરી વધુ મજબૂત કરી છે. આ નવો શોરૂમ બ્રાન્ડનો ગુજરાતમાં ૮મો અને પશ્ચિમ ક્ષેત્રનો ૪૯મો શોરૂમ છે. શહેરના મુખ્ય વિસ્તારમાં સ્થિત આ ૫,૦૦૦ ચોરસ ફૂટનો વિશાળ શોરૂમ ગ્રાહકોને આરામદાયક અને વૈભવી ખરીદીનો અનુભવ પૂરો પાડવા માટે ખાસ ડિઝાઈન કરવામાં આવ્યો છે.

આ શોરૂમનું ભવ્ય ઉદઘાટન જાણીતી અભિનેત્રી માનસી પારેખ દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મલબાર ગોલ્ડના વેસ્ટર્ન ઝોનના રીજનલ હેડ ફનઝીમ અહેમદ, પ્રતિષ્ઠિત મહેમાનો અને ગ્રાહકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. જામનગરના આ શોરૂમમાં સોના, હીરા, પ્લેટિનમ, કિંમતી રત્નો અને ચાંદીના દાગીનાઓની વ્યાપક શ્રેણી પ્રદર્શિત કરવામાં આવી છે, જેમાં બ્રાઈડલ જ્વેલરીથી લઈને રોજિંદા પહેરવેશ માટેની સમકાલીન ડિઝાઈન્સનો સમાવેશ થાય છે.આ લોન્ચિંગ પ્રસંગે મલબાર ગ્રુપના ચેરમેન એમ.પી. અહમદે જણાવ્યું હતું કે, ‘‘ગુજરાત અમારા માટે અત્યંત મહત્વનું બજાર છે. જામનગરના ગ્રાહકો જેઓ વિશ્વાસ અને ગુણવત્તાને પ્રાધાન્ય આપે છે, તેમની નજીક અમારો શ્રેષ્ઠ સંગ્રહ અને ગ્રાહક-કેન્દ્રિત અનુભવ લાવતા અમે આનંદ અનુભવીએ છીએ. અમે પારદર્શિતા અને સેવાની અમારી પરંપરા જાળવી રાખવા માટે પ્રતિબદ્ધ છીએ.‘‘મલબાર ગોલ્ડ તેના તમામ શોરૂમમાં ’વન ઈન્ડિયા વન ગોલ્ડ રેટ’ નીતિનું પાલન કરે છે, જેથી ગ્રાહકોને સમગ્ર દેશમાં એકસમાન સોનાનો ભાવ મળે છે. ગ્રાહકોને HUID અનુરૂપ હોલમાર્ક સોનું, પ્રમાણિત હીરા અને બિલિંગમાં સંપૂર્ણ પારદર્શિતાની ખાતરી આપવામાં આવે છે. આ ઉપરાંત, બ્રાન્ડ સોના અને ડાયમંડ પર ૧૦૦ ટકા એક્સચેન્જ વેલ્યુ, મફત વીમો અને આજીવન જાળવણી સપોર્ટ પણ પૂરો પાડે છે. નોંધનીય છે કે મલબાર ગ્રુપ તેના નફાનો ૫ ટકા હિસ્સો આરોગ્ય, શિક્ષણ અને મહિલા સશક્તિકરણ જેવા સામાજિક કાર્યોમાં ખર્ચે છે.

**ગુજરાત અમારા માટે મહત્વનું બજાર, જામનગરના આંગણે શ્રેષ્ઠ સંગ્રહ લાવતા આનંદઃ મલબાર ગ્રુપના ચેરમેન એમ.પી. અહમદ**

### ગ્રાહકોનો વિશ્વાસ અને અદ્ભૂત કલેક્શન અમારી ઓળખઃવિજયભાઈ બૂલચંદાણી




મલબાર ગોલ્ડ એન્ડ ડાયમંડ્સના જામનગર શોરૂમના લોન્ચિંગ પ્રસંગે વિજયભાઈ બૂલચંદાણીએ જણાવ્યું હતું કે, ‘‘જામનગરના આંગણે વિશ્વસ્તરીય જ્વેલરી બ્રાન્ડનું આગમન નગરજનો માટે ગર્વની વાત છે. આ શોરૂમમાં અમે સોના, હીરા, પ્લેટિનમ અને કિંમતી રત્નોના વિશિષ્ટ સિગ્નેચર કલેક્શન રજૂ કર્યા છે. ખાસ કરીને લગ્નસરા માટે બ્રાઈડલ જ્વેલરી, પરંપરાગત ઘરેણાં, ઉત્સવો માટેની ખાસ ડિઝાઈન અને રોજિંદા વપરાશ માટેના ડેઈલી વેર કલેક્શનમાં હજારો વેરાયટી ઉપલબ્ધ છે. અમારો ઉદ્દેશ્ય જામનગરના દરેક ગ્રાહકની પસંદગી મુજબની શ્રેષ્ઠ ડિઝાઈન અને વ્યાજબી ભાવ એક જ છત નીચે પૂરો પાડવાનો છે.‘‘

# મનપાનું ‘મેગા ઓપરેશન’: બચુનગર અને ગુલાબનગરમાં ફર્યુ બુલડોઝર

## ૨ કરોડોની જમીન ખુલ્લી કરાવાઈઃ ૧૨,૦૦૦ ચોરસ મીટર જમીન દબાણમુક્ત કરાઈ





જામનગર મહાનગરપાલિકા દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં સરકારી જમીન પરના દબાણો દૂર કરવા માટે ગઈકાલે વહેલી સવારથી મોડી રાત સુધી મેગા ડિમોલેશનની ઝુંબેશ ચલાવવામાં આવી હતી. મ્યુનિસિપલ કમિશનર ડી.એન. મોદીના સીધા આદેશ હેઠળ એસ્ટેટ શાખાની ટીમે પોલીસ બંદોબસ્ત સાથે બચુનગર, ગુલાબનગર અને દરબારગઢ વિસ્તારમાં બિનઅધિકૃત બાંધકામો તોડી પાડ્યા હતા.વહેલી સવારે ૮:૦૦ વાગ્યે એસ્ટેટ અધિકારી અનવર ગજણની રાહબરી હેઠળ ૫૦ જેટલા કર્મચારીઓનો કાફલો બચુનગર વિસ્તારમાં પહોંચ્યો હતો. અહીં મહાનગરપાલિકાની માલિકીની જગ્યામાં ઉભા કરાયેલા બે માળના ધાર્મિક સ્થળ (જમાતખાના) પર એક હિટાચી અને ત્રણ જેસીબી મશીનો ફેરવી દેવામાં આવ્યા હતા. આ કામગીરી દ્વારા અંદાજે રૂ ૨ કરોડની બજાર કિંમત ધરાવતી ૧૨,૦૦૦ ચોરસ મીટર જમીન ખુલ્લી કરાવવામાં આવી હતી.બચુનગર બાદ તંત્ર દ્વારા દરબારગઢ વિસ્તારમાં પણ એક બિનઅધિકૃત ઈમારતનું બાંધકામ તોડી પાડવામાં આવ્યું હતું. આ ઝુંબેશ અટકી ન હતી અને મોડી સાંજે ગુલાબનગર વિસ્તારમાં પોલીસ ચોકીની બાજુમાં સરકારી જમીન પર બનેલા ઈમામ ખાના (તાજીયા રાખવાનું ધાર્મિક સ્થળ) પર પણ ડિમોલેશન હાથ ધરાયું હતું. રાત્રિ સુધી ચાલેલી આ કાર્યવાહીમાં ગુલાબનગરમાં પણ દબાણો દૂર કરી જમીન હસ્તગત કરાઈ હતી.

સમગ્ર દિવસ દરમિયાન સિટી એ-ડિવિઝન પોલીસના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે ચાલેલી આ કામગીરીને પગલે દબાણકર્તાઓમાં ફફડાટ વ્યાપી ગયો છે. જામનગર મનપાએ સ્પષ્ટ સંકેત આપ્યો છે કે સરકારી જમીન પરના કોઈપણ પ્રકારના દબાણો સાંખી લેવામાં આવશે નહીં.

# હાલારમાં વાવાઝોડા બાદ વીજ તંત્રએ ‘યુદ્ધના ધોરણે’ કામ પૂર્ણ કર્યુઃ ૪૫૨ ગામોમાં વીજ પુરવઠો પૂર્વવત

## પીજીવીસીએલ દ્વારા રૂ. ૯૫ લાખના ખર્ચે ૭૪૧ વીજ પોલ અને ૩૦ ટ્રાન્સફોર્મર ફરી ઊભા કરાયાઃ બંને જિલ્લામાં વીજ સંકટ દૂર

હાલારના જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ગત ૧૯મી તારીખે ફૂંકાયેલા વિનાશક વાવાઝોડાએ વીજ માળખાને મોટું નુકસાન પહોંચાડ્યું હતું. જોકે, પીજીવીસીએલ ની વિવિધ ટીમોએ રાત-દિવસ એક કરીને સમારકામની કામગીરી પૂર્ણ કરી લીધી છે. હાલારના તમામ અસરગ્રસ્ત ગામોમાં હવે વીજ પુરવઠો સંપૂર્ણપણે કાર્યરત કરી દેવામાં આવ્યો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, વાવાઝોડાને કારણે બંને જિલ્લાના કુલ ૭૨૬ ગામોમાંથી ૪૫૨ ગામો વીજ વિહોણા બન્યા હતા. વીજ તંત્ર દ્વારા યુદ્ધના ધોરણે હાથ ધરાયેલી કામગીરીમાં ગઈકાલ સાંજ સુધીમાં તમામ ૪૫૨ ગામોમાં લાઈટ ચાલુ કરી દેવામાં આવી છે. વાવાઝોડા દરમિયાન કુલ ૧,૧૪૮ ફીડર પૈકી ૭૨૮ ફીડર પ્રભાવિત થયા હતા, જે તમામને રિપેર કરીને ફરી ધમધમતા કરી દેવાયા છે.

નુકસાનીના આંકડા જોઈએ તો, હાઈ ટેન્શન અને લો ટેન્શન લાઈનના કુલ ૭૪૧ વીજ પોલ ધરાશાયી થયા હતા, જે તમામને ફરી ઊભા કરી દેવામાં આવ્યા છે. આ ઉપરાંત ૩૦ જેટલા વીજ ટ્રાન્સફોર્મર પણ ડેમેજ થયા હતા, જેનું સમારકામ કરી લેવાયું છે. આ સમગ્ર કામગીરી પાછળ વીજ તંત્રને અંદાજે રૂ ૯૫,૨૫,૦૦૦ (પંચાણું લાખ પચ્ચીસ હજાર) નો ખર્ચ થયો છે. હવે વીજ પુરવઠાને લગતી એક પણ ફરિયાદ બાકી રહી નથી, જે હાલારવાસીઓ માટે મોટી રાહતના સમાચાર છે.

# મુખ્યમંત્રીના સચિવે મહાપાલિકાના વિકાસ કામોની કરી સમીક્ષા



રાજ્યના મુખ્યમંત્રીના સચિવ ડો. અજય કુમાર આજે જામનગરની મુલાકાતે આવ્યા હતાં. તેઓ જામનગર મહાનગરપાલિકા કચેરીમાં પહોંચ્યા હતાં અને મ્યુનિ. કમિશનર સાથે મુલાકાત કરી હતી. આ પછી મહાનગરપાલિકાના વિવિધ વિભાગના વડા ઓ સાથે બેઠક યોજી હતી, અને વિકાસ કામો અંગે ની માહિતી મેળવી હતી, જેમાં શહેર માં હાથ ધરવામાં આવેલા વિકાસ કામો નો ચિતાર તેમની સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો.આ પછી તેમણે શહેરના તળાવ ની પાળ સહિત ના વિકાસ કામો નિહાળ્યા હતાં. અને કામ ની સમીક્ષા કરી જામનગર થી રવાના થયા હતાં. તેમની આ બેઠક અને મુલાકાત તથા વિકાસ કામો ની સ્થળ વિઝીટ સમયે કમિશનર ડી.એન. મોદી સહિત ના અધિકારી ઓ પણ જોડાયા હતાં.

# વેરો ન ભરનારા વધુ ૩ આસામીઓની મિલકતો સીલ

## એક જ મહિનામાં ૪૦થી વધુ મિલકતો પર મનપાના તાળાઃ લાખોનો બાકી વેરો વસૂલવા તંત્રની કડક કાર્યવાહી

જામનગર મહાનગર પાલિકાની મિલકત વેરા શાખા દ્વારા બાકી લેણાં વસૂલવા માટે આક્રમક ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. ટેક્સ ઓફિસર હસમુખ પાંડોર અને તેમની ટીમ દ્વારા સોમવારે વધુ ત્રણ આસામીઓની મિલકતો સીલ કરવામાં આવી છે. જેમાં બેડેશ્વર વિસ્તારમાં હર્ષિદાબેન બદિયાણી (રૂ. ૨.૩૩ લાખ) તેમજ મયુરનગર વિસ્તારમાં ખોડાભાઈ વકાતર (રૂ. ૨.૫૮ લાખ) અને મેથાભાઈ વકાતર (રૂ. ૫૮ હજાર) ના બાકી વેરા સામે કડક પગલાં લેવાયા છે.મહાનગરપાલિકાએ છેલ્લા એક મહિનામાં કુલ ૪૦થી વધુ મિલકતો સીલ કરતા મોટા બાકીદારોમાં ફફડાટ વ્યાપી ગયો છે. તંત્ર દ્વારા આગામી દિવસોમાં પણ આ ઝુંબેશ અવિરત ચાલુ રાખવાના સંકેત આપવામાં આવ્યા છે.

# પંચવટી, નાગર ચકલો અને ભોઈવાડા સહિતના ૨૫થી વધુ વિસ્તારોમાં અશાંતધારો લાગુ


## રાજ્ય સરકારના મહેસૂલ વિભાગ દ્વારા પાંચ વર્ષ માટે જાહેરનામું પ્રસિદ્ધ

જામનગર શહેરના અનેક જૂના અને સંવેદનશીલ વિસ્તારોમાં રાજ્ય સરકાર દ્વારા ’અશાંતધારો’ લાગુ કરી દેવામાં આવ્યો છે. ગઈકાલે મહેસૂલ વિભાગ દ્વારા આ અંગેનું સત્તાવાર જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે, જે આગામી પાંચ વર્ષ સુધી અમલી રહેશે.

આ જાહેરનામા મુજબ, હવે નિયુક્ત વિસ્તારોમાં મિલકત વેચવા અથવા હસ્તાંતરિત કરવા માટે સક્ષમ અધિકારી (કલેક્ટર) ની પૂર્વ મંજૂરી લેવી અનિવાર્ય બનશે. સ્થાનિક રહીશો દ્વારા લાંબા સમયથી કરવામાં આવેલી રજૂઆતોને ધ્યાને રાખીને સરકાર દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો છે.કયા વિસ્તારોમાં નિયમો લાગુ થયા?મુખ્યત્વે રાજગોર ફળી, ગણેશ ફલુ, દેવબાગ, શત્રુખાના, ડેલી ફળી, વજુ કંદોઈનો ડેલો, બારોટ ફળી, ટાંક ફળી, હવેલી શેરી, સોની ફળી, મોટું ફલુ, ખારા કૂવા શેરી, સોઢાનો ડેલો, ભોઈવાડો, કુંભારવાડો, ખવાસ પાડો, કોલીવાડ, આનંદાબાવાનો ચકલો, નાગર ચકલો, પંચવટી સોસાયટી અને ગૌશાળા સહિતના વિસ્તારોનો સમાવેશ થાય છે.

# ૧૫ બગીચા અને ૨૨ ગ્રીન સર્કલથી શહેર હરિયાળું બન્યું:‘ઓક્સિજન પાર્ક’નવું આકર્ષણ

## બાળકો માટે મનોરંજન અને વડીલો માટે બેઠક વ્યવસ્થા સાથે સુવિધાઓ સજ્જઃ ૪૮ કર્મચારીઓની ટીમ દ્વારા બગીચાઓનું જતન



જામનગર શહેરને હરિયાળું અને પ્રદૂષણમુક્ત રાખવાના ઉદ્દેશ્ય સાથે જામનગર મહાનગરપાલિકા દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં પર્યાવરણલક્ષી અનેક પ્રકલ્પો કાર્યરત કરવામાં આવ્યા છે. હાલમાં શહેરના અલગ-અલગ વિસ્તારોમાં કુલ ૧૫ જેટલા જાહેર બગીચાઓ નગરજનોની સુવિધા માટે ધમધમી રહ્યા છે.મનપા સંચાલિત આ ગાર્ડન્સમાં બાળકો માટે હીંચકા, લપસીયા અને અંગ કસરતના સાધનો મુકવામાં આવ્યા છે, જ્યારે વડીલો માટે શાંતિથી બેસી શકાય તેવી બેઠક વ્યવસ્થા અને પીવાના પાણીની સુવિધા ઊભી કરાઈ છે. શહેરમાં સંગમ બાગ, નેવિલ પાર્ક, જોગર્સ પાર્ક અને આઝાદ બાગ જેવા કુલ ૧૫ બગીચાઓ સવારથી સાંજ સુધી લોકો માટે ખુલ્લા રહે છે.શહેરમાં શુદ્ધ હવા મળી રહે તે માટે લાલવાડી રોડ પર ’વન કવચ’ નામક ઓક્સિજન પાર્ક બનાવવામાં આવ્યો છે, જેમાં ૧૦૦૦થી વધુ વૃક્ષો વાવવામાં આવ્યા છે. આ ઉપરાંત મહાપ્રભુજીની બેઠક પાસે પણ અન્ય એક ઓક્સિજન પાર્ક નિર્મિત છે. આયુર્વેદિક યુનિવર્સિટીના તજજ્ઞોની મદદથી જોગર્સ પાર્કમાં ’ઔષધીય વન’ તૈયાર કરાયું છે, જ્યાં વિવિધ રોગોમાં ઉપયોગી વનસ્પતિઓ ઉછેરવામાં આવી છે.

શહેરના મુખ્ય માર્ગો પર આવેલા ૨૨ જેટલા સર્કલો અને આઈલેન્ડને ગ્રીનરી અને આકર્ષક ફુવારાઓ દ્વારા ડેવલપ કરવામાં આવ્યા છે. જેમાં દિગજામ સર્કલ, સમર્પણ સર્કલ અને સાત રસ્તા જેવા મુખ્ય જંક્શનોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત શહેરના પાંચ ખુલ્લા પ્લોટમાં પણ ફૂલ-છોડ વાવીને તેને ગ્રીન આઈલેન્ડ તરીકે વિકસાવવામાં આવ્યા છે.

મ્યુનિસિપલ કમિશનર ડી.એન. મોદી અને ગાર્ડન વિભાગના અધિકારી હરેશ વાણીયાની રાહબરી હેઠળ ગાર્ડન શાખાના ૪૮ કર્મચારીઓની ટીમ આ તમામ સ્થળોની જાળવણી અને પાણી પાવાની કામગીરી કરી રહી છે. આ સુવિધાઓને કારણે જામનગરના પ્રત્યેક વિસ્તારના લોકોને પોતાના ઘરની નજીક જ પ્રાકૃતિક વાતાવરણ મળી રહ્યું છે.

# કાલાવડ શહેર - ગ્રામ્યના બે પી.આઈ.ની બદલી





**અબતક, રાજુ રામોલીયા, રાજકોટ**

કાલાવડ ટાઉન પોલીસ સ્ટેશન ના પી.આઈ. એ.એ ખોખર ને એસીબી માં પ્રમોશન અને કાલાવડ ગ્રામ્ય પોલીસ સ્ટેશન ના પીઆઈ પી.જી પનારા ને Cyber center of excellence માં બદલી કરવામાં આવી છે.આ બને નિષ્ઠાવાન અધિકારીઓ કામગીરી કાબેલી દાદ રહી છે. આમ કાલાવડ શહેર અને ગ્રામ્યની પ્રજાજનો તેઓને કાયમ યાદ રાખશે.

# દરબારગઢ વિસ્તારમાં જિલ્લા પોલીસ વડાનું અભિવાદન

## રામસવારીમાં એસ.પી. ડો. રવિ મોહન સૈનીએ રૂબરૂ નિરીક્ષણ કર્યુંઃ ઉચ્ચ અધિકારીઓનો કાફલો શોભાયાત્રાના રૂટ પર ખડેપગે રહ્યો



જામનગર શહેરમાં ગઈકાલે પરંપરાગત રીતે ૪૫મી રામસવારી અત્યંત ભક્તિમય માહોલમાં સંપન્ન થઈ હતી. આ ધાર્મિક પ્રસંગે શહેરમાં શાંતિ અને સલામતી જળવાઈ રહે તે માટે પોલીસ તંત્ર દ્વારા સજ્જડ સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. શોભાયાત્રાના પ્રારંભથી લઈને પૂર્ણાવહુતિ સુધી પોલીસ અને હોમગાર્ડના જવાનો માર્ગો પર તૈનાત રહ્યા હતા.

જ્યારે રામસવારી શહેરના ઐતિહાસિક દરબારગઢ વિસ્તારમાં પહોંચી, ત્યારે જિલ્લા પોલીસ વડા ડો. રવિ મોહન સૈનીએ જાતે ઉપસ્થિત રહીને સુરક્ષા બંદોબસ્તનું ઝીણવટભર્યું નિરીક્ષણ કર્યું હતું. આ તબક્કે મહાદેવ હર મિત્ર મંડળના પ્રમુખ રાજુભાઈ વ્યાસ દ્વારા જિલ્લા પોલીસ વડાનું પુષ્પગુચ્છ આપી ભાવભર્યુ અભિવાદન કરવામાં આવ્યું હતું.આ નિરીક્ષણ દરમિયાન જિલ્લા પોલીસ વડાની સાથે જામનગર શહેર વિભાગના ડીવાયએસપી જે. એન. ઝાલા, સીટી એ. ડિવિઝનના પી.આઈ. એન. એ. ચાવડા, એલસીબીના પી.આઈ. વી.એમ. લગારિયા સહિતના ઉચ્ચ પોલીસ અધિકારીઓ જોડાયા હતા. સમગ્ર શોભાયાત્રા દરમિયાન પોલીસના ચુસ્ત બંદોબસ્તને કારણે શ્રદ્ધાળુઓમાં પણ સુરક્ષાનો ભાવ જોવા મળ્યો હતો.

સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં

# ઉમેદવારોની પસંદગી માટે ભાજપ ટૂંક સમયમાં ગાઈડ લાઈન જાહેર કરશે

## ૬૦ વર્ષથી વધુ વયના આગેવાનો, ત્રણ ટર્મ ચૂંટાયેલા નેતા કે સંગઠનના હોદેદારોને ટિકિટ નહીં અપાયઃ અન્ય કેટલાક નિયમો પણ આવશે

**અબતક, રાજકોટ**

રાજય ચૂંટણી પંચ દ્વારા આવતા સપ્તાહે મહાનગરપાલિકા, જિલ્લા પંચાયત, નગરપાલિકા અને તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી માટે તારીખોનું એલાન કરી દેવામાં આવશે. સતાધારી પાર્ટી ભાજપ દ્વારા સ્થાનિક સ્વરાજયની ચૂંટણી માટે ઉમેદવારોની પસંદગી કરવા માટે ટુંક સમયમાં ચારથી પાંચ આકરા નિયમો સાથેની ગાઈડલાઈન જાહેર કરવામાં આવશે. દરમિયાન ચૂંટણી લડવા ઈચ્છુક કાર્યકરોને સાંભળવા માટે આગામી દિવસોમાં દરેક જિલ્લા અને મહાનગરો માટે નિરિક્ષકોના નામ પણ જાહેર કરવામાં આવી શકે છે.

સામાન્ય રીતે ભાજપ દ્વારા ઉમેદવારોની પસંદગી માટે કોઈ નિયમો બનાવવામાં આવતા નથી પરંતુ તત્કાલીન પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર. પાટીલે વર્ષ ૨૦૨૧ની ચૂંટણીમાં ઉમેદવારોની પસંદગી માટે કેટલાક નિયમો અમલમાં મૂલ્યા હતા આ વખતે પણ ટિકિટ ફાળવણી માટે ચારથી પાંચ નિયમોની માર્ગદર્શિકા અમલમાં મૂકવામાં આવશે. પાર્લમેન્ટરી બોર્ડ દ્વારા આગામી દિવસોમાં ગાઈડલાઈન જાહેર કરવામાં આવી શકે છે.

સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં ૬૦ વર્ષથી વધુ વયના આગેવાનોને ભાજપ દ્વારા ટિકિટની ફાળવણી કરવામાં આવશે નહીં આ

(અનુ. આઠમા પાને)




## મીડિયા ઈન્ચાર્જ સહ ઈન્ચાર્જ સાથે જગદીશ વિશ્વકર્માની બેઠક

ભાજપા પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્માની અધ્યક્ષતામાં અને પ્રદેશના મુખ્ય પ્રવકતા ડો. અનિલભાઈ પટેલની ઉપસ્થિતિમાં ભાજપા પ્રદેશ કાર્યાલય ખાતે જિલ્લા તથા મહાનગરના મીડિયા ઈન્ચાર્જ અને સહ ઈન્ચાર્જ ઓ ની 'મીડિયા કાર્યશાળા' યોજાઈ હતી.

આ કાર્યશાળામાં ભાજપા પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્માએ પ્રિન્ટ મીડિયા, ઈલેક્ટ્રોનિક મીડિયા, ડિજિટલ મીડિયા સહિત વિવિધ માધ્યમો થકી ભાજપાની સંગઠનાત્મક અને સેવાકીય કામગીરી, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકારની તેમજ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વડપણ હેઠળની રાજય સરકારની જનકલ્યાણની કામગીરીની માહિતી અસરકારકતા સાથે જનતા સુધી પહોંચાડવા અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું.

તેઓએ આગામી સ્થાનિક સ્વરાજયની ચૂંટણીના અનુસંધાને વિપક્ષના ભ્રામક અપપ્રચાર સામે સંપર્ક, સંવાદ અને સંકલન દ્વારા લોકશાહીના

(અનુ. આઠમા પાને)

# બાજરી, જુવાર અને મકાઈની ૧ મેથી ૧૫ જુલાઈ સુધી ટેકાના ભાવે ખરીદી

## ૧ થી ૩૦ એપ્રિલ દરમિયાન ટેકાના ભાવે વેચાણ માટે ખેડુતો નોંધણી કરાવી શકશે

**અબતક, રાજકોટ**

ભારત સરકાર દ્વારા રવિ માર્કેટીંગ સીઝન ૨૦૨૬-૨૭ માટે બાજરી રૂ. ૨,૭૭૫ પ્રતિ ક્વી., જુવાર-માલદંડી માટે રૂ. ૩,૭૪૯ પ્રતિ ક્વી., જુવાર-હાઈબ્રીડ માટે રૂ. ૩,૬૯૯ પ્રતિ ક્વી. તથા મકાઈ માટે રૂ. ૨,૪૦૦ પ્રતિ ક્વી. લઘુત્તમ ટેકાનો દર નિયત કરવામાં આવ્યો છે. ખેડૂતોને મહત્તમ ટેકાના ભાવનો લાભ મળી રહે તે માટે બાજરી તેમજ જુવારની ખરીદી ઉપર ટેકાના ભાવ ઉપરાંત રૂ. ૩૦૦ પ્રતિ ક્વી. બોનસની ચુકવણી કરવામાં આવશે. જે અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોને તેઓના ઉત્પાદનના પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે રવિ માર્કેટીંગ સીઝન ૨૦૨૬-૨૭ અંતર્ગત લઘુત્તમ ટેકાના ભાવે બાજરી, જુવાર તથા મકાઈની ખરીદી ગુજરાત રાજ્ય નાગરીક પુરવઠા નિગમ લી. મારફતે કરવામાં આવશે.

લઘુત્તમ ટેકાના ભાવે બાજરી, જુવાર તથા મકાઈના વેચાણ કરવા ઈચ્છા ધરાવતા ખેડૂતોની ઓનલાઈન નોંધણી સમગ્ર રાજ્યમાં સ્થાનિકે ગ્રામ્ય કક્ષાએ જીઆઈ મારફતે તા. ૦૧ થી ૩૦ એપ્રિલ,સુધી કરવામાં આવશે તેમજ બાજરી, જુવાર તથા મકાઈની ખરીદી તા. ૦૧ મે થી

(અનુ. આઠમા પાને)

# ધોરાજી નજીક પુરપાટ ઝડપે જતી ખાનગી બસ ગોથું મારી ગઈઃ ચાર મુસાફરો ગંભીર

પાટણ ખાતે અસ્થી વિસર્જન કરી પરત ફરી રહેલા પરિવારના ૧૮ સભ્યને નડ્યો અકસ્માત

## લક્ઝરી બસ બે બાઈકને ઠોકરે લઈ પલટી જઈ ઝાડ સાથે અથડાય, ૩ મુસાફરોને ક્રેનની મદદથી બહાર કાઢ્યા



**અબતક, રમણીક ટોપીયા, ધોરાજી**

રાજકોટ-પોરબંદર ધોરી માર્ગ પર આવેલા ધોરાજી નજીક પનઘટ હોટલ પાસે હૃદયદ્રાવક અકસ્માત સર્જાયો છે, જેમાં અસ્થિ વિસર્જન કરી પરત ફરી રહેલા પરિવારની પુરપાટ ઝડપે જતી ખાનગી બસ પલટી મારી જતાં હાઈવે પર ચીસાચીસ અને અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.પ્રાપ્ત વિગતો અનુસાર, મૂળ પાટણ પંથકના વતની અને હાલ ધોરાજી શહેરના ભૂમિ પ્લાસ્ટિક કારખાના નજીક રહેતા રાજુભાઈ બચુભાઈ રાઠોડ ના પિતા બચુભાઈ ભુદરભાઈ રાઠોડ નું અવસાન થયું હોવાથી તેમના અસ્થિ વિસર્જન માટે પરિવાર અને સગા સંબંધીઓ સાથે ખાનગી ટ્રાવેલ્સની આ બસમાં અંદાજે ૧૮ જેટલા મુસાફરો સાથે વતન ખાતેથી પરત આવી રહ્યા હતા ત્યારે ધોરાજી નજીક પનઘટ હોટલ પાસે ૩ ૪૦૮૭ નંબરની ગુરુકૃપા ટ્રાવેલ્સની બસના ચાલકે સ્ટિયરિંગ પરથી કાબુ ગુમાવતા બે બાઈક ને ઠોકરે લઈ બસ ગટરમાં પલટી ખાઈ ઝાડ સાથે અથડાઈ હતી.. અકસ્માત એટલો ભીષણ હતો કે બસ પલટી ખાતા જ ત્રણ મુસાફરો બસ દબાઈ ગયા હતા. અકસ્માત બાદ ઘટનાસ્થળે લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. સ્થાનિક લોકો અને તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. ક્રેન અને અન્ય

(અનુ. આઠમા પાને)

# ૩૪ જિલ્લાના પ્રભારી સચિવ નિમાયાઃ રાજકોટમાં ફરી રાહુલ ગુપ્તા







## એમ.થેન્નારસનને અમદાવાદના સંદીપકુમારને અમરેલીના, બી.એ. શાહને બોટાદના, આલોકકુમાર પાંડેને ભાવનગરના, ધવલ પટેલને દેવભૂમિ દ્વારકાના જેનું દેવનને ગીર સોમનાથના, આરતી કંવરને જામનગરના, દિલીપ રાણાને જૂનાગઢના, રાજકુમાર બેનીવાલને કચ્છના, રાજેન્દ્રકુમારને મોરબીના, હિતેશ કોયાને પોરબંદરના જયારે રાકેશ શંકરને સુરેન્દ્રનગરના પ્રભારી સચિવ બનાવાયા

**અબતક, રાજકોટ**

રાજય સરકારના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા રાજયના ૩૪ જિલ્લાના પ્રભારી સચિવોના નામ જાહેર કરવામાં આવ્યા છે. રાહુલ ગુપ્તાને ફરી એકવાર રાજકોટ જિલ્લાના પ્રભારી સચિવ તરીકે નિયુકત કરવામાં આવ્યા છે. સ્થાનિક સ્વરાજયની ચૂંટણી પૂર્વે પ્રભારી સચિવોની નિયુક્તી ખૂબજ મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે.

રાજય સરકારના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા અમદાવાદ જિલ્લાના પ્રભારી સચિવ તરીકે એમ.થેન્નારસનની, અમરેલી જિલ્લાના પ્રભારી સચિવ તરીકે સંદીપકુમારની, અરવલ્લી જિલ્લાના પ્રભારી સચિવ તરીકે રૂપવંતસિંહ, આણંદ જિલ્લાના પ્રભારી સચિવ તરીકે સુ.શ્રી અવંતિકા સિંઘ ઔલખ, બનાસકાંઠા જિલ્લાના પ્રભારી સચિવ તરીકે સુશ્રી પ્રવિણ ડી.કે. બોટાદ જિલ્લાના પ્રભારી સચિવ તરીકે સંધ્યા ભૂલ્લરની ભાવનરના પ્રભારી સચિવ તરીકે આલોકકુમાર પાંડે, દાહોદ જિલ્લાના પ્રભારી સચિવ તરીકે વિજયકુમાર ખરાડી અને દેવભૂમિ દ્વારકા જિલ્લાના પ્રભારી સચિવ તરીકે ધવલભાઈ પટેલની નિયુક્તી કરાય છે.

જયારે ડાંગજિલ્લાના પ્રભારી સચિવ તરીકે મહેશભાઈ પટેલની, ગાંધીનગર જિલ્લાના પ્રભારી સચિવ તરીકે ડો.વિનોદ રાવ, ગીર સોમનાથ જિલ્લાના પ્રભારી સચિવ તરીકે જેનું દેવન, જામનગર જિલ્લાના પ્રભારી સચિવ તરીકે આરતી કંવર, જૂનાગઢ જિલ્લાના પ્રભારી સચિવ તરીકે દિલીપ રાણાની, કચ્છના પ્રભારી સચિવ તરીકે રાજકુમાર બેનીવાલની, ખેડાના પ્રભારી સચિવ તરીકે ડો.કુલદીપ આર્યની, મહેસાણાના રંજીપ કુમાર જે.ની મોરબી જિલ્લાના પ્રભારી સચિવ તરીકે રાજેન્દ્રકુમાર, મહિસાગરના પ્રભારી સચિવ તરીકે કે.એલ. બચાનીની નર્મદા જિલ્લાના પ્રભારી સચિવ તરીકે ડો. રંજીતકુમાર સિંહની, નવસારી જિલ્લાના પ્રભારી સચિવ તરીકે સુશ્રી આર્દ્રા અગ્રવાલની પંચમહાલ જિલ્લાના પ્રભારી સચિવ તરીકે રાજેશ માંજ્યુની પાટણ જિલ્લાના પ્રભારી સચિવ તરીકે લોચન સેહરાની, પોરબંદર જિલ્લાના પ્રભારી સચિવ તરીકે, હિતેશ કોયાની, રાજકોટ જિલ્લાના પ્રભારી સચિવ તરીકે રાહુલ ગુપ્તાની સાંબરકાંઠા જિલ્લાના પ્રભારી સચિવ તરીકે ડો.રતનકંવર ગઢવી ચારણની સુરત જિલ્લાના પ્રભારી સચિવ તરીકે, સુશ્રી શાલીની અગ્રવાલની જયારે

(અનુ. આઠમા પાને)

# રાજકોટમાં ૧૦ હજાર સહિત રાજયના ૧ લાખ વિદ્યાર્થીઓની કાલે ગુજકેટની પરીક્ષા

## વિદ્યાર્થીઓને કોઈ તકલીફ ન પડે તે માટે દરેક કેન્દ્ર પર પીવાના ઠંડા પાણીની વ્યવસ્થા અને આરોગ્ય વિભાગની ટીમ તૈનાત રાખવાની સૂચના

**અબતક, રાજકોટ**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાતી પ્રતિષ્ઠિત ગુજકેટ-૨૦૨૬ની પરીક્ષા આવતીકાલે યોજાશે. એન્જિનિયરિંગ, ફાર્મસી અને મેડિકલમાં પ્રવેશ લેવા ઈચ્છતા રાજયના ૧ લાખથી વધુ વિદ્યાર્થીઓનું ભાવિ આવતીકાલે ઓએમઆર શીટમાં કેદ થશે. ખાસ કરીને રાજકોટમાં ૪૬ જેટલા પરીક્ષા કેન્દ્ર પર ૯૩૦૬ પરીક્ષાર્થીઓ નોંધાયા છે જેના માટે તંત્રએ ચુસ્ત પોલીસ બંદોબસ્ત અને સીસીટીવીની બાજ નજર હેઠળ એક્શન પ્લાન તૈયાર કર્યો છે.

માર્ચના અંતમાં ગરમીનો પારો આસમાને પહોંચી રહ્યો છે ત્યારે વિદ્યાર્થીઓને કોઈ તકલીફ ન પડે તે માટે દરેક કેન્દ્ર પર પીવાના ઠંડા પાણીની વ્યવસ્થા અને આરોગ્ય વિભાગની ટીમ તૈનાત રાખવાની સૂચના આપવામાં આવી છે. જો કોઈ વિદ્યાર્થીને ડીહાઈડ્રેશન કે ગભરામણ જેવી સમસ્યા થાય તો ત્વરિત સારવાર મળી રહે તેવું આયોજન કરાયું છે. પરીક્ષાની ગરિમા જળવાઈ રહે તે માટે બોર્ડ દ્વારા આ વખતે વિશેષ તકેદારી રાખવામાં આવી છે. પરીક્ષા કામગીરીના અનુભવી હોય તેવા વર્ગ-૨ના અધિકારીઓની ઝોનલ ઓફિસર તરીકે નિમણૂક કરવામાં આવી છે. આ અધિકારીઓ પ્રશ્નપત્રો અને ઓએમઆર શીટના ગોપનીય પરિવહનથી લઈ પરીક્ષા પૂર્ણ થયા બાદ સાહિત્ય પરત મેળવવા સુધીની પ્રક્રિયા પર સીધી દેખરેખ રાખશે.

પરીક્ષા દરમિયાન કોઈ ગેરરીતિ ન થાય અને શાંતિપૂર્ણ માહોલમાં પરીક્ષા પૂર્ણ થાય તે માટે ગુજરાત બોર્ડ દ્વારા ખાસ એક્શન પ્લાન પણ તૈયાર કરવામાં આવેલો છે. પરીક્ષામાં ગેરરીતિ થતી અટકાવવા સીસીટીવી કેમેરા હેઠળ પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. જેને ધ્યાનમાં રાખીને અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણ અધિકારી દ્વારા પણ તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. ગરમીનું પ્રમાણ વધુ હોવાથી પીવાના પાણીની પૂરતી વ્યવસ્થા અને આરોગ્ય ટીમ પણ તમામ પરીક્ષા કેન્દ્ર પર રાખવાની અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણ અધિકારીએ સૂચના આપી છે.

# જૈન વારસો અને સંસ્કૃતિના અદ્ભુત સંગમ સાથે ગાંધીનગરના કોબામાં સમ્રાટ સંપ્રતિ મહારાજને સમર્પિત મ્યુઝિયમ ખુલશે

## વેદ, પુરાણ અને આયુર્વેદના પ્રાચીન ગ્રંથો અને ૮મી સદીથી લઈને ૨૦મી સદી સુધીના દુર્લભ સિક્કાઓનો સંગ્રહ અને ૩ લાખથી વધુ હસ્તપ્રતો અને ૪ લાખથી વધુ પુસ્તકો સંગ્રહિત

**અબતક, રાજકોટ**

આગામી ૩૧ માર્ચે મહાવીર જયંતીના શુભ અવસરે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગાંધીનગરના કોબા ખાતે 'સમ્રાટ સંપ્રતિ મ્યુઝિયમ'નું ઉદઘાટન કરશે. મહાવીર જૈન આરાધના કેન્દ્ર ખાતે બનેલા આ મ્યુઝિયમના લોકાર્પણ સમયે રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ ઉપસ્થિત રહેશે.

આ મ્યુઝિયમ સમ્રાટ અશોકના પૌત્ર અને જૈન ધર્મના પ્રચારક સમ્રાટ સંપ્રતિ મહારાજને સમર્પિત છે. તેમણે ભારતભરમાં હજારો જૈન મંદિરો બંધાવ્યા હતા અને અહિંસાના સંદેશનો પ્રસાર કર્યો હતો. આચાર્ય પદ્મસાગરસૂરીજીએ છેલ્લા ૬૦ વર્ષમાં ભારત અને નેપાળમાં ૨ લાખ કિમી પદયાત્રા કરીને જે અમૂલ્ય પ્રાચીન વસ્તુઓ ભેગી કરી છે, તેને અહીં સાચવવામાં આવી છે.

અહીં સાત અલગ-અલગ વિભાગોમાં જૈન દર્શન, તીર્થંકરોની ગાથા, પ્રાચીન હસ્તપ્રતો, મૂર્તિઓ, મુઘલ કાળના ફરમાનો, ચાંદીના રથ અને પ્રાચીન સિક્કાઓ પ્રદર્શિત કરવામાં આવ્યા છે. મ્યુઝિયમની જગ્યામાં ૨૦૦થી વધુ લીમડાના વૃક્ષો હતા. ડિઝાઈન એવી રીતે કરવામાં આવી છે કે એક પણ વૃક્ષ કાપ્યા વગર તેની આસપાસ નાના આંગણા બનાવીને મ્યુઝિયમ તૈયાર કરાયું છે. આ મ્યુઝિયમની ડિઝાઈન રાજસ્થાનના પ્રખ્યાત 'રાણકપુર જૈન મંદિર' અને 'મંડલા' આકૃતિ પર આધારિત છે. વેદ, પુરાણ અને આયુર્વેદના પણ પ્રાચીન ગ્રંથો અને ૮મી સદીથી લઈને ૨૦મી સદી સુધીના દુર્લભ સિક્કાઓનો સંગ્રહ છે.અહીં ૩ લાખથી વધુ હસ્તપ્રતો અને ૪ લાખથી વધુ પુસ્તકો સંગ્રહિત છે. જૂના વારસાની સાથે અહીં ઓડિયો-વિઝ્યુઅલ ટેકનોલોજી અને આધ્યાત્મિક સંગીતનો ઉપયોગ કરાયો છે, જેથી મુલાકાતીઓને નવો અનુભવ મળે.

# ખેડૂતો માત્ર રૂ.300ની ટોકન સ્ટેમ્પ ડ્યુટીમાં વારસાઈ નોંધ કરાવી શકશે

## વારસાઈ સંબંધિત જમીન વ્યવહારોમાં સ્ટેમ્પ ડ્યુટીમાં રાહત આપતો મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો ખેડૂતો અને પ્રજાહિતકારી નિર્ણયઃ પરિવારના સભ્યો વચ્ચે મિલકતો વહેંચણીની સરળતા થતાં વિવાદ અને કોર્ટ કેસમાં ઘટાડો થશે

**અબતક, રાજકોટ**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં સીધી લીટીના અને આડી લીટીના વારસદારો વચ્ચે થતા જમીન સંબંધિત આંતરિક વ્યવહારો માટે જંત્રી આધારિત સ્ટેમ્પ ડ્યુટીની જોગવાઈઓમાં રાહત આપવાનો પ્રજાલક્ષી નિર્ણય કર્યો છે.

મુખ્યમંત્રી સમક્ષ સમાજના વિવિધ અગ્રણીઓ, કિસાન સંઘ તથા ખેડૂત સંગઠનો દ્વારા કરવામાં આવેલી રજૂઆતનો તેમણે સકારાત્મક પ્રતિસાદ આપીને આ ખેડૂત તથા પ્રજા હિતકારી નિર્ણય કર્યો છે.

ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ ૧૯૫૮ની કલમ ૯ હેઠળ રાજ્ય સરકારને સ્ટેમ્પ ડ્યુટી ઘટાડવા અથવા માફ કરવા મળેલી સત્તા અન્વયે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ખેતીની જમીન અંગેના કેટલાક કિસ્સાઓમાં જંત્રી આધારિત સ્ટેમ્પ ડ્યુટીની જોગવાઈઓમાંથી રાહત આપીને રૂપિયા ૩૦૦ ટોકન સ્ટેમ્પ ડ્યુટી લાગુ કરવાનો નિર્ણય કર્યો છે.

આ મહત્વપૂર્ણ નિર્ણય અનુસાર વારસાઈની નોંધ/નોંધો હેઠળના સંયુકત કબજેદારો પૈકીના કોઈ એક અથવા વધુ વારસો (મરણ જનાર મુળ ખાતેદારના સીધી લીટીના કેસમાં એક પણ વારસ હયાત ન હોય તો આડી લીટીના વારસો) દ્વારા અન્ય એક કે વધુ વારસદારોની તરફેણમાં એક અથવા વધુ તબક્કાઓમાં હકક ઉઠાવવાના કિસ્સામાં પ્રત્યેક હક્ક ઉઠાવવા/કમીના લેખ પર રૂ.૩૦૦/- સ્ટેમ્પ ડ્યુટી લેવાશે.

જો સીધીલીટીના વારસો હયાત હોય તો તે પૈકીના એક યા વધુના નામ એક અથવા વધુ તબક્કાઓમાં દાખલ કરવાના કિસ્સામાં, સીધીલીટીના એક પણ વારસ હયાત ન હોય તો આડીલીટીના હયાત પૈકીના એક યા વધુ વારસોના નામ દાખલ કરવાના કિસ્સામાં પ્રત્યેક હયાતીમાં હકક દાખલના લેખ પર રૂ.૩૦૦/- સ્ટેમ્પ ડ્યુટી વસૂલ કરવામાં આવશે.

સમયના ક્રમાનુસાર એક યા વધુ તબક્કે વારસાઈ નોંધ/નોંધો અન્વયે દાખલ થયેલ સંયુકત ખાતેદારો દ્વારા એક અથવા વધુ તબક્કે વહેંચણી કરવામાં આવે (આવી વારસાઈથી સીધીલીટી અથવા તેની હયાતી ન હોય ત્યારે આડીલીટીના વારસો દાખલ થયેલ

(અનુ. આઠમા પાને)

## ગણોતીયાઓને ખરીદ કિંમત ભરપાઈ કરવાની મુદત ડિસેમ્બર સુધી વધારાઇ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાત ગણોત વહિવટ અને ખેતીની જમીન અધિનિયમની કલમ-૩૨ અંતર્ગત ગણોતીયાઓને ખરીદ કિંમત ભરપાઈ કરવાની મુદત એક વર્ષ વધારવાનો સંવેદના સ્પર્શી નિર્ણય કર્યો છે.ગુજરાત ગણોત વહિવટ અને ખેતીની જમીન અધિનિયમ ૧૯૪૮ મુજબ કલમ ૩૨ જી અંતર્ગત ખેડૂતો/ગણોતીયાઓ માટે મામલતદાર અને કૃષિ પંચ દ્વારા ખરીદ કિંમત નક્કી કરવામાં આવે છે અને આ કિંમત કાયદા મુજબની સમય મર્યાદામાં ભરપાઈ કરવાની હોય છે. ગણોતીયાઓ દ્વારા અજ્ઞાનતાના કારણે ખરીદ કિંમત ભરપાઈ ન કરી હોવાના કિસ્સાઓ ધ્યાનમાં આવ્યા છે. આવી ખરીદ કિંમત ન ભરવાના કિસ્સામાં તેમને કાયદેસરના માલિક ગણી શકાતા નથી. આના પરિણામે ખેડૂતો દ્વારા ખેતીની જમીન વેચાણ, બિન ખેતીના પ્રસંગોએ જે મુશ્કેલીઓ પડે છે તે નિવારવા રાજ્ય સરકારે ખેડૂતોના હિતમાં વખતો વખત આવી ખરીદ કિંમત ભરપાઈ કરવાની છુટ આપીને સમય મર્યાદા લંબાવવાના નિર્ણયો કરેલા છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ ખેડૂતોએ કરેલી રજૂઆતો અને ૩૧ ડિસેમ્બર-૨૦૨૫ના અંતે કેસોની બાકી રહેલી સંખ્યા ધ્યાનમાં લઈને તેમણે ખેડૂતોની તરફેણમાં વધુ નરમ વલણ દર્શાવીને ગણોતીયાઓને ખરીદ કિંમત ભરપાઈ કરવાની આ મુદત તા. ૩૧ ડિસેમ્બર-૨૦૨૬ સુધી લંબાવવાનો નિર્ણય કર્યો છે. આ ખેડૂતહિતલક્ષી નિર્ણયના પરિણામે ખેડૂતો/ગણોતીયાઓ ખરીદ કિંમત ભરપાઈ કરીને કાયદેસર માલિક બની શકશે.